વર્ષ પાંત્રીસમું • અંક ચોથો • એપ્રિલ ૧૯૫૮

કુમાર ૪૧૨


સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી: બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો માટે જ્ઞાન ચારિત્ર્ય અને સંસ્કાર ઘડતરનું માસિક



'ભિખારીઓ' • શિલ્પી વિઠ્ઠલ બડગેલવાર • આ બંને શિલ્પો તથા તેના કલાકારનો પરિચય આ અંકની 'કલાવાર્તા'માં વાંચો



'લોકગાયક' - શિલ્પી વિઠ્ઠલ બડગેલવાર



ગુપ્ત પ્રયાગ (ઉના દેલવાડા) તળાવ અને મંદિર — કલાકાર : મગનલાલ ત્રિવેદી

સ્થાન પર કરેલાં આંખેદેખ્યાં ત્વરિત આલેખનોમાં તે સ્થાનની વિગતોની સચ્ચાઈ સાથે વાતાવરણની સજીવતા ઉતારવાની શક્તિ દાખવતાં, સૌરાષ્ટ્રી કલાકાર શ્રી મગનલાલ ત્રિવેદીનાં જલરંગી ચિત્રોથી 'કુમાર'ના વાચકો પરિચિત છે.

કુમાર

એપ્રિલ ૧૯૫૮

અંક ૪૧૨

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે

૪૧૧મા અંકમાં 'વધારે ઉમરવાળા માણસો માટેનાં યોગાસનો'નો લેખ ગમ્યો: ખાસ કરીને 'એદૃષ્ટિ' માટે. હું બહાદુરખાનજી હાઈસ્કૂલમાં (જૂનાગઢમાં) ભણતો હતો ત્યારે એક અમેરિકન પ્રોફેસરે આવી કસરતો પૂરી પાડવા માટે સૅન્ડોની બધી કસરતો(ડંબેલ્સ વગર)ની ભલામણ કરેલી યાદ છે. પછી ઘણાં વર્ષો બાદ '૭૦ વર્ષની ઉમરે ૫૦ વર્ષ દેખાતા' કરવાની અમેરિકન ઘણી કસરતોનું વાંચ્યું. તેમાં બિનિડિટની કસરતોનું પુસ્તક હાથમાં આવ્યું. સવારમાં ઊઠ્યા પહેલાં સૂતે સૂતે જ પથારીમાં કરવાની ઘણી કસરતો એમાં જોઇ. આખા શરીરના સ્નાયુઓ માટેની તેમાંની ઘણી યાદ રાખી મેં તેઓને કામમાં લીધી. વર્ષો થઇ ગયાં. મને બહુ ફાયદો માલૂમ પડચો. કોઈ આ સર્વ ગુજરાતીમાં સરળ રીતે ઉતારે તો ઘણો ફાયદો મોટી ઉમરે પણ થાય. માત્ર ચાર-છ કસરતો રોજ કરતે કરતે મન કંટાળી જાય. મને માલૂમ પડયું કે કસરતો સંખ્યામાં એટલી જોઇએ કે આવો કંટાળો આવે નહિ, ને કંટાળાની શરૂઆત લાગે ત્યારે જ તે છોડી બીજી કરવી. થોડા જ દિવસમાં એ કંટાળો જતો રહેશે.

(ખાર) —કાન્તિલાલ છગનલાલ પંડચા

જાન્યુઆરી અંકમાં 'ફિલિપ્પાઇન્સ ટાપુઓ'ની ભાષા 'તગલોગ' મૂળે સંસ્કૃતમાંથી ઊતરી આવી હોવાનું કહ્યું છે તે સાચું નથી. પ્રાચીન સમયમાં ભારતીય સંસ્કૃતિની ઊંડી અસરને પરિણામે તગલોગમાં સંસ્કૃત મૂળના શબ્દો મળે છે એ ખરું, પણ ભાષા લેખે તે 'મલાય-પોલિનેશિયાઈ પરિવારની' છે. એ ભાષાપરિવારની પશ્ચિમી શાખામાં ઇન્ડોનેશિયાઈ, મલાય, જાવાઈ, તગલોગ વગેરે ભાષાઓનો સમાવેશ થાય છે. ઉચ્ચારણ, વ્યાકરણ વગેરે, તેમજ શબ્દકોશનો લાક્ષણિક અંશ સંસ્કૃતમાંથી ઊતરેલો નહિ પણ સ્વતંત્ર છે.

(વિલેપારલે) —હરિવલ્લભ ભાયાણી

પાછલા અંકોમાં શ્રી રવિશંકર રાવળે કલાગુરુ કઝિન્સના જીવનની સંક્ષિપ્ત લેખમાળા લખી છે, જેના મૂળ અંગ્રેજી પુસ્તકનું નામ 'We Two Together' છે. આ નામ સકારણ અપાયું છે કારણ આ ગ્રન્થ પતિપત્નીએ અલગ અલગ લખેલાં પ્રકરણોનો ક્રમબદ્ધ સળંગ ઇતિહાસ છે. વળી આ નામ આપવા પાછળ પતિપત્નીએ સમગ્ર જીવન એક જ રાગે એક જ તાલે ગાળ્યું છે, એ ભાવના પ્રદર્શિત કરવાનો હેતુ છે. આ નામ શ્રી કઝિન્સે પ્રખ્યાત અમેરિકન તત્ત્વજ્ઞાની અને કવિ વૉલ્ટ વ્હિટમનના 'We Two Together' નામક કાવ્યમાંથી લીધું છે. એ સમગ્ર કાવ્ય અત્યંત મનોહર છે. કુમારમાં જો એ પ્રસિદ્ધ ન થયું હોય તો આપ એ ન છાપો? મારા જેવા અન્યને એ આનંદ આપશે, એવું હું માનું છું.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

૪૧૧મા અંકમાં માતૃકાઓની મૂર્તિઓ છે તેમાં નીચેથી છેલ્લી મૂર્તિનું નામ નથી અપાયું. મારી જાણ પ્રમાણે તે મહાલક્ષ્મી માતૃકા છે અને તેનું વર્ણન નીચે પ્રમાણે છે:

महालक्ष्मीस्तु पीताभा पद्म दर्पण मेव च।
मातुलिङ्गफलं चैव दधाना परमेश्वरी॥

આ ધ્યાન વામકેશ્વર તંત્રના એક ખંડ 'યોગિનીહૃદય દીપિકા'ના ૨૩૮ પાને શ્લોક ૧૨૭માં છે. મૂર્તિ નં. ૮ના ડાબા હાથનું ખંડિત આયુધ તે દર્પણ છે અને શ્રીફળ જેવું જે ફળ છે તે માતુલિંગ છે. માતુલિંગ એટલે ગોદડીઉં લીંબુ. તેમાં માતૃકાનો ક્રમ બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી વૈષ્ણવી, વારાહી, માહેન્દ્રી, ચામુંડા ને મહાલક્ષ્મી છે. બ્રાહ્મીના ઉપલા હાથનું આયુધ વજ્ર નહિ પણ કુંડિકા છે. કુંડિકા એટલે હોમવાનું સાધન શ્રુચિ. માહેશ્વરીનાં આયુધ શૂલ, કપાલ, એણું (નાગફણી), પરશુ; અને મહાલક્ષ્મીનાં આયુધ પદ્મ, દર્પણ, માતુલુંગ ફલં, (બીજોરું). માતૃકાપૂજાનો કોઈ યુગ ન હતો પણ તે દરેક દેવપૂજાનું અંગ હોઇ દરેક તંત્રશાસ્ત્રમાં તેનો ઉલ્લેખ છે.

(૨) શ્રી હરિવલ્લભ ભાયાણીએ લખેલ 'શીદ'ની શબ્દ-કથા વાંચી. પણ તેનો ખુલાસો મારે બાળકોને નીચે મુજબ આપવો પડ્યો હતો.

ક્યાં જવું એમ ન કહેવાય તેનું કારણ 'ક' કાર શબ્દ શુકનમાં સારો નથી. કારણ કે અર્થનો અનર્થ કરવામાં 'ક'કારનો ઉપયોગ થાય છે. જાત-કજાત, મતિ કુમતિ વગેરે. એટલે આરંભમાં 'ક'કારનો ઉચ્ચાર કાર્યહાનિ બતાવે છે. 'શીદ' એટલે શી દશામાં (દિશમાં). તેમાં કોઈ સિદ્ધ શબ્દનો ઉપયોગ જ નથી.*

(રાજકોટ) —દયાશંકર મગનલાલ વ્યાસ

[*આ તર્ક સાથે સંમત થઈ શકાય ખરું?]

'કુમાર'ના બે ઘણા જૂના અંકોમાં 'સારંગ'ના વિવિધ અર્થોવાળી કાવ્યપંક્તિઓ વાંચી. તેવા જ થોડા વિશેષ અર્થ ધરાવતો છપ્પો હિંદી સાહિત્યમાંથી વાંચવા મળ્યો તે મોકલું છું.

સારંગ[1] સે દગ લાલ,
  માલ સારંગ[2] કી સોહત,
સારંગ[3] જ્યોં તનુ શ્યામ,
  બદન લખિ સારંગ[4] મોહત.
સારંગ[5] સમ કટિ, હાથ-
  -માથ બિચ સા ંગ રાજત,
સારંગ[7] પૂરન અંગ,
  દેખિ છવિ સારંગ[8] લાજત.
સારંગ[9] ભૂષન, પીત પટ,
  સારંગ[10] પદ સારંગ[11] ધર,
રઘુનાથ દાસ વંદન કરત
  સીતાપતિ રઘુવંશ વર.

૧ કમળ; ૨ સુવર્ણ કે કમળ; ૩ વાદળ; ૪ ચંદ્ર; ૫ સિંહ; ૬ હાથમાં બાણ, મસ્તકમાં ચંદન; ૭ શોભા; ૮ કામદેવ; ૯ સુવર્ણ; ૧૦ કમળ; ૧૧ મનુષ્ય.

(ગઢડા-સ્વામીના) —બાબારાવ પ્ર. મહેતા

મારી પાસે કુમારના (આર્ટપ્લેટ વિનાના) જૂના અંક છે, જેમાંના અમુક તો તદ્દન નવી હાલતમાં છે. મારો વિચાર તે વેચી નાખવાનો છે. એકીસાથે ૧૦ ખરીદનારને ૧૨ આનાની કિંમતે વેચવાના છે અને ૧ અંકની કિંમત ૦-૧-૬ રાખી છે. તો આ બાબતમાં યોગ્ય કરવા મહેરબાની કરશો. અંક નં. ૩૫૪, ૩૫૫, ૩૫૭, ૩૫૮, ૩૫૯, ૩૬૦, ૩૬૯, ૩૭૨, ૩૭૬, ૩૭૯, ૩૮૨, ૩૮૩, ૩૮૬, ૩૮૭, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૪૦૧, ૪૦૩, ૪૦૭, ૪૦૫, ૩૯૮, ૩૭૧, ૩૬૯, ૩૬૫.

—લાભશંકર શકરાભાઇ ત્રિવેદી
ખારાકૂવા, સરખેજ (જિલ્લો અમદાવાદ)

અમારી એક ટુકડી હાલ મહેસાણા જિલ્લાના ખેરાળુ તાલુકામાં ફરે છે. આ વિસ્તારમાં આંજણા કોમ છે. આમ તો આંજણા પાટીદાર કહેવાય છે, પણ તેમની શાખાઓમાં ચૌધરી, ચૌલ, પરમાર વગેરે અટકો છે. બનાસકાંઠા, સાબરકાંઠા ને ઉત્તરે ઠેઠ ઉજ્જેન સુધી આ કોમ વસી છે. ચહેરો જોતાં રાજવંશી કોમ લાગે છે. 'કુમાર'માં આ અંગે કંઈ આવ્યું છે ખરું? આ કોમ અંગે સંશોધન કરવાની જિજ્ઞાસા થાય તેવું છે. કલ્પના કરવાથી તો જાણે મૂળ ગ્રીકમાંથી ઊતરી આવી હોય તેવું લાગે છે. આપની પાસે કંઈ પણ માહિતી હોય તો જણાવવા કૃપા કરશો.

(વડોદરા) —જગદીશ શાહ

[*'આંજણા યુવક'ના તંત્રી શ્રી માધવ ચૌધરી મુ. પુનાસણ, પોસ્ટ જગુદણ કહી શકે.]

ફેબ્રુઆરી અંક (૪૧૦)ના પૂઠા પરના ચિત્ર 'કમળતળાવડી'ના ફોટોગ્રાફર શ્રી કંચનરાય અમીન છે.

વસંત

·વસંતતિલકા·

વાયા વસંતપવનો વનમાં, દ્રુમોની
કાયા થકી પરણ-ચુંદડીઓ ઉડાડી;
શી સોહતી ફૂલથી અંગકલા ઉઘાડી!
સૌ રંગમાં, શરમ રાખતું કોણ કોની?

ફૂલે ફૂલે ભ્રમર ટોળી ભમંત ધૃષ્ટ
એકે ય અંગ નહિ અંગથી રહે અસ્પૃષ્ટ;
ઊડે ઘટામહીંથી પંચમનો પરાગ;
ને રોમરોમ ઊઠી ખાખર-અંગ આગ.

વાયા વસંતપવનો જનમાં, અનંગે
પ્રત્યેક પુષ્પશર તીણું બનાવી તાક્યું;
વીંધાઈને જ રમવાનું સુરક્ત રંગે
રહેતું રખે ટીપું ય મોહતણું અચાખ્યું!

વીતી શિશિર, પણ આગળ છે ઉનાળો
તો ચાલ, બાંધી લઇએ પ્રિય એક માળો.

જયન્ત પાઠક

પુનર્મિલન

·વસંતતિલકા·

તું આમ પંથ પર જાય મળી અચિંત!
કે કેટલી ઋતુ વહી ગઈ, જેની સાથ
તારી અકાય સ્મૃતિનો લય; મૂર્તિમંત
શી આંહિ તું પ્રગટતી ફરી કિંતુ આજ!

ભેળાં મળે જલદ-અંતર બે અને આ
નેત્રે રમે તડિત રેલતી તેજ તેજ!
આનંદ-મંદ્રમય કોઈ પ્રસન્નતાને
ગોરંભ ભૂમિ-ઉર આર્દ્ર, ઝીલંત હેત!

ને પૂર્વના મિલનની વચલો પ્રલંબ
જે કાલ, શૂન્ય સમ તે, અવ જ્યાં અભેદ:
રે એ જ સૌગંધ્ય, વળી એ જ ઉમંગ રંગ
ને એ જ સન્નિધિ સમાધિની માંહિ એક!

શી વાયુની લહર આવતી મંદ મંદ
માટીની આ વહતી પ્રાણ વિષે સુગંધ!

રાજેન્દ્ર શાહ

આપને જોયાં

·ગઝલ·

આપને જોયાં હતાં પલવાર મેં,
-કે નિરાળી જોઇ'તી તલવાર મેં?
ભેદ એનો હું નથી પરખી શક્યો,
ઘા વિના જોઈ લીધો સંહાર મેં!

મનહર મોદી

સુદામાના તાંદુલ

·પરંપરિત હરિગીત·

એક મૂઠીભર મળ્યા તાંદુલ[1]
-ને તે યે ઉછીના-
તે પરે કૈં રેશમી રંગીન
-જાણે સ્વપ્નની શાળે વણ્યાં-
પટકૂળ[2] કેરાં ચીથરાં
(રસ્તે રખડતાં)[3]
તે વીણી વીંટી દીધેલાં
(વર્ષ પર વર્ષો સમાં)
ને ના ગણેલાં — હોંશમાં ને હોંશમાં...
તે હવે છોડી રહ્યો[4] જાતે જ!

સપ્તતલ પ્રાસાદ[5] તો આઘા રહ્યા—
આ મૂળગા તાંદુલ મારા
તે ય પણ કણકણ[6]
સરી સૌ જાય ના,
(લાખ વીંટ્યા તો'ય લીરા,[7] તે થકી રોકાય ના)
તેથી જ તો......પણ—
દ્રૌપદીનાં ચીર શું આંહી પુરાતાં ભૂલમાં?[8]
કે હું જ પોતે
એક હાથેથી ઉખેળી
અન્યથી વીંટી રહ્યો છું
રેશમી પટકૂળના ચીરા ફરીથી
એક મૂઠીભર મળ્યા તાંદુલ પર?

વિનોદ અધ્વર્યુ

૧ તાંદુલ-જીવન; ૨ પટકૂળ-રંગીન, રેશમી સ્વપ્નાં; ૩ વાતાવરણમાંથી ઉપાડેલાં, મૌલિક નહિ; ૪ કોઈ કૃષ્ણ નથી તેથી-જાત અનુભવથી, ભ્રમનું નિરસન; ૫ પ્રાપ્તિ, સિદ્ધિ; ૬ સમય વીતતો જાય છે તે; ૭ ચીંથરાં જેવાં સ્વપ્નો-જેમાં જીવનને આવરી લે તેવું ધ્યેય નહિ; ૮ લીરાનો અંત નથી આવતો તેથી; ૯ જાતે જ નવાં સ્વપ્નો શોધે છે, ને એમ, એકમાંથી ઊકલી બીજામાં વીંટાય છે.

જીવનની મૂઠીભર મૂડી—તેના પર સ્વપ્નોનાં ચીંથરાં વીંટાળી તેને જાળવવાનો માનવીનો પ્રયત્ન—ને વાસ્તવિક અનુભવોના સ્પર્શે જૂનાં સ્વપ્નો ઊડી જાય, ભ્રમનિરાસ થાય—તો વળી નવાં સ્વપ્નો વીંટાતાં જાય એટલેકે નવા ભ્રમ ઊભા થતા જાય—ને એમ, માનવી એકમાંથી બીજામાં ઊકલતો-વીંટાતો જીવ્યે જાય.

જોયું

·ગઝલ·

ક્ષિતિજ પર આભ ને ધરતીનું આભાસી મિલન જોયું!
હકીકતથી કંઈ જુદું જ જીવાતું જીવન જોયું!

ઉમળકાનું વહન જોયું ને દૃષ્ટિનું નમન જોયું!
નરી વ્યવહારિતાનું સંયમી સ્મિતમાં સૂચન જોયું!

નજરની એ જ મોટી થાપ કે ભોળું વદન જોયું.
અને સાકાર થાતું જિન્દગીનું ત્યાં સ્વપન જોયું!

અભાવે યોગ્ય ના સન્માન સાંપડતું બીજાઓને
અમાસે તારલાઓનું ય કીધેલું જતન જોયું!

ખુમારીના ચમન પર પાનખર વ્યવહારની એઠી
નજર સામે જ એકે એક મુરઝાતું સુમન જોયું!

રસળતો લય હજી મારા જીવનગીતે નથી સાધ્યો
અનેકો પંક્તિઓમાં છિન્ન વેરાતું કવન જોયું!

હવે ધીરજ બધી યે ખોઈ બેસું તો નવાઈ ના
ઘણું છે કે ઉદાસીન ભાવથી આવાગમન જોયું!

અહીં ખુદ હું જ બદલાઉં કદી બદલાય ના દુનિયા
રદીફ જેવા જગતમાં કાફિયા જેવું જીવન જોયું!

હેમન્ત દેસાઇ

રામદાસ કટારી

આપણી મનવારોની ગરજતી તોપો, ચિત્તાની જેમ સરકતા ટૉર્પેડો, દરિયાનું પેટ ફાડી નાખતા હોય એવા જળગોળા અને તીક્ષ્ણ ગરુડરાજો જેવાં વિમાનો હું જોઉં છું અને રોમાંચ અનુભવું છું ત્યારે મને એક વ્યક્તિ હમેશાં યાદ આવે છે, અને તે છે ૪૮ વર્ષના વાઈસ-ઍડમિરલ કટારી, જે આપણા નૌકાદળના સામર્થ્યના પ્રેરકબળ છે.

લેખક

વિજયગુપ્ત મૌર્ય



'ભારતના કિશોરો માટે એમણે સમુદ્ર પર કેડી પાડી છે.'

ગયા ચોમાસાની વાત છે. ગ્રીષ્મ કવાયત માટે શુભેચ્છા-યાત્રા માટે ગએલી ભારતીય મનવારો આફ્રિકાથી પાછી ફરી રહી હતી. હિંદી મહાસાગરમાં કલાકના ૪૦ માઈલની ઝડપથી પવન વાતો હતો; પણ સદ્‌ભાગ્યે પવન પૂઠનો હતો. આકાશમાં કાળાં વાદળ ધસી આવી રહ્યાં હતાં, અને આકાશના પ્રતિબિમ્બથી દરિયો કાળો, બિહામણો લાગતો હતો. મહાસાગરનો પટ જાણે ધરતીકંપથી ઊછળતો ડુંગરાળ પ્રદેશ લાગતો હતો, કારણ કે તેનાં મોજાં ડુંગરની જેમ ઊંચાં થતાં હતાં અને બેસી જતાં હતાં. આ વાતાવરણમાં ક્રૂઝર 'દિલ્હી'ની આસપાસ કેટલેક અંતરે ભારતીય નૌકાદળની વિનાશિકાઓ 'રાજપૂત', 'રણજિત' અને 'રાણા' વીંટાઈને માર્ગ કાપી રહી હતી. મોજાં એવડાં મોટાં ઊછળતાં હતાં કે તેમની પાછળ આ મોટી વિનાશિકાઓ પણ વારંવાર ઢંકાઈ જતી હતી. આવા દરિયામાં કવાયત તો થઈ શકે નહિ, એટલે વરિષ્ઠ અફસરો 'દિલ્હી'ના પાછલા તૂતક ઉપર ટહેલી રહ્યા હતા અને કુદરતનું આ રૌદ્ર સ્વરૂપ નિહાળી રહ્યા હતા. એમાં ભારતના પહેલા હિંદી રીઅર-ઍડમિરલ અને ધ્વજ-અધિકારી (હવે વાઈસ ઍડમિરલ) રામદાસ કટારી પણ હતા.

મને જેમ પ્રકૃતિનું સૌમ્ય સ્વરૂપ ગમે છે, તેમ રૌદ્ર સ્વરૂપ પણ ખૂબ ગમે છે, એટલે મારા દિવસનો મોટો ભાગ સ્ટીમરના 'બ્રિજ' અને તૂતક ઉપર જ જતો. એવામાં એક વિશાળ મોજું પાછળથી ધસી આવવા લાગ્યું. 'દિલ્હી' કરતાં તેની ઝડપ વધારે હતી! કોઇએ કહ્યું કે તે તૂતક ઉપરથી પસાર થશે, કોઇએ કહ્યું કે નહિ થાય. ડરવાનો તો સવાલ જ ન હતો. આ તો રોમાંચક અનુભવ હતો. કોઈ ધસતા ડુંગરની જેમ મોજું આવ્યું. તેણે 'દિલ્હી'ની તોતિંગ લોખંડી કાયાને પોતાના માથા પર ઊંચકી લીધી; પછી પટકી, ને પોતે પસાર થઈ ગયું! જહાજ બંને પડખે હાલક-ડોલક થઈ ગયું ને તેના વિશાળ કૂવા બંને પડખે વીંઝાયા.

કટારીએ મને પૂછ્યું, 'આ અનુભવ કેવા લાગે છે?' મેં કહ્યું, 'મને હમેશાં પર્વતના શિખર પર અથવા મોજાંની ટોચ પર રહેવું ગમે છે.'

કટારી એક સાચા ખલાસી છે, એટલે એમને તો આ જવાબ ગમી ગયો. કેટલાક લોકો નોકરી કરવા અને પેટ ભરવાને ખાતર દરિયા પર જીવન ગાળે છે, પણ તેમને દરિયામાં કશો રસ નથી હોતો. કટારીની વાત જુદી છે. માછલાંને પાણી ફાવે તેમ એમને દરિયાઈ જીવન ગમી ગયું છે.

જીવનમાં કોઈ વાર એવા અકસ્માત બની જાય છે જે જીવનના પ્રવાહની દિશા બદલી નાખે છે. રામદાસ કટારીના જીવનમાં બનેલો એવો એક અકસ્માત એમના તેમજ દેશના હિતમાં પરિણમ્યો. એ અકસ્માત ન બન્યો હોત તો તેઓ આઈ.સી.એસ. અફસર બનત. પણ વિધાતાએ એવું નિર્માણ કર્યું કે તેઓ ભારતીય નૌકાદળના પહેલા હિંદી વડા બને.

રામદાસ કટારીને તેમના હોદ્દાના ઔપચારિક છટાદાર પોશાકમાં જુઓ, અને ફરજ ઉપર ન હોય ત્યારે જુઓ, તો તે કટારી જ હોવા વિષે તમને શંકા જાય! તેઓ એટલા સાદા અને મિલનસાર છે! સાદી ચડ્ડી, ગંજી અને કાળાં ચશ્માં પહેરીને 'દિલ્હી'ના તૂતક ઉપર તેમને 'ડેક ગૉલ્ફ' રમતાં મેં પહેલી વાર જોયા ત્યારે એ જ 'ઍડમિરલ'(નૌકાધિપતિ) છે એવું ભાન મને થએલું જ નહિ. એ તો પાછળથી થયું.

લોકોના સંસર્ગમાં દિનરાત રહેતા અને લોકોની આકાંક્ષાઓ ને ઝંખનાઓને ઝીલતા ને બિરદાવતા લોકનેતાઓ લોકપ્રિય હોય તે તો આપણે સમજી શકીએ; પણ લશ્કરના કડક શિસ્તના વાતાવરણમાં એ શિસ્તના સર્વોચ્ચ સ્થાને રહેતા લશ્કરી અફસર, અને તેમાં પણ જિંદગીનો ગણનાપાત્ર ભાગ લોકસમૂહથી દૂર એકાંતિક દરિયા ઉપર ગાળતા ઍડમિરલ 'લોકપ્રિય' કેમ થઈ શકે? પણ કટારી કેટલા બધા લોકપ્રિય છે એ જાણવા માટે એમને નજરે જોવા જોઇએ. માત્ર નૌકાદળમાં જ નહિ, પ્રજામાં પણ તેમના પ્રત્યે માનનો ઊભરો અને ધબકતી લાગણી છે. માદાગાસ્કર, દારેસ્સલામ, મોમ્બાસા ને નોઇરોબીમાં આફ્રિકાવાસી હિંદીઓને રામદાસ કટારીના વ્યક્તિત્વે અને રીતભાતે મુગ્ધ કરી દીધા છે. અને એ મુગ્ધ થનારાઓમાં ભારતીયો ઉપરાંત આફ્રિકનો, અરબો અને ઇતર પરદેશીઓ પણ ઓછા ન હતા. એ પચરંગી લોકોનાં ટોળામાં બે હાથ જોડીને ફરતા રામદાસ કટારીને જોતાં લાગ્યું કે રામદાસ ઍડમિરલ કરતાં પણ કૈંક વધારે છે. લોખંડી શિસ્તથી ઘડાએલા કટારીમાં મુલાયમ સૌજન્ય અને વિવેક ભરપૂર છે.

અને 'ફરજ' પણ રામદાસ માટે એક યાંત્રિક ઘટમાળ નથી, પણ ઉમંગ અને ઉત્સાહથી પ્રેમપૂર્વક ઓતપ્રોત થઈ જવાનું મનપસંદ કામ છે. ગયા જૂન માસમાં એક તરફ લાંબા પ્રવાસ માટે કાફલો હંકારી જવાની તારીખ વીતી ગઇ હતી અને બીજી તરફ સાગરસૈનિકો અને

ભારતીય નૌકાદળના પહેલા હિંદી સેનાપતિ

આવતી તા. ૨૨મીએ (એપ્રિલ ૧૯૫૮) રીઅર-ઍડમિરલ રામદાસ કટારી, ભારતીય નૌકાદળોના હાલના અંગ્રેજ સેનાપતિ વાઈસ ઍડમિરલ સર સ્ટીફન કાર્લિલપાસેથી એ હોદ્દો સંભાળી લઇને પહેલા હિંદી વાઈસ-ઍડમિરલ બનશે. અંગ્રેજ અમલ દરમ્યાન ભારતીય દળોના તમામ સરનશીન હોદ્દા અંગ્રેજો ધરાવતા હતા, અને ઈ. ૧૯૩૪માં ભારતીય નૌકાદળને સ્વતંત્ર એકમ બનાવવામાં આવ્યું ત્યારથી નૌકા-સેનાપતિ પણ આજ સુધી અંગ્રેજો જ રહ્યા હતા, જે સ્થાને અત્યારના સર સ્ટીફન કાર્લિલ નવમા નૌકાધિપતિ છે. પરંતુ જીવનના કોઇ પણ ક્ષેત્રમાં ભારતીયોની શક્તિ કોઇ રીતે ઊતરતી નથી એ ભારતીયોએ હમેશાં બતાવી આપ્યું છે. તદનુસાર, અને સર્વ સરકારી સેવાઓના ભારતીયકરણની નીતિના અનુસંધાનમાં ભારતના નૌકાદળના સરનશીનનું સ્થાન પણ આ વર્ષથી ભારતીયને સોંપાવાનું શરૂ થાય છે, જે માન ધરાવનાર પહેલા હિંદી તરીકેનું સુભાગ્ય શ્રી રામદાસ કટારીનું છે.

પણ આ કંઈ એમનું એવું પ્રથમ સદ્‌ભાગ્ય નથી. પોતાની સમગ્ર કારકિર્દીમાં તેઓ સદા અને સર્વ દિશામાં 'પ્રથમ' જ રહેતા આવ્યા છે. અભ્યાસની એવી પ્રથમ સ્થાનની ઊજળી કારકિર્દી પછી, અંગ્રેજોએ ભારતમાં નૌકાદળની તાલીમ આપવા માટે ઈ. ૧૯૨૭માં શરૂ કરેલા તાલીમી જહાજ 'ડફરીન' પર દાખલ થનારા તે પ્રથમ હિંદી કડેટ હતા; અને ત્યાં સદાયે પહેલા રહેતા આવીને વાઇસરૉયનો સુવર્ણ-ચંદ્રક જીતનાર પહેલા હિંદી પણ તેઓ જ હતા. ત્યાર બાદ 'ડફરીન'ની કારોબારીમાં નિમાનાર પહેલા હિંદી પણ એ જ હતા, પહેલા હિંદી કૅપ્ટન બનનાર પણ એ જ હતા અને ઉત્તરોત્તર ચડતા જઇને ઈ. ૧૯૫૪ના ઑગસ્ટમાં ભારતીય નૌકાદળોના વડા અધિકારી-કમાન્ડર ઈન ચીફ થનાર પણ એ જ હતા.

મદ્રાસથી ૪૦ માઈલ દૂર આવેલા ચિંગલપુટમાં ઈજનેરપિતાને ત્યાં જન્મેલા રામદાસનું બાળપણ ને યુવાવસ્થા હૈદરાબાદ(દખ્ખણ)-માં વીત્યાં હતાં, અને ત્યાંની મહબૂબ તથા નિઝામ કૉલેજોમાં માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ પૂરું થતાં તેમના પિતાએ તેમને સિવિલ સર્વિસ માટે આઈ.સી.એસ. થવા ઇંગ્લંડ મોકલવા નિરધાર્યું; પરંતુ તેઓ તો તાલીમી જહાજ 'ડફરીન'પર કડેટ થવા ઊપડ્યા, જ્યાંની પ્રાવેશિક પરીક્ષામાં તે પહેલા નંબરે આવ્યા; અને ત્યારથી તેમની નૌકાકારકિર્દીમાં સદા પ્રથમ આવવાની હારમાળા શરૂ થઈ.

બીજા મહાયુદ્ધ દરમ્યાન આટલાંટિક અને હિંદી મહાસાગરોમાં એમણે પ્રત્યક્ષ ભાગ લીધેલો ને મધદરિયાની તથા બંદરી અગત્યની કામગીરીઓ બજાવેલી. સબમરીન વિરોધી કાર્યના તેઓ નિષ્ણાત હોઈ એ કાર્યની શાળાના તે થોડો વખત અધ્યાપક પણ રહેલા.

મહાયુદ્ધ પછી તો ઉત્તરોત્તર અગત્યની કામગીરીઓ પર તેમની નિમણૂક થતી ગઇ. આંદામાન અને નિકોબાર ટાપુઓ આસપાસના દરિયામાં પાથરેલી સુરંગો સાફ કરી નાખવાનું અતિ જોખમદારીભર્યું કામ તેમને સોંપાએલું. કાઠિયાવાડના કિનારાઓની પાર સંરક્ષણ કામગીરી બજાવતાં નૌદળોના વડા અધિકારીનું પદ, યુદ્ધ-જહાજ 'કૃષ્ણા'ના કમાન્ડરની હેસિયતથી એમને જ અપાએલું; અને ભારતની પહેલી ક્રૂઝર 'દિલ્હી' ઇંગ્લંડ પાસેથી ૧૯૪૮-ના જુલાઇમાં ખરીદવામાં આવતાં, તેનો કબજો લેવા માટે એમને જ મોકલવામાં આવેલા. અને તરત જ એ ધ્વજ-જહાજના કમાન્ડર તરીકે તેમની નિમણૂક કરવામાં આવી. ઈ. ૧૯૪૮ના ડિસેમ્બરમાં તે 'કૅપ્ટન' પદે નિમાયા અને ત્રિ માસ બાદ નૌકાદળોની કેન્દ્ર-કચેરી(નેવલ હેડ ક્વાર્ટર્સ)ના શાસનાધિકારી તરીકે નિમાયા. ઈ. ૧૯૫૧ના ડિસેમ્બરથી યુદ્ધ-જહાજ 'રાજપુત'ના કમાન્ડરની હેસિયતથી તેમની નિમણૂક 'વિનાશિકા–દળો'ના વડા તરીકે થઇ અને ૧૯૫૩માં ઇંગ્લંડની શાહી નૌકાકૉલેજમાં તાલીમ લઈ આવીને ૧૯૫૪-માં નૌકા-અધિકારીઓના નાયબ વડા તરીકે નિમાઈ કૉમોડોર બન્યા. એ જ વર્ષે એમણે ભારતીય નૌ-દળોના કમાન્ડર-ઈન-ચીફ તરીકે કામ કર્યું. ૧૯૫૬માં તેમને રીઅર-ઍડમિરલ બનાવી પછી પરદેશોની અભ્યાસ-સફરે મોકલવામાં આવ્યા, જ્યાંથી પાછા વળ્યા બાદ એ જ વર્ષની બીજી ઑક્ટોબરે તેમને હિંદી ફ્લૉટિલાના ફ્લૅગ-ઑફિસર (ધ્વજાધિકારી) બનાવવામાં આવ્યા. અને હવે આવતી ૨૨મી તારીખે તે વાઇસ-ઍડમિરલ થઈ સમગ્ર ભારતીય નૌકાદળોના સેનાપતિ બનશે.

અફસરો ઈન્ફ્લુએન્ઝાથી પટકાતા જતા હતા, ત્યારે મારી અધીરાઇ અને બેચેનીનો પાર ન હતો પણ કટારી પોતાની અધીરાઈ અને અસ્વસ્થતાને દબાવી રાખીને કાફલાને 'ફ્લુના પંજામાંથી મુક્ત કરવા અવિરત યુદ્ધ લડી રહ્યા હતા. પરદેશોની શુભેચ્છા-મુલાકાતે 'ફ્લુ લઇને કેમ જવાય? છેવટે ત્રણ વિનાશિકાઓ તો 'ફ્લુથી મુક્ત થઈ, પણ ક્રૂઝર 'દિલ્હી' હજી સાવ મુક્ત નહોતી થઈ. કટારીએ નિર્ણય લઈ લીધો : 'દિલ્હી' પાછળથી આવે, ત્રણ વિનાશિકાઓ હંકારી જાય. અને 'દિલ્હી' જેવા વિશાળ જહાજનાં સુખસગવડ જતાં કરીને તેમણે નાનકડી વિનાશિકા 'રાજપૂત'માં બેઠક લીધી! 'દિલ્હી' ઉપરથી ઍડમિરલનો વાવટો ઊતરીને 'રાજપૂત' પર ફરક્યો, અને મને 'રણજિત'માં બેસાડી દીધો. મને બોલાવીને જ્યારે આ નિર્ણયની જાણ કરવામાં આવી ત્યારે મને તરત વિચાર આવી ગયો કે મુંબાઈથી માદાગાસ્કરના અમારા એ પ્રવાસમાં કેવી ભયંકર આકરી કસોટી થવાની છે! અમારે ચોમાસુ દરિયામાં તોફાની ઝંઝાવાત અને વરસાદની સામે જવાનું હતું, અને તે પણ નાનકડી વિનાશિકામાં! કટારી એકબે દિવસ મોડું કરીને આ ભયંકર હાડમારી અને અગવડમાંથી બચી શકત. પરંતુ એ ખરા સાગરખેડુ ને સાચા સેનાપતિ છે, જે ફરજનો જ વિચાર કરે છે, અગવડનો નહિ.




ભારતીય નૌકાદળ એક વિશાળ ભારતીય કુટુમ્બનું આદર્શ ચિત્ર રજૂ કરે છે, જેમાં પ્રાદેશિક કે ભાષાકીય ભેદભાવ નથી, કોમ કે ધર્મના વેરા-આંતરા નથી. ભારતદેશની સુરક્ષા અને કીર્તિ માટે જ તેઓ કામ કરે છે, જીવે છે અને જરૂર પડશે તો પ્રાણ પણ આપશે. આપણા નૌકાદળનું આવું ઘડતર ઘડવામાં રામદાસ કટારીનો આગળપડતો ફાળો છે. આપણી મનવારોની ગરજતી તોપો, ચિત્તાની જેમ સરકતા ટૉર્પેડો, દરિયાનું જાણે પેટ ફોડી નાખતા હોય એવા જળગોળા (depth-charge) અને તીક્ષ્ણ ગરુડરાજ જેવાં ધૂધવતાં વિમાનો હું જોઉં છું અને રોમાંચ અનુભવું છું ત્યારે મને એક વ્યક્તિ હમેશાં યાદ આવે છે, અને તે છે ૪૮ વર્ષના વાઈસ ઍડમિરલ રામદાસ કટારી, જે આપણા નૌકાદળના સામર્થ્યના પ્રેરક બળ છે. આજથી ૩૧ વર્ષ પહેલાં એક કિશોર તરીકે તેમણે પહેલીવાર દરિયો જોયો હતો અને તાલીમી જહાજ 'ડફરીન'માં પગ મૂક્યો હતો. એ કિશોર આજે પૃથ્વીના ગોળાનો ૮મો ભાગ રોકતા વિશાળ હિંદી મહાસાગરમાં સૌથી બળવાન નૌકાદળના વડા છે. ભારતના કિશોરો માટે એમણે સમુદ્ર ઉપર કેડી પાડી છે. એ કેડી પસંદ કરનારાઓમાંથી બીજા નવા રામદાસ અને વધુ મહાન રામદાસ બનશે.

સાઈકલવીર શાંતિલાલ


મેદાની તથા મર્દાની રમતોમાં સ્વાધીનતાપ્રાપ્તિ પછી ભારતના જુવાનોએ સારો રસ લેવા માંડ્યો છે. આ જ રીતે એક ગુજરાતી જુવાન, શાંતિલાલ ચૌહાણે, અખંડ સાઈકલ ફેરવવામાં નવો વિક્રમ નોંધાવ્યો છે. તેમનો અત્યાર પૂર્વેનો રેકર્ડ ૧૨૬ કલાકનો છે. આટલા કલાક સુધી અવિરત સાઈકલ ફેરવવી, અને તે પણ આખા દેશમાં વધારેમાં વધારે ગરમ સ્થળ તરીકે ખ્યાતિ પામેલા સૂરત શહેરની ૧૦૯ ડિગ્રી ગરમીમાં, એ કાંઈ હાંસીખેલ નથી. માનવીની ઇચ્છાશક્તિ, આત્મશ્રદ્ધા અને ઇંદ્રિયનિગ્રહ શું કરી શકે છે, તેનું એક જ્વલંત ઉદાહરણ શાંતિલાલે પૂરું પાડ્યું છે.

નૅશનલ સાઈક્લિસ્ટ ફેડરેશનના ઉપક્રમે તથા સૂરત બોહરા યૂથ ક્લબના આશ્રયે, તેમણે સૂરતના કિલ્લાના મેદાનમાં, ગયા માર્ચ માસની ૧૭મી તારીખે સવારે સાત વાગ્યે સાઈકલ ઘુમાવવાની શરૂઆત કરી હતી, અને શનિવાર તા. ૨૨મીની સાંજે ૬-૫ વાગ્યે સતત ૧૩૧ કલાક સુધી સાઇકલ ચલાવ્યા બાદ તે નીચે ઊતર્યા હતા. તેમના નીચે ઊતરવાનો સમય તો ૬-૧૫ વાગ્યાનો મુકરર થયો હતો, પણ તેમનો આ અદ્‌ભુત વિક્રમ જોવાને એકઠા થએલા ને કીડિયારાની પેઠે ઊભરાએલા લોકોના બેકાબૂ ટોળાએ ધસારો કરતાં તેમને નિર્ધારિત સમય કરતાં દસેક મિનિટ અગાઉ સાઈકલ પરથી ઉતારી લેવાની ફરજ પડી હતી. આ બધા ધાંધલ છતાં, ને લોકો સીધા તેમની સાઈકલ પર ધસી જવાની અણી પર હોવા છતાં, તેમજ લાગટ ૧૩૧ કલાક સાઈક્લિંગ કરી હોવા છતાં શ્રી ચૌહાણ છેક છેવટ સુધી આનંદી અને હસમુખા જ દેખાયા હતા. તેઓ સોમવારે સવારે સાઈકલ પર સવાર થયા ત્યારે વજન ૧૩૪ રતલ, નાડી ૯૦, શ્વાસક્રિયા ૧૬ અને લોહીનું દબાણ ૧૧૦ હતું; જ્યારે સાઈકલ પરથી ઊતર્યા ત્યારે તેમનું વજન ૧૨૮ રતલ, નાડી ૯૦, શ્વાસક્રિયા ૨૦ ને લોહીનું દબાણ ૧૨૦ હતું. તેમની ટકી રહેલી સ્ફૂર્તિ ને ચેતન અદ્‌ભુત હતાં. તેમને બેઠકના ભાગ પર છોલાણ થએલું ને તેમાંથી લોહી પણ નીકળતું હતું; છતાં તેમનામાં એવાં શક્તિ, સ્ફૂર્તિ અને જોમ દેખાતાં હતાં કે જો લોકોનો ધસારો થયો ન હોત તો તેઓ જાહેર કરેલા સમય કરતાં પણ વધુ સમય, લગભગ ૨૦૦ કલાક સાઈક્લિંગ કરવાની ખ્વાહેશ ધરાવતા હતા.



શ્રી શાંતિલાલ ચૌહાણ

૨૩ વર્ષની વયના શ્રી શાંતિલાલ ચૌહાણનો જન્મ રતલામ (મધ્ય ભારત)માં થયો હતો. મૅટ્રિક સુધીની કેળવણી બાદ હાલ તેમનો વસવાટ મુંબાઈમાં છે. તેમની ઊંચાઇ પાંચ ફૂટ છ ઇંચ, વજન ૧૩૪ પૈંડ અને તંદુરસ્તી મધ્યમ છે. ૧૩ વરસની ઉમરથી શરૂ કરી સારા સાઈક્લિસ્ટ થવા માટે તથા પગના સ્નાયુઓ તૈયાર કરવા માટે હિંદુસ્તાનમાં ઓછામાં ઓછું ૧૨,૫૦૦ માઇલનું રોડ-સાઈક્લિંગ કર્યું છે. ત્યાર પછી એક કલાકારને છાજે તેવી રીતે સતત સાઈકલ ચલાવવાનું શરૂ કર્યું.



ઉપર્યુક્ત ૧૩૧ કલાકનું અખંડ સાઇક્લિંગ કરતા

નવેમ્બર ૧૯૫૬માં તેમણે નૅશનલ ફેડરેશન ઑવ સાઇક્લિસ્ટ્સની કડક દેખરેખ અને કાનૂન હેઠળ ૧૦૧ કલાકનો પ્રયોગ ઘાટકોપરમાં કર્યો. ત્યાર પછી મલાડ, મુલુંડ, સાન્તાક્રુઝ, વિલેપારલે અને પૂનામાં પણ ઉત્તરોત્તર વધતા પ્રયોગો કરેલા. છેલ્લો પ્રયોગ સૂરતમાં ફેડરેશનના કાયદા-કાનૂન અને દેખરેખ નીચે ૭૫ ફૂટના વર્તુલમાં કર્યો. સૂરતની ૧૦૯ ડિગ્રીની સખત ગરમીમાં, કુલ ૧૩,૧૦૦ ચક્કર મારીને બરાબર ૧૦૦૦ માઈલ જેટલું અંતર કાપી એ વિક્રમ એમણે પૂરો કર્યો. દરરોજ સવાર-સાંજ સ્નાન, કપડાં બદલવાં, હજામત બનાવવી તેમજ ખોરાક લેવાનાં કાર્યો પણ તે ચાલુ સાઈકલ પર જ કરતા હતા. ખોરાકમાં તેઓ ૮ મોસંબીનો રસ, ૪ ઔંસ ગ્લુકોઝ, બે કપ ચા તથા કૉફી, ૧ ઇંડું, ૧૨ ગ્રિપટીન બિસ્કિટ, શરબત અને સાદું પાણી લેતા હતા તેમજ જરૂર પડ્યે એક સાઈકલ પરથી બીજી સાઈકલ બદલતા હતા.

અદ્‌ભુત વાત તો એ હતી કે ૬ દિવસ અને પાંચ રાતના એ અરસામાં તેમણે ન તો આંખ મીંચી છે, તેમજ ન તો જમીન પર પગ મૂક્યો છે, એટલું જ નહિ પણ અંત સુધી તેઓ હોશમાં તેમજ ખુશમિજાજમાં હતા, તેમજ તે દરમિયાન શહેરના આગેવાન નાગરિકો સાથે સારી રીતે વાતચીત પણ કરી હતી. ('ગુજરાતમિત્ર'ના આધારે)

મામાને ઘેર



લેખક
રમણલાલ ચી. શાહ

પાત્રો : વ્રજલાલ મંગળા અનિલ રતિલાલ કમળા સુધા

પ્રવેશ પહેલો

સ્થળ : વ્રજલાલના ઘરનો બેઠકનો ખંડ.

સમય : સાંજનો. વ્રજલાલ તાસકમાંથી પાન બનાવી ખાય છે. અનિલ સાંજનું છાપું વાંચવામાં મશગૂલ છે. વ્રજલાલ ઊભા થઇ ખીંટીએ ભરવેલા કોટના ખિસ્સામાંથી એક નાની ડબ્બી કાઢી તે ઉઘાડી તેમાંથી લાલ ને સફેદ કાગળમાં વીંટાળેલાં ઘરેણાં કાઢી જુએ છે.

વ્રજલાલ : અનિલ, તારી બાને બોલાવ તો!

(અનિલ જઇને મંગળાને બોલાવી લાવે છે.)

વ્રજલાલ : આપણે... સુધાના હાથનો ગાળો કેટલો?

મંગળા : તમને હજાર વાર કહ્યું ને હજાર વાર ભૂલી જાવ છો.

અનિલ : બે ને ચાર આની, ખરું ને બા?

મંગળા : આજકાલના છોકરાઓને લગન પહેલાં વહુના હાથના ગાળાની યે ખબર; (વ્રજલાલને) અને તમને લગન થયાંને સત્તાવીસ પૂરાં થશે તો ય મારા હાથનો ગાળો જ્યારે સોનીને ત્યાં જાવ છો ત્યારે પૂછતા જાવ છો. (ચશ્માં ચડાવી ઘરેણાં જોવા લાગે છે.)

અનિલ : મને તો અમસ્તું જ, તમે બોલેલાં એટલે યાદ રહી ગયું હતું, બા. મેં કંઇ સુધાને પૂછ્યું કર્યું નહોતું.

વ્રજલાલ: આ તો તૈયાર નમૂના થોડા જોવા લાવ્યો છું. તને ને સુધાને જેવો ઘાટ પસંદ પડે તેવો કરાવીએ.

મંગળા : આ કડાં કેટલા તોલાનાં?

વ્રજલાલ : સાત તોલા ને ચાર આની.

મંગળા : આટલાં બધાં ભારે નથી કરાવવાં આપણે; ચાર તોલાનાં તો બહુ થયાં.

વ્રજલાલ : આપણે સુધાને પહેરવા આપ્યું તે કેટલા તોલા?

મંગળા : વળી ભૂલી ગયાને? ચાર તોલાની ચાર બંગડીઓ ને બે તોલાનો ચેન.

વ્રજલાલ: છ તોલા; તો પછી આ કડાં યે...

મંગળા : ને હજુ કાનની બુટ્ટી, હાર, ચૂડીઓ... બધું થશેને?

વ્રજલાલ: એટલે લગભગ વીસેક તોલા...

મંગળા : તો ય વેવાણને ઓછું પડવાનું છે.

વ્રજલાલ: કેમ?

મંગળા : આપણી પુષ્પાની સાસુને એ કમળા મળી હશે, તે કહેતી'તી કે સુધાના લગ્નમાં ઓછામાં ઓછું પાંત્રીસ તોલાનું સમુરતું તો કરશે જ ને?

વ્રજલાલ: પાંત્રીસ... તોલા?... અરે, એટલું તો ન્યાતના લાખોપતિએ પણ...

મંગળા : આપણે ઊલટાનું હોંશથી રિવાજ કરતાં થોડું વધારે કરાવીએ છીએ ત્યારે એમને એ ઓછું પડે છે.

વ્રજલાલ : ને આપણે ક્યાં બીજા લોકોની જેમ એક વહુને ચડાવેલું સોનું બીજા દીકરાના લગ્નમાં વાપરવાનું છે?

મંગળા : માટે જ કહું છું કે તમારો સ્વભાવ છે ઢીલો, ને દરેક વાતમાં હા યે હા કરી બેસો છો; પણ આમાં તમે મન મક્કમ નહિ રાખો તો ફોલી ખાશે...

અનિલ : પણ બા, એમ અત્યારથી તમે એમને માટે આમ બોલો...

મંગળા: અને તું અત્યારથી તારા સાસરાનો પક્ષ ખેંચે છે તે લગન પછી તો શું ય કરશે!

અનિલ: પણ બા, બહેનની સાસુ તો એમનું ન હોય તો ય વાંકું બોલે એવાં છે.

મંગળા : હજી ભાઈ, તું એમને પૂરાં ઓળખતો નથી. જોયું નહિ, એક સગાઇની સાડીની બાબતમાં તારી સાસુએ કેટલા ધમપછાડા કર્યા, ને ગામમાં આપણને વગોવ્યાં તે? એ કમળીને હું ક્યાં નથી જાણતી? અંતે તો એ...

વ્રજલાલ: દરેક બાબતમાં તમારે બૈરાંઓને જ વાંધા પડે.

મંગળા : એ તો હવે લગન લેશો એટલે ખબર પડશે કે તમારે ભાયડાઓને પણ કેટલા વાંધા પડે છે તે! તમે જ નહોતા કહેતા કે સગાઇ પછી વેવાઈ બહુ બદલાઇ ગયા છે?

વ્રજલાલ : હા, એ વાત તો સાચી. સગાઇ કરવી'તી ત્યારે તો રોજ ચાપાણી ને નાસ્તા, અને છાશવારે જમવાનું...

મંગળા : ક્યાં ગયું એ બધું હેત હવે?

અનિલ: જેવું તમે એમને માટે બોલો છો તેવું એ તમારે માટે નહિ બોલતાં હોય?

મંગળા : હું નહોતી કહેતી કે આ છોકરો અત્યારથી એનાં સાસુસસરાનું ખેંચે છે, તે લગન પછી તો આપણા સામું ય શેનો જોશે? કહો ન કહો પણ એ કમળાએ અને એની દીકરીએ એને ભોળવી લીધો છે.

અનિલ : બા, તમે ખોટો વહેમ રાખો છો.

મંગળા : એ તને અત્યારે નહિ સમજાય, દીકરા! એ તો હજુ લગન નથી થયાં ત્યાં સુધી જ ભયોભયો છે. પછી તો ગોદા મારશે ગોદા.

અનિલ : પણ બા, આપણે છોકરી સામે જુઓને; છો ને એનાં માબાપ ગમે તેવાં રહ્યાં.

મંગળા : એ તો માબાપ એવી દીકરી. ઘરમાં આવ્યા પછી શી વિતાડશે તે કોણ જાણે છે?

વ્રજલાલ : પણ છોકરી તો તું પસંદ કરી આવી'તી; ને અત્યાર સુધી તો એનાં વખાણ કરતાં થાકતી નહોતી.

[ઘંટડી વાગે છે. અનિલ ઊઠીને બારણું ઉઘાડે છે. રતિલાલ અને કમળા પ્રવેશે છે.]

વ્રજલાલ : પધારો, રતિલાલ શેઠ! પધારો.

મંગળા : આવો, કમળાબેન.

રતિલાલ : કેમ છો શેઠ, કુશળ ને? (અનિલને) કેમ છો અનિલકુમાર?

અનિલ : મઝામાં.

કમળા : (મંગળાને) તમારી તબિયત...

મંગળા : સારી છે; બેસો.

રતિલાલ : કેમ, શું ચાલે છે?

વ્રજલાલ: બસ, આ લગનની તૈયારી. કડાંના ને બુટ્ટીના નવા ઘાટ જોવા લઇ આવ્યાં છીએ.

કમળા : (મંગળાએ આપેલાં કડાં જોતાં જોતાં) ઘાટ તો સારો છે. સુધાને ગમે એવો છે.

રતિલાલ : અમે પણ લગ્નનું નક્કી કરવા જ આવ્યાં છીએ. જુઓ, જાણે જોશીએ ત્રણ તિથિ કાઢી આપી છે. એક મહા વદ અગિયારશ.

વ્રજલાલ-મંગળા : હા...

રતિલાલ : બીજી, ફાગણ સુદ ત્રીજ અને ત્રીજી ફાગણ વદ નોમ. એમાંથી તમને જે અનુકૂળ લાગે તે વિચાર કરીને કહેવડાવજો.

વ્રજલાલ : અમને તો તમે જે નક્કી કરો તે અનુકૂળ જ છે.

મંગળા: તોપણ વિચારકરીને કહેવડાવીશું. એવી શી ઉતાવળ છે?

કમળા: હા, નિરાંતે કહેવડાવજોને. અમારે તો ત્રણે તિથિ ચોખ્ખી છે ને ફાવે એવી છે.

મંગળા : (ઊભી થતાં કમળાને) હું આવું જરા, ચાનું પાણી મૂકીને...

કમળા : બેસોને નિરાંતે, અમે જમી પરવારીને જ નીકળ્યાં છીએ. (મંગળા જાય છે.)

રતિલાલ : શેઠ, પેલી જે તમને વીમાની વાત કરી હતીને...

વ્રજલાલ : હા, મારા ધ્યાનમાં જ છે.

અનિલ : શાનો વીમો?

રતિલાલ : મને એમ કે તમારો ને સુધાનો દસદસ હજારનો વીમો ઉતરાવી લઇએ.

અનિલ : કેમ?

રતિલાલ : ખાસ તો કંઇ નહિ, પણ ધારો કે કાલે સવારે ન બનવાનું કંઈ બન્યું...

અનિલ : એટલે, હું મરી જાઉં તો સુધાનું શું થાય, એમ?

વ્રજલાલ:(અનિલને) એમ ધડ દઇને બોલી ન નાખીએ; અને રતિલાલ શેઠની વાત ખોટી યે નથી. પણ...આપણે લગન પછી જોઇશું.

અનિલ : પણ જો જિંદગીનો એટલો ય ભરોસો ન હોય,તો પછી લગ્નનું જ માંડી વાળોને.

કમળા : અનિલકુમાર, એમ આકળા થવાનું આમાં કાંઈ નથી.

રતિલાલ : આ તો એક સહેજ વિચાર છે.

કમળા :દીકરીનાં માબાપ પોતાની દીકરીનું કંઇક જુએ તો ખરાંને.

રતિલાલ: ને એમાં વાહવાહ તો તમારા ઘરની જ બોલાશે ને?

કમળા : અમે તો તમારા ઘરની શોભા વધે એમાં રાજી છીએ; ને એટલે જ કહીએ છીએ કે સમુરતાનું રિવાજ મુજબ ઘરેણું ચડાવો એના કરતાં થોડું વધારે કરશો તો ન્યાતજાતમાં તમારું કેટલું સારું બોલાશે!

રતિલાલ: જે કરશો તે તમારે ઘેર જ પાછું આવવાનું છે. અમારે ક્યાં એમાંથી કશું...

વ્રજલાલ : તમે કેટલા તોલાનું ધાર્યું છે?

કમળા : પાંત્રીસચાલીસ તોલાનું તો...

મંગળા : (પ્રવેશતાં) શું...?

વ્રજલાલ : એ તો શેઠે વીમાની વાત કરી.

મંગળા : ને કેટલા તોલાનું સમુરતું કહ્યું?

વ્રજલાલ : પાંત્રીસચાલીસ તોલા...

મંગળા : (દાઝમાં) વીમાની ને સમુરતાના સોનાની વાત કરો છો, તે કરિયાવર તમે કેટલો કરશો એ કહોને!

કમળા : કરશું અમારી શક્તિ મુજબ.

રતિલાલ : રીતભાતે જેટલું થતું હશે એટલું કર્યા વગર અમે થોડાં રહેવાનાં છીએ કંઈ?

મંગળા : પણ ચોખ્ખી વાત કરોને, એટલે અમને ય ખબર પડે કે અમારે શું કરવું ન કરવું.

કમળા : તમે કેટલું કરવાનાં છો એ તો તમારી સગાઇની સાડી પરથી જ જાણી લીધું. જૂની સાડી રંગાવીને ઉપર નવો લેસ મૂકીને આપી, તે આખી ન્યાતે મને તો ટોકી ખાધી.

મંગળા : રહેવા દો હવે એવું ખોટું બોલવું. જ્યાંત્યાં વગોવતાં ફરો છો તે શરમાતાં નથી? ન માન્યામાં આવે તો આ બિલ બતાવું.

કમળા : એવી હલકી સાડીને શું મારી સુધા હાથે ય અડકાડવાની છે એમ તમે માનો છો?

વ્રજલાલ: કમળાબેન, આમ વાતવાતમાં તમે વાંધા પાડો એ બરાબર નથી થતું.

રતિલાલ : વાંધા તમે પાડો છો કે અમે?

કમળા : રિવાજ મુજબ જેટલું થતું હોય...

મંગળા : રિવાજની તમને એકલાંને જ ખબર હશે કે બીજા કોઇને ખરી

કમળા : બહુ ખબર હતી તેમાં જ સુધાને જમાડીને હાથમાં બે રૂપિયા આપી સમજાવી દીધી. પહેલવારકા જમાડવાનો ચોખ્ખો પાંચ રૂપિયાનો રિવાજ છે. ખબર નહિ સુધાને, નહિ તો તમારા બે રૂપિયા ઘરમાં પાછા નાખીને જ ન આવે?

મંગળા : તમે એવું કરો પછી તો એવું જ થાય ને! તમારે ક્યાં પાંચસાત જમાઇ હતા, તે અનિલને દિવાળીના પહેલી વારના પગે લાગ્યાના પાંચ રૂપિયા આપી પતાવી દીધું? અને અનિલને ય અક્કલ નહિ તે પાંચ રૂપિયામાંથી ત્રણ રૂપિયાનું દારૂખાનું ત્યાં ને ત્યાં મંગાવી ફોડયું! પણ તમને એટલું ઘરમાં રાખતાં શરમ ન આવી?

અનિલ : પણ બા, આ જૂની તકરારો અત્યારે યાદ કરીને કંઇ કામ છે? એમ કરો, રાજીખુશીથી જેને જે કરવું હોય તે કરે.લેવડદેવડની બાબતમાં આવા ઝગડા શા?

રતિલાલ : એટલે એનો અર્થ એ કે તમારે કંઈ કરવું નહિ ને અમારી પાસેથી બધું મોઢે માગીને લેવું!

મંગળા : પણ તમારામાં કરવાની શક્તિ ન હોય તો સામાની પાસેથી શું કામ મોટી મોટી આશા રાખો છો? વીમાની ને સમુરતાની ડાહીડાહી વાતો કરો છો, તો કેમ કરિયાવરની વાતમાં ગલ્લાંતલ્લાં કરો છો? આ તમને ચોખ્ખું કહી દઉં, કે ઓછામાં ઓછો દસ હજારનો કરિયાવર કરવો પડશે.

રતિલાલ : એટલે? દીકરીનું ઘર અમારે ભરી દેવું, પછી ભલે અમારે ભીખ માંગવા નીકળવું પડે, એમ તમારું કહેવું છે?

કમળા : બહુ ડહાપણ કરો છો તો તમારી પુષ્પાના લગનમાં કરવો હતો ને દસ હજારનો કરિયાવર? ત્યારે કેમ સાવ નાક જાય એવું કરીને બેઠાં'તાં?

મંગળા : નાક જાય એવું તો તમે તમારી જ્યોત્સનાના લગનમાં કર્યું હતું. હલકાં ને જૂનાં વાપરેલાં પોત રંગાવીને એના પર ખોટા લેસ મૂકયા હતા તે આખી ન્યાત તમારી વાત કરે છે, ને તમારી વેવાણ તો હજુ ય તમને વગોવે છે. અમે એવું તો નહોતું કર્યું ને કંઇ?

રતિલાલ : (કડક અવાજે) સો વાતની એક વાત. આ તમને ચોખ્ખું કહી દીધું કે દસ હજારનો કરિયાવર નહિ થાય.

કમળા : (ઉગ્ર થઇ) ને એવું હોય તો ગોતી લેજો દસ હજારનો કરિયાવર લાવે એવી કન્યા.

મંગળા : (ઉગ્ર થઇ) ઓ હો હો! તમે નહિ કરો, તો મારો દીકરો કંઈ કુંવારો રહેશે?

કમળા : તો અમારી સુધા પણ કંઈ વાંઢી નથી રહેવાની, સમજ્યાં ને? ન્યાતમાં તેર નહિ ને ત્રેપન મુરતિયા છે; હોત્રે!

વ્રજલાલ : (પાન ચાવતાં ચાવતાં આ બધો તમાશો જોતાં જોતાં શાંતિથી) હવે આ બધી ભાંજગડ મૂકીને ઘડી બેસોને નિરાંતે.

રતિલાલ : શું બેસે? જ્યારે આવીએ ત્યારે બસ વાંધા ને વચકા! (કમળાને) ચાલો!

કમળા : ચાલો; હવે અહીં બેસીને શું કામ છે?

રતિલાલ : (જતાં જતાં) બસ, કજિયાકંકાસ સિવાય બીજી વાત જ નહિ. આવે ઘેર દીકરી આપી હોય તો ય શું સુખી થાય?

કમળા : બળ્યું, આ તે વેવાણ છે કે કોણ છે?

રતિલાલ : ગરજ હશે તો કહેવડાવશે લગનનું. (બંને ચાલ્યાં જાય છે.)

મંગળા : (એમને સંભળાય એવા અવાજે) ગરજ તમારે હોય તો કહેવડાવજો. અમારે જરા ય ગરજ નથી.

વ્રજલાલ: કેમ અનિલ,સાંભળ્યુંને? જો હવે મને પૂછયા વગર તારે સાસરે જવાનું નથી.

મંગળા: અને ખબરદાર,આજથી હવે સુધા સાથે ફરવા ગયો છે તો.

વ્રજલાલ : આ તો રતિલાલ શેઠે ચોખ્ખું આપણું અપમાન જ કર્યું છે.

અનિલ: હું એ કદી સહન કરી લેવાનો નથી.

મંગળા : દસ હજારનો કરિયાવર કરવામાં ગલ્લાંતલ્લાં કરવાં છે, ને પાંત્રીસ તોલાનું સમુરતું જોખીને ને કસીને લેવું છે.

અનિલ : આવાંને તો ઠેકાણે જ લાવવાં જોઇએ. બાપુજી, તમે જો સંમતિ આપો તો...

વ્રજલાલ : શાની?

અનિલ: આપણે સગાઈ તોડી નાખીએ તો? આવા લોકો સાથે હવે સંબંધ રાખીને...

મંગળા: એ જ લાગના છે એ. જે અત્યારથી જ દીકરીના ઘરનું ખાવાનું શોધે છે એ દીકરીનાં લૂગડાંલત્તાં શું પૂરાં કરવાનાં હતાં?

વ્રજલાલ: પણ આપણે સગાઈ તોડીને તકરારનું કારણ આપવું, એના કરતાં લગનની વાત જ રવાડે ચડાવી દઇને ટળાવીએ, તો?

અનિલ: પણ હવે જે ઘર સાથે સંબંધ જ રાખવાની ઈચ્છા નથી—

મંગળા : પણ અનિલ, તારા બાપુજી કહે છે તે ખોટું નથી. લગનની વાત ફરી લઇને આવે તો આપણે હા યે પાડવી નહિ ને ના યે પાડવી નહિ. સગાઇ તોડવાની વાત એમને કરવી હોય તો ભલે કરે. આપણે તો ચોખ્ખો

દસ હજારનો કરિયાવર કરે તો જ...

અનિલ: દસ હજારનો કરિયાવર કરે તો પણ, બા, હું હવે એ ઘેર લગન કરવાનો નથી. મારું મન હવે સાવ ઊઠી ગયું છે. તમે જો રજા આપો તો હું મારો બીજો રસ્તો કરી લઉં.

મંગળા: પણ આ સગાઈ તોડયા વગર ન્યાતમાં કેવી રીતે કરવાનો?

વ્રજલાલ: અનિલ, તારી સાથે કૉલેજમાંથી પેલી એક આવતી'તી ને?...

અનિલ: કોણ, મનોરમા?

વ્રજલાલ: હા; એનાં લગ્ન થઈ ગયાં?

અનિલ: ના...

મંગળા: પણ એવી પારકી ન્યાતની છોકરી મારા ઘરમાં ન જોઈએ.

વ્રજલાલ: ન્યાત એની ભલેને ગમે તે હોય. આપણે તો છોકરી સારી હોવી જોઇએ.

મંગળા: પારકી ન્યાતની લાવીએ એટલે કોઈ કશા વહેવાર કરે નહિ. વહુનાં કપડાંલત્તાં આખી જિંદગી આપણે જ પૂરાં કરવાં પડે, ને છેવટ સુધી બધું આપણે જ વેઠવાનું.

અનિલ: પણ એમાં શું થઈ ગયું?


મંગળા: થઈ શું ગયું? તને તે કંઈ અક્કલ છે? વહુ તો હમેશા પિયરના લૂગડે જ શોભે. કરિયાવર વગર વહુ ઘરમાં આવે તો લોકો મારી વગોવણી કરીને મને પીંખી જ ખાય તો.

વ્રજલાલ (મંગળાને) અરે, પણ તું ચા મૂકવા ગઈ'તી તેનું શું થયું?

મંગળા: એ તો ખાલી વિવેકસ્તો. હું એને ત્યાં ગઈ ત્યારે 'ચા મૂકુંછું ચા મૂકુંછું' કરીને મને ખાસ્સી દોઢ કલાક બેસાડી રાખી'તી. તો પછી હું ય કંઈ કાચી નથી.

વ્રજલાલ: હશે, પણ હવે ચા મૂકવાની વાત કરી છે એટલે મને તો ચા વગર નહિ ચાલે. અને તમે બધાં યે મારું માથું દુખાડયું છે એટલે હવે આપણે તો બે કપ જ જોઇશે.

(પડદો)



પ્રવેશ બીજો

[સ્થળ: એ જ; સમય: લગભગ બે મહિના પછીની રાત]

વ્રજલાલ: (ઘડિયાળ સામે જોઈ) સવા આઠ થયા. અત્યારે તો અનિલ પહોંચી ખાઈપીને એના મામા સાથે ફરવા પણ નીકળ્યો હશે.

મંગળા: અનિલની વાત સાંભળશે એટલે રતિલાલ શેઠ ઢીલા તો પડશે.

વ્રજલાલ: અનિલે પણ ઠીક યુક્તિ ઉપજાવી.

મંગળા: હા, આજે તો બસ બધે અનિલ ભાગી ગયો છે ને બીજે લગ્ન કરી નાખવાનો છે એવી જ વાતો ચાલતી હતી.

વ્રજલાલ: રતિલાલ શેઠ એથી જોકે નમતું આપે એવા નથી. આપણે ગામમાં વાત ફેલાવી કે અનિલને બીજે પરણાવી દેવાનાં છીએ, એટલે એમણે યે ગપ્પું ઉડાડયું કે તેઓ પણ સુધાને બીજે પરણાવી દેવાના છે.

મંગળા: અને આપણે અનિલને ગુપચુપ એના મામાને ઘેર મોકલ્યો, તો એમણે પણ સુધાને એના મામાને ઘેર જ મોકલી.

વ્રજલાલ: એ ગમે તેટલા ધમપછાડા કરે, પણ આપણે હવે જરાય નમતું આપવાનું નથી.

મંગળા: જોકે એ સ્વભાવના લડવાડિયા છે એટલે આજકાલમાં આવ્યા વિના નહિ રહે.

વ્રજલાલ: તો વાતનો ઝટ નિકાલ આવી જશે ને આપણને પણ કંઈ સૂઝ પડશે.

મંગળા: પણ હું એમ પૂછું, કે આ મામાને ઘેર જવાનું ને ભાગી જઈ મનોરમા જોડે લગ્ન કર્યાનું ગામમાં ગપ્પું ઉડાડવાનું અનિલે બધું ઊભું તો કર્યું, પણ ધારો કે અનિલ સાચ્ચે જ એ મનોરમા જોડે લગ્ન કરી નાખે તો? તો તો હું એને ઘરમાં પેસવા જ ન દઉં.

વ્રજલાલ: એમ આપણને પૂછયા વગર એ પગલું પણ ન ભરે. પણ ધારો કે સુધાને મહેશ જોડે પરણાવી દેવાની પેલાઓની વાત સાચી હોય તો?

મંગળા: છોને દીકરીને ગમે ત્યાં કૂવામાં નાખી આવે, તેમાં હવે આપણે શું?

વ્રજલાલ: એક રીતે જે થયું તે બધું સારું જ થયું છે. (બારણાની ઘંટડી વાગે છે.)

મંગળા: (ઊઠતાં) સારું જ થયું. હું તમને કહું કે, અનિલ ને સુધાને બહુ બનતું ય નો'તું.

[મંગળા બારણું ઉઘાડે છે. રતિલાલ અને કમળા પ્રવેશે છે.]

વ્રજ૦-મંગળા: આવો. (બંને બેસે છે.)

રતિલાલ: ગામમાં બધા લોકો વાતો કરે છે કે તમારો અનિલ કોઈ છોકરી સાથે ભાગી ગયો છે, ખરી વાત?

વ્રજલાલ: ભાગી શું કામ જાય? અમે જ એને મોકલ્યો છે એના મામાને ઘેર.

કમળા: કોઈ વંઠેલ છોકરીને લઇને ભાગી જવાથી એની આબરૂ વધી જવાની હશે!

મંગળા: અમારો દીકરો એવો નથી. ખબરદાર, જો ગમે તેમ બોલ્યાં તો!

કમળા: શું કામ ના બોલે? સુધાએ પોતે જ કહ્યું તે ખોટું?

મંગળા-વ્રજલાલ: શું? શું કહ્યું?

રતિલાલ: અનિલે ચોખ્ખું સુધાને કહ્યું હતું કે હું મનોરમા જોડે પરણી જવાનો છું ને તું તારું ગમે ત્યાં ફોડી લેજે.

વ્રજલાલ-મંગળા: અમારો અનિલ એમ બોલે જ નહિ.

કમળા: ને અમારી સુધા કહે તે ખોટું?

રતિલાલ: એ તો આવું સાંભળ્યું ત્યારથી બિચારી પૂરું ખાતી પણ નહોતી.

મંગળા: અમારો અનિલ એમ બોલે જ નહિ, ને બોલ્યો હશે તો તમારી સુધાએ કંઈક એવાં વેણ કહ્યાં હશે ત્યારે જ...

કમળા: અમારી સુધાએ?

વ્રજલાલ: હા, અનિલે બધું અમને કહ્યું છે.

મંગળા: સુધાએ કહ્યા વગર ગામના લોક બધી વાતો કરતા હશે! માબાપની આબરૂ બગાડે એવું કંઈક ના કરે તો કહેજો.

રતિલાલ: આબરૂ તો તમારી તમારા દીકરાએ બગાડી છે.

મંગળા: અમારો દીકરો ભાગી ગયાની વાત કરો છો, તો તમારી દીકરી પેલા કોઈ મહેશને લઇને ભાગી ગઈ છે એવી લોકો અમસ્થી વાતો કરતા હશે?

કમળા: લોકો તો સાવ જૂઠા.

રતિલાલ: અમે તો સુધાને એના મામાને ઘેર મોકલી છે.

મંગળા: મામાનાઘરનું બહાનુંઠીકહાથમાં આવી ગયું છે.

કમળા: અને તમારો અનિલએના મામાને ઘેર ગયો છે એ બધાં બહાનાં નહિ?

મંગળા: તમે કહો એવા સોગન ખાઇએ.

કમળા: ખાવ ભગવાનના સોગન કે એ પેલી છોકરી સાથે લગન નહિ કરે?

મંગળા: એવાસોગનઅમેશુંકામખાઇએ? તમે જ સોગન ખાઇને કહોને કે સુધા પેલા કોક મહેશને લઇને ભાગી નથી ગઈ?

કમળા: અમારા પેટમાં જરાય પાપ નથી. લ્યો ભગવાનના સોગન ખાઇને કહું છું કે...

રતિલાલ: (વચ્ચે) અરે, પણ એ સોગન નથી ખાતાં તો તારે એવી શી જરૂર છે?

વ્રજલાલ: બસ, ત્યારે. સૌ પોતપોતાના મનમાં સમજે છે.

રતિલાલ: જુઓ, વ્રજલાલ શેઠ! સો વાતની એક વાત. આ સગપણમાં તમને ફાવતું નથી આવ્યું અને અમને...

મંગળા: અમને તો નર્યું ફાવતું'તું. તમને કશું ફાવતું ન આવ્યું.

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૩ ઉપર)

કૃત્રિમ ઉપગ્રહો સ્પુટનિક ને એક્સપ્લોરર



માનવીએ પાડેલાં અવકાશયાનનાં પહેલાં પગલાં


લેખક
ગિરીશ દેસાઈ


૪થી ઑક્ટોબર ૧૯૫૭! અરધા વિશ્વ પર સંધ્યાનો રંગબેરંગી પ્રકાશ પથરાઈ રહ્યો હતો, ત્યારે બાકીના અરધા વિશ્વ પર વહેલી સવારનું આછું અજવાળું પગરણ કરી રહ્યું હતું. આ સમયે રશિયાની ભૂમિ પરથી એક ત્રણમજલી રૉકેટ અગ્નિની ઝાળો છોડતું, આકાશને ધુમાડાથી ભરી દેતું અવકાશમાં અદૃશ્ય થઈ ગયું. નીચે ભૂમિ પર ઇજનેરો ને વૈજ્ઞાનિકો 'ઈઅરફોન્સ' લગાવી ઇંતેજારી કરી રહ્યા હતા.

થોડા વખત પછી અવકાશમાંથી આવતા રેડિયો-સદેશા સંભળાયા: 'બીપ....બિપ....બિપ'. ઇજનેરો અને વૈજ્ઞાનિકોની આંખો ચમકી ઊઠી. દુનિયાને ચારે ખૂણે સમાચાર પ્રસરી ગયા કે રશિયાએ સૌથી પ્રથમ માનવ-સર્જિત ઉપગ્રહ 'સ્પુટનિક નં: ૧'ને પૃથ્વીથી ૫૬૦ માઈલ દૂર અવકાશમાં તરતો મૂક્યો છે!

અને રશિયાનો એ પ્રથમ સ્પુટનિક—૧૮૪·૩ રતલ (૮૩·૧ કિલોગ્રામ) વજનનો અને ૨૨·૮ ઇંચના વ્યાસનો એ નાનકડો ગોળો, પૃથ્વીની આસપાસ એક કલાકના ૧૭,૭૧૨ માઈલની ઝડપ મેળવીને ૯૬·૨ મિનિટમાં ઘૂમી રહ્યો હતો.

માનવ-સર્જિત ઉપગ્રહને અવકાશમાં ઘૂમતો મૂકવાની આ હકીકતે દુનિયાને આંચકો આપ્યો; પરંતુ એની તૈયારી તો કેટલા યે વખતથી ચાલતી હતી. આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષના અનેક કાર્યક્રમોના એક ભાગ તરીકે, પૃથ્વીના વાતાવરણ બહાર કૃત્રિમ ઉપગ્રહ મોકલીને અવકાશનાં રહસ્યો જાણવાની યોજનાની સૌપ્રથમ જાહેરાત અમેરિકાના પ્રમુખ આઈઝનહોવરે ૨૯ જુલાઈ ૧૯૫૫ને દિવસે કરી હતી. ત્યાર પછી ૨૭ ઑગસ્ટે રશિયાના જાણીતા વૈજ્ઞાનિક લીનોઈડ સેદોવે પણ કહેલું કે રશિયા ૧૮ મહિના બાદ 'કૃત્રિમ ઉપગ્રહ' છોડશે; ને ૧૯૫૭ની ૧લી જૂને રશિયાએ જાહેર કર્યું કે કૃત્રિમ ઉપગ્રહને લઈ જનાર રૉકેટ અંગેની સઘળી તૈયારીઓ તેમણે કરી લીધી છે. અને પછી બે મહિના બાદ રશિયાની 'તાસ' સમાચાર સંસ્થાએ ખબર પ્રસિદ્ધ કર્યા કે 'ઉપગ્રહ' નજીકના જ ભવિષ્યમાં છોડવામાં આવશે; અને આખરે ઉપર જણાવેલી તારીખે અણુયુગમાં ઝોલા ખાતું વિશ્વ અવકાશયુગમાં પ્રવેશ્યું. આમ, અવકાશમાં પ્રથમ પગલાં માંડવાની શરતમાં રશિયા જીતી ગયું.





મથાળે: સ્પુટનિક-૨માં યાંત્રિક સાધનોની ગોઠવણ: (૧) સ્પુટનિક ૨ તેની ભ્રમણકક્ષામાં પ્રવેશ્યો ત્યારે છૂટું પડી ગએલું શંકુ આકારનું કોચલું. (૨) સૌર અને એક્સ-રે કિરણોત્સર્ગનાં સંશોધન માટેનું સાધન. (૩) અન્ય યાંત્રિક સાધનો અને રેડિયો ટ્રાન્સમીટર. (૪) બધાં સાધનોને પકડતી ફ્રેઈમ. (૫) 'લાઈકા'વાળી સજ્જડ બંધ કરેલી કૅબિન. જમણી બાજુ: બીજા સ્પુટનિકમાં સિદ્ધ થએલી તબીબી જીવશાસ્ત્રીય સંશોધનની યોજના: (અ) અંતરિક્ષ-કિરણો, (આ) સૂર્યપ્રકાશ-ઈન્ફ્રારેડ, અલ્ટ્રાવાયોલેટ અને એક્સ-રે કિરણો, (ઇ) વજન રહિતતા, (ઈ) શ્વાસોચ્છ્વાસ, (ઉ) હૃદયના થડકા, (ઊ) લોહીનું દબાણ, (એ) રેડિયો ટ્રાન્સમીટર દ્વારા નિયમિત અંતરે એકઠી કરેલી માહિતી પૂરી પાડતી રૅકૉર્ડિંગ કરવાની ખાસ કરામત. આ છે બીજા સ્પુટનિકમાં 'લાઈકા' કૂતરીવાળી પેટીની ગોઠવણનો સાદો આલેખ. (સંપાદકીય)

ત્યાર બાદ ફક્ત એક જ મહિનાના ગાળામાં (૩ નવેમ્બર '૫૭) રશિયાએ અરધો ટન (૫૦૩·૮ કિલોગ્રામ) વજનનો (પહેલા સ્પુટનિક કરતાં લગભગ છ ગણો વધારે વજનદાર) બીજો સ્પુટનિક અવકાશમાં ૧૦૬૨ માઈલ દૂર ફેંક્યો. આ બીજા સ્પુટનિકનું મહત્ત્વ વધારે હતું, કારણ કે તે એક યાત્રી-કૂતરી 'લાઈકા'ને લઇને ૧૦૩·૭ મિનિટમાં પૃથ્વીની આસપાસ પરિભ્રમણ કરી રહ્યો હતો.

આ પછી અમેરિકાએ કરેલો સૌથી પહેલો પ્રયોગ 'વૅનગાર્ડ' (પુરોગામી) નિષ્ફળ નીવડ્યો. ત્યાર બાદ જ્યુપિટર-સી રૉકેટ વડે એણે છોડેલો 'એક્સ્પ્લોરર' ૩૧મી જાન્યુઆરીએ પૃથ્વીથી ૧૫૮૭ માઈલ દૂર અવકાશમાં પહોંચ્યો. અલબત્ત, રશિયન ઉપગ્રહની સરખામણીમાં આ અંતર વધારે છે એ ખરું, પરંતુ રશિયાના બીજા સ્પુટનિકની સરખામણીમાં તેનું કદ તથા વજન નાનું અને ઓછું છે.

બન્ને સ્પુટનિક તથા એક્સ્પ્લોરરને અવકાશમાં તરતા મૂકનાર રૉકેટોને વૈજ્ઞાનિકો 'કૅરીઅર રૉકેટ' કહે છે. આ રૉકેટ ત્રણ તબ્બકાનું (થ્રી સ્ટેજ) અથવા બહુ-તબ્બકાનું (મલ્ટીપલ સ્ટેજ) હોઈ શકે. આ કૅરીઅર રૉકેટોની રચના અતિશય અટપટી હોય છે.


રૉકેટની સૌથી પ્રથમ શોધ કરવાનું માન જર્મનીના ડૉ. વર્નર ફૉન બ્રૉનને ફાળે જાય છે. તેણે બનાવેલા વી-૨ રૉકેટોએ (જે બીજું કૈં નહિ પણ 'શૉર્ટ રેન્જ ગાઇડેડ મિસાઈલ્સ' હતા) બીજા વિશ્વયુદ્ધ વખતે ઇંગ્લંડ પર મોતની વર્ષા કરી હતી. ઉપર્યુક્ત વી-૨ રૉકેટોની રચનાને આધારે જ કૅરીઅર રૉકેટોની રચના કરવામાં આવી હતી, અને એનો મૂળ શોધક ડૉ. બ્રૉન પોતે આજે અમેરિકાને કૃત્રિમ ઉપગ્રહને અવકાશમાં મોકલવા માટે મદદ કરી રહ્યો છે.

કૅરીઅર રૉકેટમાં સૌથી પ્રથમ રૉકેટ અત્યંત શક્તિશાળી હોય છે, કારણકે તેણે જ બાકીનાં રૉકેટોને તથા બાલચંદ્રને ખેંચીને હવાના ઘર્ષણ તેમજ ગુરુત્વાકર્ષણના બળની વિરુદ્ધ થઇને અવકાશમાં ધકેલવાનાં હોય છે. એક વાર ગુરુત્વાકર્ષણની પાર નીકળી ગયા, પછી તો ત્યાર બાદના તબ્બકાનાં રૉકેટોની ઝડપ આપોઆપ વધી જાય છે.

સ્પુટનિકને રૉકેટના શંકુ આકારના મુખમાં ગોઠવવામાં આવ્યો હતો, અને રૉકેટ કક્ષામાં પહોંચે કે તરત જ તેનું શંકુ આકારનું મુખ ઊઘડી જાય ને ઉપગ્રહ બહાર ફેંકાઇ જાય એવી ગોઠવણ કરવામાં આવી હતી. જ્યારે એક્સ્પ્લોરર ચોથા રૉકેટ સાથે જોડાએલો જ રહ્યો છે.

આ સ્પુટનિક અને ઍક્સ્પ્લોરરને લઇ જતાં રૉકેટો કઇ રીતે ઉપર પહોંચ્યા હતાં તે જોઇએ.

(૧) સ્પુટનિક તેમજ એક્સ્પ્લોરરનાં પ્રથમ તબ્બકાનાં રૉકેટ ધરતી પરથી છૂટયાં કે તરત ૪૦થી ૬૦ માઇલ સીધાં ઉપર ચઢી ગયાં. એક્સ-



એક્સ્પ્લોરરને તેની ભ્રમણ-કક્ષામાં લઈ જનાર રૉકેટ 'જ્યુપિટર-સી'ની ગોઠવણ સમજાવતાં ચિત્રો. પહેલી આકૃતિમાં 'જ્યુપિટર-સી'ના સમગ્ર ખયાલ આપ્યો છે; બીજીમાં એ રૉકેટના બીજા, ત્રીજા અને ચોથા વિભાગની ગોઠવણ આપી છે; અને ત્રીજી છેલ્લી આકૃતિમાં એક્સ્પ્લોરરની રચના સમજાવી છે. ફક્ત છ જ ઇંચ જેટલા પહોળા અને લગભગ ૮૦ ઈંચ લાંબા આ કૃત્રિમ ઉપગ્રહનાં તમામ યંત્રોનું વજન માત્ર ૧૧ રતલ જ છે, જ્યારે ઉપગ્રહનું પોતાનું કુલ વજન ૩૦.૮ રતલ છે, આમાં રૉકેટના છેલ્લા ભાગનો પણ સમાવેશ થઈ જાય છે, જેનું વજન ૧૨.૭ રતલ છે. ઉપગ્રહ અને રૉકેટનો છેલ્લો ભાગ એક જ એકમ તરીકે ભેગા રહે તેવી યોજના છે. એક્સ્પ્લોરરમાં ચાર પ્રકારની માહિતી મેળવવાનાં યંત્રો છે: ઉપગ્રહની બહારની દીવાલનું ઉષ્ણતામાન, અંદરનું ઉષ્ણતામાન, ઉલ્કારજથી લાગતો ઘસારો અને વિશ્વકિરણોની ઉગ્રતા. યંત્રો ૭.૫ રતલ વજનની પોલાદની પેટીઓમાં મૂકેલાં છે. આ બધાં નાનકડાં યંત્રો, જે પ્રક્રિયાને બીજાણુ-ઉદ્યોગમાં સૂક્ષ્મીકરણ (મિનિયેચરાઇઝેશન) કહે છે તે ક્રિયાથી બનાવેલાં છે. કુલ મળીને આટલાં યંત્રો તેમાં મૂકેલાં છેઃ મળેલી માહિતીને રેડિયો-સંકેતોમાં પલટાવી નાખનાર યંત્ર; વિશ્વકિરણો માપનાર યંત્ર (ગાઈગર કાઉન્ટર); ઉપગ્રહ ઉપર અથડાતા સૂક્ષ્મ ઉલ્કાકણોની ઘનતા માપતાં યંત્રો; બે રેડિયો ધ્વનિપ્રસારક યંત્રો અને બે બૅટરી. અને બધું ફક્ત ૧૧ રતલનું જ તથા છ ઈંચ જ પહોળા ગાળામાં! (સંપાદકીય)


પ્લોરરના રૉકેટને એ ઊંચાઇએ પહોંચતાં ૧૫૦ સેકન્ડ લાગેલી. સ્પુટનિકના રૉકેટે આટલી ઊંચાઇ પર પહોંચતા સુધીમાં ઉપગ્રહને આપવા ધારેલી ઝડપના ૧૫% જેટલી ઝડપ મેળવી લીધી હતી ને તેનું બળતણ ખલાસ થતાં તે બીજા તબ્બકાના રૉકેટને દાગીને છૂટું પડી ગયું હતું.

(૨) સ્પુટનિકનું બીજા તબ્બકાનું રૉકેટ પ્રવાહી બળતણ પર ચાલતું હતું. તે બળતણ કેવા પ્રકારનું હતું તેની માહિતી ઉપલબ્ધ નથી. અમેરિકાનું રૉકેટ અગિયાર નાનાં રૉકેટોનું બનેલું હતું અને તેને ૨૦૦ માઈલની ઊંચાઇએ પહોંચતાં ૨૪૦ સેકન્ડ લાગી હતી. સ્પુટનિકના રૉકેટની ઝડપ અમેરિકાના રૉકેટ કરતાં વધારે હતી અને હવે તેણે ઉપગ્રહને આપવા ધારેલી ઝડપના ૩૨% જેટલી ઝડપ મેળવી લીધી હતી. આ બીજા તબક્કાનું રૉકેટ પણ પહેલા રૉકેટની માફક છૂટું પડી ગયું.

(૩) સ્પુટનિકનું ત્રીજા તબ્બકાનું રૉકેટ અને અમેરિકાનું રૉકેટ, બન્ને આ તબક્કે પૃથ્વીને સમાંતર થઈ ગયાં હતાં. રશિયાના રૉકેટની ઝડપ કલાકના ૧૮,૦૦૦ માઈલની થઈ ગઈ હતી. તેનું બળતણ ખલાસ થયું કે તરત જ તેનું શંકુ ઊઘડી જઇને તેમાંથી સ્પુટનિક (નં. ૧) છૂટો પડી ગયો અને તે પણ એટલી જ ઝડપે પૃથ્વીની આસપાસ ફરવા લાગ્યો. જ્યારે સ્પુટનિક (નં. ૨) તો પોતે જ ત્રીજા તબ્બકાનું રૉકેટ હતો, અને તે ભ્રમણકક્ષામાં દાખલ થયો કે તરત જ તેના પરનું શંકુ ખરી પડયું હતું. એક્સ્પ્લોરરનું ત્રીજું રૉકેટ ચાર નાના રૉકેટોનું બનેલું હતું.

(૪) એક્સ્પ્લોરરનું ચોથું રૉકેટ, જેની સાથે ઉપગ્રહ જોડેલો હતો તેણે કલાકના ૧૮,૦૦૦ માઈલની ઝડપ મેળવી લીધી કે તરત જ તેનું બળતણ ખલાસ થઈ ગયું અને પૃથ્વી પરથી રૉકેટ છૂટયા બાદ બરોબર ૬ મિનિટ ને ૫૨ સેકન્ડે તે પૃથ્વીની ભ્રમણકક્ષામાં દાખલ થઈ ગયો. અમેરિકા નજીકની તેની ઊંચાઈ ફક્ત ૨૦૦ માઈલની જ હતી.

રશિયાના બન્ને સ્પુટનિક તેમજ એક્સ્પ્લોરર ન્યૂટનના સ્થિતિ-સાતત્યના નિયમ (law of inertia) પ્રમાણે પૃથ્વીની આસપાસ ઘૂમી રહ્યા છે. (પહેલો સ્પુટનિક તો હવે પૃથ્વી પર પડી ગયો છે) સ્થિતિસાતત્યનો એ નિયમ આમ છે: 'એક વાર ગતિમાન થએલી વસ્તુ, જ્યાં-સુધી બહારનું બળ એને અવરોધે નહિત્યાંસુધી સીધી લીટીમાં પોતાની ગતિ એક સરખી ચાલુ રાખે છે.' બાલચંદ્ર સીધી લીટીમાં નથી જતો કારણકે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ એને ખેંચી રાખે છે. અહીં એક પ્રશ્ન ઊઠે છે કે ૧૮,૦૦૦ માઈલની ઝડપ જ શા માટે? એનો ખુલાસો એ છે કે



એક્સ્પ્લોરરના ઉડ્ડયનની વિગતો સમજાવતો ઉપરનો આલેખ જોતાં સમજાશે કે ૬ મિનિટ ને ૫૨ સેકંડ જેટલા ટૂંકા ગાળામાં તેણે કેટલી પ્રગતિ કરી લીધી હતી! આટલી—૨૦૦ માઇલની ઊંચાઇએ પહોંચવા માટે ઉપર દર્શાવ્યા પ્રમાણે જ ગતિ રાખવી પડે, નહિતર પૃથ્વીના ગુરુત્વાકર્ષણના જોરે તે પાછો નીચે પડે. વળી એટલી ઊંચાઈ સુધીમાં તેની ગતિ ૧૮,૦૦૦ માઇલની જ થવી જોઇએ; જો એટલી ઊંચાઇએ એથી વધુ ઝડપ જો થઈ જાય તો કદાચ તે ગુરુત્વાકર્ષણની હદ બહાર નીકળી જઈ અનંત અવકાશ તરફ ચાલ્યો જાય! આમ ૨૦૦ માઇલની ઊંચાઇએ ૧૮,૦૦૦ માઇલની ગતિ તથા જોઇતો વળાંક મળી રહે તો જ તે પૃથ્વીની આસપાસ ફરતો રહે, ને તો જ વિજ્ઞાનીઓ તેના વડે જોઈતાં નિરીક્ષણો કરી શકે ને નોંધો મેળવી શકે. (સંપાદકીય)

આટલી ઝડપ હોય અને ઓછામાં ઓછી ૨૦૦-૩૦૦ માઈલની ઊંચાઈ હોય તો જ ઉપગ્રહ ભ્રમણકક્ષામાં દાખલ થઈ શકે, નહિ તો તે એક્સ્પ્લોરર નં. ૨ની માફક નીચે પટકાઈ પડે. ગુરુત્વાકર્ષણ સામે ટકવા માટે આટલી ઝડપ અનિવાર્ય છે.

હવે, બંને સ્પુટનિકો અને એક્સ્પ્લોરરની સરખામણી જોઇએ:

ઉપગ્રહ	વજન	કદ	સમય
સ્પુટનિક નં. ૧	૧૮૪·૩ રતલ	૨૨·૮ ઈંચ	૯૬·૨ મિ.
,, નં. ૨	અરધો ટન	૩૦થી૪૦ ફૂટ	૧૦૩·૭ મિ.
એક્સ્પ્લોરરનં. ૧	૩૦·૮ રતલ ૮૦" લાંબો, ૬" પહોળો		૧૧૫ મિ.

ત્રણેનાં વજનમાં ઘણો ફેર છે, છતાં એ ત્રણેની ઝડપ લગભગ સરખી જ છે. ઉપલક દૃષ્ટિએ જોતાં આપણને એમ લાગે કે અરધો ટન વજન ધરાવતા સ્પુટનિકને ગુરુત્વાકર્ષણનું બળ વધારે ઝડપથી ફેરવે; પણ વાસ્તવિક રીતે જોતાં વસ્તુ જેમ વધારે વજનદાર તેમ તેને એના સીધા પંથ (rectilinear course) પરથી ચળાવવી વધારે મુશ્કેલ. આ ઉપરથી નક્કી થાય છે કે ઉપગ્રહની ગતિ તેના કદ પર આધારિત નથી. તેમજ ૧,૦૦૦ કિલોમીટર સુધીની કક્ષામાં પહોંચનારા ઉપગ્રહોની ઝડપમાં ફેરફાર પણ બહુ જ નજીવો હોય છે. અંતર વધે તો ઝડપ ઓછી થાય છે. દા.ત. ચંદ્ર આકાશમાં પૃથ્વીથી ૩,૮૦,૦૦૦ કિલોમીટર (૩,૬૦,૦૦૦ માઈલ) જેટલો દૂર છે તો તેની ઝડપ કૃત્રિમ ચંદ્ર કરતાં લગભગ ૮મા ભાગની છે. બીજું એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે જુદીજુદી ઝડપ ધરાવતા બે ઉપગ્રહો એક જ કક્ષામાં કદી ન ફરી શકે.

ત્રણે ઉપગ્રહો પૃથ્વીની આસપાસ વર્તુળાકારે નહોતા ફરતા. તેમની કક્ષાઓ નીચે દર્શાવ્યા મુજબ લંબગોળ હતી.

	નજીકનું અંતર	દૂરનું અંતર
સ્પુટનિક નં. ૧	૨૦૦ થી ૨૫૦ માઈલ	૫૬૦ માઈલ
,, નં. ૨	૨૫૦ થી ૪૦૦ માઈલ	૧૦૬૨ માઈલ
એક્સપ્લોરર	૨૦૦ માઈલ	૧૫૮૭ માઈલ

બન્ને સ્પુટનિકો વિષુવવૃત્તથી ૬૦ ડિગ્રી ઉત્તર-દક્ષિણ અક્ષાંક્ષમાં ઘૂમતા મૂકવામાં આવ્યા હતા, જ્યારે એક્સ્પ્લોરર ૩૪° ઉત્તર-દક્ષિણ અક્ષાંક્ષમાં ફરી રહ્યો છે. (જુઓ આકૃતિઓ)

અમેરિકાના વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે એક્સ્પ્લોરરને વિષુવવૃત્તના વિસ્તારની નજીક ઘુમાવવાનું કારણ એ છે કે એથી એને કલાકના ૯૦૦ માઈલનો વધુ વેગ મળે છે. જ્યારે બન્ને સ્પુટનિકોને ફક્ત ૪૦૦ માઇલનો જ વેગ મળેલો.

સ્પુટનિકો દક્ષિણ-પશ્ચિમમાંથી ઉત્તર-પૂર્વમાં ઘૂમતા મૂકવામાં આવ્યા હતા. દરેક પરિક્રમા બાદ બન્ને સ્પુટનિકો ૨૪ ડિગ્રી રેખાંશ જેટલા ખસતા હતા કારણકે પૃથ્વી પશ્ચિમથી પૂર્વ તરફ ફરે છે. આ કારણને લઇને સ્પુટનિકો દરેક પરિક્રમા વખતે દુનિયાના જુદાજુદા વિસ્તારો પરથી પસાર થતા હતા.


ત્રણે કૃત્રિમ ગ્રહોમાં બબ્બે ટ્રાન્સમીટર ગોઠવવામાં આવ્યાં હતાં. ઉપગ્રહની બહાર રાખવામાં આવેલા એરિયલ દ્વારા, બન્ને સ્પુટનિકો ૧૫ ને ૭·૫ મીટર પર તથા એક્સ્પ્લોરર ૧૦૮·૦ અને ૧૦૮·૩ મેગાસાઇકલ્સ પર તથા સાંકેતિક સંજ્ઞાઓ પૃથ્વી પર મોકલી આપતા હતા. આ સાંકેતિક લિપિ આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષની ઉજવણીમાં ભાગ લેનારાં રાષ્ટ્રોએ સાથે મળી નક્કી કર્યા મુજબ યોજવામાં આવી છે અને એમાં મળતી દરેક માહિતી આં. ભૂ. ભૌ. વર્ષના બ્રસેલ્સ ખાતેના વડા મથકે મોકલી આપવામાં આવે છે. ઉપગ્રહનાં સાંકેતિક સંદેશાઓ ઝીલવા માટે વિશ્વના દરેક પ્રદેશમાં શક્તિશાળી રેડિયો-રીસીવિંગ સ્ટેશનો ઊભાં કરવામાં આવ્યાં છે. આમ વિજ્ઞાનને ક્ષેત્રે વિશ્વમાં ઐક્ય સ્થાપવામાં આં. ભૂ. ભૌ. વર્ષે મદદ કરી છે.

ઉપગ્રહમાં બે ટ્રાન્સમીટરો રાખવાનું કારણ આપતાં વૈજ્ઞાનિકો જણાવે છે કે સ્પુટનિકનું ૧૫ મીટર પર તથા એક્સ્પ્લોરરનું ૧૦૮·૦ મેગાસાયકલ્સ પર કામ કરતું—એ બંને ધ્વનિ પ્રસારક યંત્રો શૉર્ટવેવ પર સંદેશાઓ પ્રસારિત કરે છે; જ્યારે ૭·૫ મીટર અને ૧૦૮·૩ મેગાસાઇકલ્સવાળાં (અનુક્રમે) અલ્ટ્રા શૉર્ટવેવ પર સંકેતો મોકલે છે. સૌને વિદિત છે કે શૉર્ટવેવ રેડિયો-મોજાં વાતાવરણમાં રહેલા આયોનોસ્ફીઅર થર સાથે અથડાઇને પાછાં ફરે છે, અને તેથી સંદેશાઓ દૂર દૂર સુધી સાંભળી શકાય છે. જ્યારે અલ્ટ્રા શૉર્ટવેવ સીધાં આયોનોસ્ફીઅરમાંથી નીચે ઊતરી આવે છે, જેથી સિગ્નલ સારી રીતે સાંભળી શકાય છે.

આ સાંકેતિક સંદેશાઓની મદદ વડે ઉપગ્રહનો પૃથ્વીની આસપાસ ફરવાનો સમય પણ નક્કી કરી શકાયો હતો. સંદેશાઓનો સમય બદલાય તો તરત જ જાણી શકાય કે ઉપગ્રહ પૃથ્વીની એકદમ નજીક આવતો જાય છે અને એકસરખો રહે તો ખબર પડે કે તે બરોબર રીતે ભ્રમણકક્ષામાં ઘૂમી રહ્યો છે.

૧૯૫૭-૫૮ દરમ્યાન સૂર્યની પ્રવૃત્તિઓ ખૂબ જોરદાર રહેવાની છે. સૂર્યમાંથી નીકળતાં મૅગ્નેટિક મોજાંઓની અસર આયોનોસ્ફીઅર પર થાય છે અને એ આ ઉપગ્રહની મદદ વડે જાણવાનું શક્ય બનશે. આ માહિતી પૃથ્વી પરના રેડિયો વિતરણમાં સુધારાવધારા કરવાને માટે મદદ કરશે. આ પ્રકારની માહિતી રશિયન તથા અમેરિકન વૈજ્ઞાનિક મેળવી પણ શક્યા છે.

વર્ષો પહેલાં ડૉપ્લર નામના ઑસ્ટ્રીઅન વૈજ્ઞાનિકે એવો સિદ્ધાંત રજૂ કર્યો હતો કે રેડિયોમોજાં પ્રસારિત કરતી (અવકાશી) વસ્તુ જેમ જેમ રીસીવિંગ સ્ટેશનની નજીક આવતી જાય છે તેમ તેમ તેની ફ્રીક્વ-



એક્સ્પ્લોરર અને સ્પુટનિક નં. ૧ તથા ૨ની ભ્રમણકક્ષાઓ. ઉપરની આકૃતિઓ જોતાં સમજાશે કે એક્સ્પ્લોરર વિષુવવૃત્તની વધુ નજીક રહીને, એટલે કે ઉત્તર-દક્ષિણ ૩૪° અક્ષાંશમા રહીને પૃથ્વીની આસપાસ લંબગોળાકારે ફરે છે. એકસ્પ્લોરરને વિષુવવૃત્તની નજીક રાખીને ભ્રમણ કરાવવાનું કારણ એ છે કે એથી એને કલાકના ૯૦૦ માઈલનો વધુ વેગ મળે છે, અને એ રીતે છોડવાથી બળતણમાં ઘણો બચાવ થાય છે; જ્યારે બંને સ્પુટનિકોને ૪૦૦ માઇલનો જ વધુ વેગ મળે છે. રશિયાએ પોતાના વિશિષ્ટ પ્રકારના બળતણની શોધને કારણે આ લાભ જતો કર્યો છે. પણ આ રીતે છોડવાથી સ્પુટનિકના વ્યાપમાં દુનિયાના લગભગ બધા જ મુખ્ય દેશો આવી જાય છે, જ્યારે એકસ્પ્લોરરની કક્ષામાં એટલો પ્રદેશ આવતો નથી. ઉપલા નકશાઓમાં કૃત્રિમ ચંદ્રની ભ્રમણ-કક્ષાઓ નીચે જે પ્રદેશ નથી આવતો તે ઘેરો કરી બતાવ્યો છે. નકશામાં ધ્યાન ખેંચે તેવી બીજી બાબત એ છે કે એકસ્પ્લોરર સ્પુટનિકો કરતાં યે વધુ ઊંચે (૧૫૮૭ માઇલ) ગયો છે. પણ સાથે યાદ રાખવું જોઇએ કે એકસ્પ્લોરરના વજન કરતાં સ્પુટનિકોનાં વજન વધારે છે. જોકે ત્રણેની ગતિ તો લગભગ એકસરખી જ છે. (સંપાદકીય)

ન્સીનાં આંદોલનો વધતાં જાય છે, અને જેમ જેમ દૂર જતી જાય છે તેમ તેમ ઓછાં થતાં જાય છે. આંદોલનોનો આધાર વસ્તુની ઝડપ પર રહેલો છે. ડૉપ્લરનો આ સિદ્ધાંત ઉપગ્રહની મદદ વડે સમજી શકાયો છે ને રેડિયો ટેલેસ્કોપ વડે આકાશી પદાર્થોનો જે અભ્યાસ કરવામાં આવે છે તેમાં આ માહિતી મદદકર્તા થઈ પડશે.

રેડિયો સંદેશની મદદ વડે ખંડખંડ વચ્ચેનું સાચું અંતર પણ જાણી શકાશે એમ વૈજ્ઞાનિકો માને છે. ઉપગ્રહ લંબગોળ કક્ષામાં ફરતો હોવાથી તે પૃથ્વીની નજીક હોય ત્યારે આ સિગ્નલો જોરદાર હોય છે અને દૂર હોય છે ત્યારે આછી હોય છે. આથી બીજો એક ફાયદો એ થાય છે કે ઉપગ્રહ એકદમ નજીકના વાતાવરણની તથા દૂરના વાતાવરણની નોંધો પણ રેડિયો-સંદેશ દ્વારા મોકલી આપી શકે છે.

સ્પુટનિક નં. ૧. ની અંદર ગોઠવેલાં નાજુક યંત્રો હવામાનના અસાધારણ ફેરફારને કારણે અટકી ન પડે તે માટે એની અંદર નાઈટ્રોજન વાયુ ફરતો રાખવામાં આવ્યો હતો. વળી તેમાં વાતાવરણનાં ઉપરનાં તથા નીચેનાં ઘનતા અને ઉષ્ણતામાન, તથા ઉલ્કાકણોની માહિતી આપે એવાં અને અંતરિક્ષ અંગેની પૂરતી હકીકત રજૂ કરે એવાં ચોક્કસ યંત્રો ગોઠવવામાં આવ્યાં હતાં. અંતરિક્ષ-કિરણોની ઉત્પત્તિ અંગે માહિતી મેળવવાની ઇચ્છા વૈજ્ઞાનિકોને સદા યે રહી છે, પરંતુ પૃથ્વીનું વાતાવરણ એની આડે આવતું હતું. બલૂન વડે બહુ ઊંચાઈ સુધી પહોંચી શકાતું નહોતું. ઉપગ્રહની મદદ વડે રશિયન વૈજ્ઞાનિકો અંતરિક્ષ-કિરણો વિષે સારા પ્રમાણમાં જાણકારી મેળવી શકયા હશે. તેમણે જાહેર કરેલી વિગતો અનુસાર જાણવા મળ્યું છે કે આયોનોસ્ફીઅરમાંનાં અંતરિક્ષ-કિરણો ઘણાં તીવ્ર હોવા છતા મનુષ્યો માટે જોખમકારક નથી. ઉષ્ણતામાન અંગે એમ જાણવા મળ્યું છે કે ઉપગ્રહની અંદરનું ઉષ્ણતામાન ૫૦ થી ૮૦ ડિગ્રી ફેરેન્હાઈટ સહેલાઇથી રાખી શકાય છે. વાતાવરણની ઘનતા વૈજ્ઞાનિકોએ ધારી હતી એના કરતાં નવ ગણી વધારે જણાઈ.આ ઘનતા ૧૩૭થી૫૦૦ માઈલ સુધીના વિસ્તારની છે. તેથી દૂર વાતાવરણ એટલું પાતળું છે કે તેને અવકાશનું નામ આપી શકાય. વાતાવરણની વધુપડતી ઘટતાને લીધે જ તો ૨૭ મહિના સુધી ફરવો જોઈતો સ્પુટનિક નં. ૧ ફક્ત ત્રણ મહિનામાં નીચે પટકાઇ પડચો. પણ હવે પછી ઉપગ્રહને વધારે સમય સુધી અવકાશમાં રાખી શકાશે એમ વૈજ્ઞાનિકો કહે છે.

ઉલ્કાકણોની માહિતી પણ રસપ્રદ છે. મોટી ઉલ્કાઓનું તો લગભગ અસ્તિત્વ જ નથી. હોત તો સ્પુટનિકો તથા એકસ્પ્લોરર ક્યારના નીચે પટકાઈ પડચા હોત. વળી ઍક્સ્પ્લોરરમાં રાખવામાં આવેલાં સાધનો તો ઉલ્કા-કણોની પણ નોંધ લે છે. બહાર વીંટાળવામાં આવેલા ખૂબ બારીક તાર સાથે ઉલ્કાકણ અથડાતાં તાર તૂટતા અને એની સંખ્યા 'ઇલેકટ્રોનિક કાઉન્ટર'નોંધી લેતું,અનેતેનો અવાજ તથા સંખ્યા રેડિયો-સંદેશાદ્વારા પૃથ્વી પર મળતી રહેતી.

સ્પુટનિક નં. ૨, જે ત્રીજા રૉકેટનો એક ભાગ જ છે, તેની પ્રવાસી કૂતરી 'લાયકા'એ પણ અત્યંત મહત્ત્વની માહિતીઓ પૂરી પાડી છે. રૉકેટ પૃથ્વી પરથી ઊપડે તે પહેલાં એની ઝડપ શૂન્ય હોય છે અને પછી વધીને થોડી જ ક્ષણોમાં હજારો માઈલની થઈ જાય છે. આને 'ગતિવૃદ્ધિ' (acceleration of speed) કહે છે.આ ગતિવૃદ્ધિને પરિણામે સંભવ છે કે રૉકેટમાં બેઠેલા પ્રવાસીના મગજમાં એકદમ લોહી ચડી જાય. માણસ ગમે તેટલી ઝડપ સહન કરી શકે, પણ ગતિવૃદ્ધિ સહન ન કરી શકે. પરંતુ 'લાઈકા' ઉપર્યુક્ત સ્થિતિમાં નથી મુકાઈ તે બતાવે છે કે રશિયન વૈજ્ઞાનિકો થોડી ઊંચાઈ પર પહોંચવાવાળા રૉકેટોના પ્રવાસીઓ માટે ગતિવૃદ્ધિનું જોખમ દૂર કરવામાં સફળ નીવડચા છે. આ ઉપરાંત રૉકેટ જેમજેમ ઉપર જાય તેમતેમ વાતાવરણનું દબાણ ઓછું થાય, તેથી અંદર બેઠેલા પ્રવાસીના લોહીમાં રહેલાં નાઇટ્રોજન તથા કાર્બનડાયૉક્સાઇડ પરપોટા રૂપે બહાર નીકળી જાય. આ સંબંધમાં રૂસી વૈજ્ઞાનિક ડૉ. ઇસાકોવ લખે છે કે આકાશમાં ૧૭ કિલોમીટર (સાડા દસ માઇલ)ઊંચે માત્ર ૩૭° સેન્ટીગ્રેડ ગરમી વડે પ્રવાહી ઊકળવા લાગે. આપણા શરીરનું ઉષ્ણતામાન ૩૭° સેન્ટીગ્રેડ છે, એટલે જો આપણે સાડા દસ માઇલ ઊંચે ખુલ્લા અવકાશમાં હોઇએ તો આપણા શરીરમાંનું લોહી પણ ઊકળવા માંડે, જેને પરિણામે આપણે તત્કાળ મરણ પામીએ. આટલા જ માટે પૃથ્વી ઉપર વાતાવરણનું જેટલું દબાણ આપણા શરીર ઉપર પડતું હોય તેટલું જ દબાણ રૉકેટના અંદરના ભાગમાં પણ રાખવું જોઈએ. લાઇકાને તેથી જ સમ દબાણવાળી એરકંડીશન્ડ પેટીમાં રાખવામાં આવી હતી. પેટીની અંદર લાયકાને પટ્ટા વડે એવી રીતે જકડી લેવામાં આવી હતી કે તે જરાયે હલીચલી પણ ન શકે; કેમકે જો તે એકબાજુ નમી જાય તો તેના શરીરમાંનું બધું જ લોહી તે બાજુ જમા થઈ અને તે (લાયકા)મરી જાય. પણ આમ નથી થયું.

આ ઉપગ્રહો અતિ ઝડપથી પૃથ્વીની આસપાસ ફરતા હોવાથી

અવકાશ

ઘણાં વૈજ્ઞાનિકો અવકાશની વાતો બહુ કરે છે. આ અવકાશ ક્યાંથી શરૂ થાય છે?

માણસ બલૂનમાં ૨૪ માઈલ ઊંચે જઈ આવ્યો છે. ત્યાં અવકાશ છે?...ના.

રૉકેટ લગભગ ૨૫૦ માઇલ ઊંચે જઈ આવ્યું છે. ત્યાં અવકાશ છે?...ના.

રશિયાનો બીજો સ્પુટનિક તથા અમેરિકાનો એક્સ્પ્લોરર લગભગ ૧૦૬૨થી ૧૬૦૦ માઇલ સુધીની ઊંચાઇએ પહોંચ્યા છે. મળેલી માહિતી મુજબ ત્યાં યે અવકાશ નથી. હવા છે, પણ અત્યંત પાતળી–એટલી બધી કે હવાનો એક કણ બીજા કણથી હજારો માઈલ દૂર હોય!

તો પછી અવકાશ ક્યાંથી શરૂ થાય છે? સામાન્ય રીતે પૃથ્વીના વાતાવરણની સીમા પૂરી થાય એટલે તરત જ. પરંતુ વૈજ્ઞાનિકોની દૃષ્ટિએ અવકાશ(Outer Space)ના ત્રણ વિભાગ પાડી શકાય: (૧) એક ગ્રહ ને બીજા ગ્રહ વચ્ચેનો અવકાશ; (૨) એક તારા (સૂર્ય, ને બીજા તારા વચ્ચેનો અવકાશ; (૩) તારાઓના એક વિશ્વ (galaxy આકાશગંગા) ને તારાઓનાં બીજા વિશ્વ વચ્ચેનો અવકાશ.

આકાશગંગાઓ વચ્ચેનું અંતર કેટલું? એક સેકંડમાં ૧,૮૬૦૦૦ માઇલની ઝડપે પ્રવાસ કરતા પ્રકાશને પણ એમની વચ્ચેનું અંતર કાપતાં લાખો વર્ષ લાગે! આ હિસાબે અવકાશનો વિસ્તાર કલ્પનામાં પણ ન આવે એટલો મોટો થાય!

અવકાશ વિષે લોકોની સામાન્ય માન્યતા એવી છે કે ત્યાં ખૂબ ઠંડી અને શાંતિ હોય છે. તેના ભયંકર અંધકારમાં ફક્ત થોડીથોડી વારે તારલાઓ ચમકતા હોય છે, અને વારે ઘડીએ ઉલ્કાઓ ગડગડાટ કરતી, ચમકારા કરતી પસાર થતી હોય છે.

વૈજ્ઞાનિકો કહે છે: અવકાશ શૂન્ય છે. શૂન્યમાં ગરમી પણ નથી, ઠંડી પણ નથી; કારણ કે ત્યાં હવાના કણો એટલા, બધા ઓછા હોય છે કે ઉષ્ણતામાન સંભવી જ ન શકે.

અવકાશમાં પ્રકાશ પણ નથી અને અંધકાર પણ નથી; દિવસ પણ નથી અને રાત પણ નથી! કેટલો વિરોધાભાસ!! પ્રકાશ નથી કારણકે પૃથ્વીને છે એવું વાતાવરણ ત્યાં નથી; અને અંધકાર નથી કારણકે ત્યાં નિરંતર તારલાઓ ચમકતા હોય છે. દિવસ પણ નથી અને રાત પણ નથી કારણકે ત્યાં સૂર્ય કદી ઊગતો નથી કે આથમતો નથી.

અવકાશમાંથી પસાર થતી ઉલ્કાઓનો ગડગડાટ સંભળાતો નથી અને ચમકારા પણ દેખાતા નથી, કારણકે ત્યાં હવાનો અભાવ હોવાથી અવાજનું વહન થતું નથી તેમજ ઘર્ષણ પણ થતું નથી. આથી ઊલટું એકાદ નાનકડી ઉલ્કા આપણી પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે તો તે ગડગડાટ કરે છે, આંખને આંજી નાખે એવો ચમકારો મૂકીને નાશ પામે છે.

ઘણા એવો દાવો કરે છે કે તેઓએ બાળચંદ્રોનો સુસવાટો સાંભળ્યો છે. આ અશક્ય છે. ઉપર જણાવ્યા પ્રમાણે અવકાશમાં હવા ન હોવાથી અવાજનું વહન થતું નથી. રૂસી વૈજ્ઞાનિકો જણાવે છે કે ૭૫ માઇલ ઊંચે જાઓ એટલે પછી અવાજનું વહન ન થઈ શકે.

અવકાશ શૂન્ય છે, છતાં ખાલી નથી. તેમાં એકબીજાથી ખૂબ દૂર હવાના કણો રહેલા છે; વિદ્યુત-સંચારિત અણુઓ પણ છે, અને ખૂબ સખત અંતરિક્ષ-કિરણો છે.

અવકાશ દિશા નથી, કાળ નથી; ને એના અંતરની તો કલ્પના પણ ન થઈ શકે! સૌથી નજીકનો તારો કેટલો નજીક હશે? ત્યાં પહોંચવા માટે માનવી કલાકના ૭૦૦ માઇલની ઝડપે જતા જેટ વિમાનમાં બેસીને ઊડવા માંડે તો પણ એને ત્યાં પહોંચતાં દસ લાખ વર્ષ લાગે! આવે છે કંઈ કલ્પનામાં?!

અવકાશની સરખામણીમાં પૃથ્વીનું વાતાવરણ ગરમ ભઠ્ઠી જેવું છે. નીચેના થરોમાં હવામાનના ઉત્પાતો થાય છે ને ઉપરના થરોમાં જ્યારે હવાની ભરતી ચડે છે ત્યારે તેની શક્તિ હજારો આણુબૉંબ કરતાં યે અનેકગણી હોય છે.

ગિરીશ દેસાઈ

તેની અંદર શૂન્ય વજનની સ્થિતિ ઉત્પન્ન થાય એ સ્વાભાવિક છે. શૂન્ય વજનની સ્થિતિની અસર માનવીના શરીર પર કેવી થાય તેની જાણ અત્યાર સુધી નહોતી. લાઇકાની છાતી સાથે જડેલાં ટ્રાન્સમીટર તેના હૃદયનો ઇલેક્ટ્રોકાર્ડીઓગ્રાફ, શ્વાસોચ્છ્વાસ, બ્લડપ્રેશર વગેરેની તથા બહારનાં ટ્રાન્સમીટર ઉપગ્રહની અંદર બહારનાં ઉષ્ણાતામાનની માહિતી મોકલી આપતાં હતાં. લાઈકાની સ્થિતિ શરૂઆતનાં દિવસોમાં સંતોષકારક હતી એ બતાવે છે કે શૂન્ય વજનની અસર ભયકારક નથી.

સ્પુટનિક તથા ઍક્સ્પ્લોરર બન્નેની બહારની સપાટી એકદમ ચળકતી રાખવામાં આવી હતી કે જેથી તેઓ વધુમાં વધુ પ્રકાશ પાછો ફેંકે અને એથી ઓછામાં ઓછાં ગરમ થાય, તેમજ પૃથ્વી પરથી દૂરબીનો વડે તેમને નિહાળવાની પણ સુગમતા પડે. ઉપગ્રહોની હિલચાલ રેડિયો ટેલેસ્કોપ વડે પણ નોંધવામાં આવી છે.

સ્પુટનિક નં. ૨ કદમાં મોટો હોવાથી તેના ફોટો પાડવાનું પણ શક્ય બન્યું હતું. જાણીતા તારાઓને પશ્ચાદભૂમિકામાં રાખીને ફોટો લેવામાં આવ્યા હતા. નૈનીતાલની વેધશાળાએ પણ આ પ્રકારના ફોટો લીધા હતા. આવા ફોટો લેતી વખતે સાથે ચોક્કસ સમય પણ આપમેળે નોંધી લે એવી યાંત્રિક રચનાઓ કરવામાં આવી હતી.

છેલ્લા સમાચાર મુજબ રશિયા ત્રીજો સ્પુટનિક ઉડાડવાની તૈયારી કરી રહ્યું છે. એમાં પણ પ્રવાસી કૂતરો હશે. આ ઉપરાંત, વધુ જ્ઞાન મેળવી આપે એવાં સાધનો ઉમેરવામાં આવ્યાં હશે. આ સાધનોની રચના આગળના બે સ્પુટનિકોએ પૂરી પાડેલી માહિતી અનુસાર હશે.

સ્પુટનિક તથા એક્સ્પ્લોરરનાં ઊડાણને લીધે વિજ્ઞાને પણ આગેકૂચ કરી છે. વિજ્ઞાનની શાખાઓ જેવી કે ભૌતિકવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર વગેરેમાં તો અદ્‌ભુત પ્રગતિ સાધી શકાઈ છે. રૉકેટની રચના એટલી અટપટી હોય છે કે તેના ઊડાણની છેલ્લી ઘડીની તપાસ કરવા માટે 'ઇલેક્ટ્રોનિક બ્રેઈનની' જરૂર પડે છે! માનવીના ગજાબહારની ગણતરી આ મશીન ફક્ત ક્ષણોમાં જ કરી આપે છે. 'ઇલેક્ટ્રોનિક બ્રેઈન'ની ઉત્પત્તિ ગણિતશાસ્ત્ર તથા 'ઇલેક્ટ્રૉનિક્સ'ના જ્ઞાનને આભારી છે. રસાયણશાસ્ત્રે રૉકેટ માટે બળતણ મેળવી આપ્યું છે, તથા તેને બંધબેસતી ધાતુઓ પણ મેળવી આપી છે. ભૌતિકશાસ્ત્રની પ્રગતિને લીધે તો ઉપગ્રહ સાથે રેડિયોસંદેશ ચાલુ રાખવાનું શક્ય બન્યું છે. જ્યાં સુધી આયોનોસ્ફીઅર તથા રેડિયોસંદેશ પૂરતું જ્ઞાન નહોતું ત્યાં સુધી આ કાર્યક્રમ અમલમાં મૂકવો શક્ય નહોતો. આમ, વિજ્ઞાને સર્વદેશીય વિકાસ સાધ્યો છે, અને એ વિકાસનો ઉપયોગ માનવીના હિત માટે જ થાય એમ સૌ ઈચ્છે છે.

માનવીની મહેચ્છા તો અંતરિક્ષમાં પ્રવાસ કરીને અન્ય ગ્રહોની ધરતી પર પગલાં માંડવાની છે, અને એની એણે હવે શરૂઆત કરી છે. ભવિષ્યમાં આ કૃત્રિમ ઉપગ્રહો એટલા મોટા ને અદ્‌ભુત હશે કે માનવી એમાં વસવાટ કરી શકશે. એ ઉપગ્રહો પોતાની જ ધરી પર ફરતા હશે, જેથી પૃથ્વીની પેઠે એનું પોતાનું ગુરુત્વાકર્ષણબળ પણ ઉત્પન્ન થશે, અને અંદર વસવાટ કરનારાઓને શૂન્ય વજનની સ્થિતિ સહન નહિ કરવી પડે. આ ઉપરાંત તેનું આ ગુરુત્વાકર્ષણ પૃથ્વીના ગુરુત્વાકર્ષણ સામે સમતુલા જાળવશે. આ કલ્પના એક દિવસ મૂર્તિમંત બને એવા સંજોગો આજે પેદા થાય છે.

સુવર્ણદ્વીપ-સુમાત્રા

હિંદેશિયામાં ભારતીય સંસ્કૃતિના સ્તર



ઈન્ડોનેશિયાનું રાષ્ટ્રચિહ્ન પાંખ પ્રસારેલું ગરુડ છે, જેની છાતી પરના પદકનાં પાંચ ખાનાંમાં પંચશીલનાં પાંચ પ્રતીકો છે; અને બે પંજામાં ત્યાંનું રાષ્ટ્રસૂત્ર પકડેલું છે: 'ભિન્નેક તુંગ્ગલ ઈક' (ભિન્નતામાં એકતા)

અગસ્ત્યને પગલે પગલે

નવનીત પારેખ

સમગ્ર પ્રશાન્ત-સાગર-વિસ્તારમાં હિંદુ ધર્મ અને સંસ્કૃતિ દૃઢ થયા પછી ઈસવી સનના શરૂઆતના સૈકાઓમાં ભારતથી આવેલો બૌદ્ધ ધર્મ આ વિસ્તારમાં પણ ફેલાયો; પરંતુ તે કાળે હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મ એવો ભેદ નહોતો; તે તો એક જ વૃક્ષની બે ડાળ હતી. બંનેને પોષણ એક જ મૂળ(ભારત)માંથી મળતું હતું. આથી ગંગા તથા યમુના એકબીજીને મળીને ઓતપ્રોત થઈ જાય તેમ આ બંને સંપ્રદાયો ભળી ગયા અને એકબીજાના પૂરક બની ગયા. જાણે તેના પ્રતીક રૂપે જ 'શિવ-બુદ્ધ'ની મૂર્તિ ઉદ્ભવી જેમાં શૈવ ચિહ્નોવાળા બુદ્ધનું નિરૂપણ હતું. (જુઓ, ગયા અંકમાંનું ચિત્ર) સ્થળેસ્થળે હિંદુ તેમજ બૌદ્ધ મંદિરો સાથોસાથ ઊભાં થયાં અને કેટલેક સ્થળે તો બૌદ્ધ મંદિરો અને સ્તૂપો ઉપર હિંદુ પુરાણોના પ્રસંગો પણ આલેખાયા. અરે, જાવાની શ્રેષ્ઠ કલાકૃતિઓ—બૌદ્ધ બોરોબુદુર ને બ્રાહ્મણધર્મી પ્રંબાનનનાં મંદિરો એક જ કાળે, એક જ પ્રદેશમાં બંધાયાં. પૂર્વ જાવાના બૌદ્ધ-મંદિર ખુદ 'ચંડી જગો' ઉપર જ જાવી પુરાણ **કૃષ્ણાયન**ના પ્રસંગો શિલ્પમાં આલેખાયા છે!


જાવામાં સૌથી પ્રાચીન બૌદ્ધ મંદિર ઈ. સ. ૭૭૮માં બંધાએલું 'ચંડી-કલસન'નું મળી આવ્યું છે. તે 'આર્ય-તારા'ને અર્પિત છે. તેની પાસે જ 'ચંડી-સરી' નામનો વિહાર ને ૯મી સદીમાં બંધાએલું મંદિર 'ચંડી-સેવુ' આવેલાં છે. તે કાળે શિલ્પ અને સ્થાપત્ય ઘણાં જ પાંગર્યાં હતાં. અસંખ્ય દેવદેવીઓ ને બોધિસત્ત્વોની મૂર્તિઓ તે કાળે નિર્માણ થએલી. સંશોધકોને જે સેંકડો મૂર્તિઓ મળી આવી છે તેમાં શિવ, ગણેશ, કાર્તિકેય, પાર્વતી, નંદી, વિષ્ણુ, ગરુડ, શ્રી (લક્ષ્મી), દુર્ગા, કાલિ, ભૈરવ, બ્રહ્મા, ઇંદ્ર, બુદ્ધ, તારા, બોધિસત્ત્વ પદ્મપાણિ, વજ્રપાણિ, પ્રજ્ઞાપારમિતા, હારિતી વગેરે અનેક દેવદેવીઓનો સમાવેશ થાય છે.


મહારાજા સંજયે ઈ.સ. ૭૩૨માં મધ્ય-જાવામાં શૈલેન્દ્ર-સામ્રાજ્ય સ્થાપ્યું હતું એમ ઇતિહાસ કહે છે. આ સામ્રાજ્ય જાવા તેમજ બાલી, સુમાત્રા અને કલિમંથન (બોર્નિયો) સુધી વિસ્તર્યું હતું. તેના પછી થએલા રાજા પંચપણે ઈ.સ. ૭૭૮માં ચંડી-કલસનનું બૌદ્ધ મંદિર બંધાવ્યું હતું. આ જ રાજા પંચપણે જાવામાં મહાયાન બૌદ્ધ ધર્મ દાખલ કર્યો એમ મનાય છે. પંચપણના સમય પહેલાં જાવામાં દક્ષિણ ભારતની પલ્લવ લિપિ લેખન-પદ્ધતિ માટે ઉપયોગમાં લેવાતી હતી; પરંતુ પંચપણે ઉત્તર-ભારતની નાગરી લિપિની જાવામાં શરૂઆત કરી એમ તેના સમયના શિલાલેખો પરથી સ્પષ્ટ થાય છે. પરંતુ આ નાગરી લિપિ જાવામાં ચિરસ્થાયી ન બની શકી અને પંચપણના રાજ્ય પછી પલ્લવ લિપિ ફરી પ્રચલિત બની. દક્ષિણ ભારતની પલ્લવ લિપિમાંથી ઉદ્ભવેલી જાવાની આ લિપિને 'કવિ' કહેતા. તે કાળે તો કવિઓ અને વિદ્વાનો જ સરળતાથી લખી-વાંચી શકતા હશે ને! આ કવિ લિપિ અને ભાષા જ પાછળથી પણ જાવામાં ટકી રહી. કવિ ભાષામાં તો અસંખ્ય સંસ્કૃત શબ્દો અને શબ્દ-પ્રયોગો ઊતરી આવ્યા હતા.



ડીએંગ પ્રદેશમાં મળી આવેલાં પ્રાચીન હિંદુ મંદિરોમાં અર્જુન, ઘટોત્કચ, ભીમ તથા શિખંડીનાં મંદિરો મુખ્ય છે. તે પૈકી ભીમના મંદિર 'ચંડી-ભીમ'નું આ શિખર, વિખ્યાત કલામર્મજ્ઞ ડૉ. કુમાર સ્વામીની માન્યતા પ્રમાણે આપણા ભુવનેશ્વરના પરશુરામેશ્વર મંદિરની જ પ્રતિકૃતિ છે. આ બધાં પર હિંદુ દેવોનાં શિલ્પ છે.

સુમાત્રામાં બૌદ્ધ ધર્મનાં પગરણ ઘણાં વહેલાં મંડાએલાં. સાતમા સૈકામાં શૈલેન્દ્ર વંશનું શ્રીવિજય નામનું મહા-સામ્રાજ્ય ત્યાં ફાલ્યું હતું. શ્રીવિજયનું શાસન સુમાત્રા ઉપરાંત મલયૂ, જાવા, બૉર્નિયો, સેલીબીસ અને બીજા દ્વીપો ઉપર પણ ફેલાયું હતું. શ્રીવિજયના રાજાઓ બૌદ્ધ-ધર્મી હતા અને તેમણે તથાગતના ઉપદેશને આ આખાયે વિસ્તારમાં વ્યાપ્ત કર્યો, એટલું જ નહિ પરંતુ ભારતમાં પણ તેમણે





૧૯૪૫ની ૧૭મી ઑગસ્ટે કરેલા ઇંડોનેશિયાના સ્વાતંત્ર્યના જાહેરનામાનો મૂળ ખરડો: પ્રમુખ સુકર્ણના હસ્તાક્ષરમાં. મથાળે: 'સેરત વેદત્તમ' નામના પ્રાચીન ગ્રંથમાંથી જપાની 'કવિ' લિપિનો નમૂનો.




ગીચ વનરાજિ, નાનામોટા અસંખ્ય જળધોધો અને પર્વતછાયા પ્રદેશો-માં સખ્યાબંધ ભયંકર જ્વાળામુખીઓ ધરાવતી ઇંડોનેશિયાની ધરતીને પ્રકૃતિની રમણીય લીલાભૂમિ હોવાનું સૌભાગ્ય સાંપડ્યું છે. જમણી બાજુનું જ્વાળામુખ, એ પશ્ચિમ જાવાપ્રદેશના ૧૦,૦૦૦ ફૂટ ઊંચા વિખ્યાત પર્વત ગેડેહનું સદાય ધખધખતું અને બિહામણું રહેલું મુખ છે.



બૌદ્ધ-ધર્મનું સમર્થન કર્યું. નવમી સદીમાં સુવર્ણ-દ્વીપ(સુમાત્રા)ના રાજા બાલપુત્રદેવે નાલંદાના રાજા દેવપાલની સંમતિથી નાલંદા આવતાં જાવા-સુમાત્રાનાં યાત્રીઓ માટે ત્યાં મોટો વિહાર બંધાવ્યો હતો. તેવી જ રીતે ૧૧મા સૈકામાં શૈલેન્દ્ર વંશના રાજા ચૂડામણિવર્મને દક્ષિણ ભારત-માં નાગપટ્ટણમ(નેગાપટ્ટમ) પાસે મોટો બૌદ્ધ વિહાર બંધાવ્યો હતો. એક ઇતિહાસકાર માને છે કે શ્રીવિજયના શૈલેન્દ્ર રાજાઓ ઓરિસ્સા-ના શૈલોદ્ભવ વંશમાંથી ઊતરી આવેલા હતા.

વિખ્યાત બૌદ્ધ દાર્શનિક ને ઉપદેશક દિઙ્નાગના શિષ્ય ધર્મપાલ શ્રીવિજયના ધર્મ-કેન્દ્રમાં બૌદ્ધ તત્ત્વજ્ઞાન શીખવતા. બૌદ્ધ વિદ્વાન વજ્રબોધિ પણ ચીનમાં ધર્મોપદેશ કરવા જતાં સુવર્ણદ્વીપમાં રોકાએલા. વળી પ્રસિદ્ધ ઉપદેશક અતીશ પણ તિબેટમાં ધાર્મિક સુધારાઓ કરવા જતાં પહેલાં શ્રીવિજયમાં પૂરાં બાર વર્ષ રહ્યા હતા. ચીનથી ભારત આવતા બધા જ બૌદ્ધ યાત્રીઓ માર્ગમાં શ્રીવિજયના બૌદ્ધ વિહારો-માં રોકાતા, ત્યાં પ્રાથમિક ધર્મજ્ઞાન તથા ભારત વિષે માહિતી મેળ-વતા અને પછી જ તથાગતની ભૂમિ તરફ હંકારી જતા.



સુમાત્રાનાં સમૃદ્ધ જંગલોનાં વન્યપશુઓમાં ક્વચિત વાઘ અને દીપડા તો બેશુમાર છે.

સુમાત્રામાં સૌથી પ્રાચીન બૌદ્ધ-મૂર્તિ પાલેમ્બાંગ પાસે ચોથા-પાંચમા સૈકાની મળી આવી છે.તે અમરાવતી શૈલીની છે.જાવા,સુમાત્રા, કલિમંથન(બૉર્નિયો) ઉપરાંત શૂલવેષી (સેલીબીસ), શ્રાવક (સારવાક), બાલી તેમજ બીજા દ્વીપો પરથી અનેક હિંદુ-બૌદ્ધ મૂર્તિઓ મળી આવેલી છે, જે તે કાળે ત્યાં સર્વત્ર વિસ્તરેલી આર્ય-સંસ્કૃતિ તેમજ તે યુગમાં ખીલેલાં કલા-કૌશલ્ય તથા શિલ્પ-સ્થાપત્યની સાક્ષી પૂરે છે.

આ બધા સંસ્કાર-પ્રચારમાં સૌથી મોટો ફાળો દક્ષિણ ભારતના પલ્લવોનો જરૂર હતો; પરંતુ ગુજરાતના સાહસિક સાગર-ખેડૂઓનો હિસ્સો યે નાનોસૂનો નહોતો. દક્ષિણ ભારતના અગ્નિ ખૂણે આવેલા પલ્લવો માટે સુમાત્રા-જાવા કાંઈ વેગળાં ન ગણાય; પરંતુ પશ્ચિમ ભારત-ના ઉત્તર કાંઠે વસેલા ગુજરાતીઓ માટે તો તે દૂર જ ગણાય. છતાં પણ ગુર્જર રાજાઓ અને વ્યાપારીઓ જેમ અરબી સમુદ્ર ઓળંગીને આફ્રિકા ગએલા, તેમ બે હજાર માઇલની દરિયાઈ સફર ખેડીને સુવર્ણ દ્વીપ યવદ્વીપ પણ પહોંચેલા. જાવામાં એક દંતકથા પ્રચલિત છે કે આર્ય-સંસ્કૃતિ જાવામાં પ્રાચીન કાળમાં ગુજરાતના રાજકુમાર વિજય લઇ આવેલા. ઉત્તર ગુજરાતની તે કાળની રાજધાની ભિન્નમાલ(શ્રીમાલ)ની લોક-કથા પણ તેનું સમર્થન કરે છે. તે સમયે કનોજના રાજા પ્રભાકર-વર્ધને ઉત્તર ગુજરાત પર આક્રમણ કરેલું અને દક્ષિણના સમર્થ ચાલુક્ય રાજા પુલકેશીએ દક્ષિણ ગુજરાત પર હલ્લો કરેલો. તેમાંથી પોતાનો રાજવંશ, સંસ્કૃતિ અને સમૃદ્ધિ બચાવી લેવા ગુર્જર રાજકુમાર જાવા-સુમાત્રા તરફ મોટો કાફલો લઇને ચાલી નીકળેલા. જાવી દંતકથા આ-પણને કહે છે કે ગુર્જર-નરેશ ક્ષેમચિત્રને સન ૬૦૩માં એક સ્વપ્ન આવ્યું કે તેના રાજ્ય પર મોટી આપત્તિ આવી પડવાની છે. તેથી તેણે પોતાના રાજકુમાર ભૃવિજયને પાંચ હજાર સૈનિકો, ખેડૂતો, વ્યાપારી-ઓ, શિલ્પકારો ને પંડિતોના કાફલા સાથે જાવા મોકલાવ્યો. તેઓ છ મોટાં ને એકસો નાનાં વહાણોમાં જાવાના માતરમ્ બંદરે પહોંચ્યા, ત્યાં મોટી વસાહત ઊભી કરી અને પાછળથી ઘણાં મંદિરો પણ બાંધ્યાં. ભૃગુકચ્છ (ભરૂચ), વલભી, ખંભાત અને સુરતનાં બંદરો,


તથા સુમાત્રા અને પશ્ચિમ જાવાનાં બંદરો વચ્ચે ધૂમ વ્યાપાર ચાલતો અને ગુર્જર નૌકાઓ જાવા-સુમાત્રાના મરીમસાલા મધ્ય-પૂર્વના દેશોને તથા તેમની દ્વારા યુરોપ સુધી પહોંચાડતા.

સુમાત્રાના શ્રીવિજય-સામ્રાજ્યના અસ્ત પછી તેરમી સદીમાં જાવામાં મજ્જપહિતનું ભવ્ય સામ્રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. શ્રી-વિજયની જેમ આ સામ્રાજ્યનું આધિપત્ય પણ જાવા, સુમાત્રા, બૉર્નિયો, શલવેષી વગેરે દ્વીપો ઉપર વિસ્તર્યું હતું. આ યુગમાં પણ શિલ્પ અને સ્થાપત્ય ઉપરાંત સાહિત્ય, સંગીત, નૃત્ય આદિ કળાઓ તથા અનેક હસ્ત-ઉદ્યોગો વિકસ્યાં.

ઈ. ૧૨૯૪થી ૧૪૭૮ સુધી મજ્જપહિતનું આ સામ્રાજ્ય પ્રબળ રહ્યું. પાછળથી ઇસ્લામના આક્રમણનો તે ભોગ બન્યું ને આ ઉજ્જવલ તથા ભવ્ય યુગનો અંત આવ્યો. ઈ. સ. ૧૪૭૮માં મજ્જપહિતના છેલ્લા રાજા ભ્રૂ-વિજયે ઇસ્લામી આક્રમણકારોને શરણે જવાને બદલે આત્મહત્યા કરવાનું પસંદ કર્યું ને પોતાના રાજકુમારને રાજ્યના શ્રેષ્ઠ પંડિતો, પુરોહિતો, કવિઓ, સંગીતકારો, નૃત્યકારો તેમજ ધર્મગ્રંથો તથા કલા-કૃતિઓ સાથે જાવાની પડખે જ આવેલા બાલી દ્વીપ ઉપર મોકલાવી દીધો. ઇસ્લામ ધર્મ સ્વીકારેલા જાવા-સુમાત્રાના સુલતાનો ઈંડોનેશિયાના બધા જ ટાપુઓ ઉપર પોતાનું આધિપત્ય જમાવી શક્યા, પરંતુ બાલી તેઓ કદી જીતી ન શક્યા; અને આજે પણ બાલીમાં પ્રાચીન હિંદુ ધર્મ અખંડ જળવાઈ રહ્યો છે.

અગ્નિ એશિયામાં ઇસ્લામે દેખા તો દીધી હતી છેક તેરમી સદીમાં. શરૂઆતમાં તો અરબ વેપારી કાફલાઓ મલક્કા વિસ્તારમાં આવતા થયા અને પોતાની વેપારી કુનેહ તથા ધન-વૈભવના બળે કાંઠા પરના મલયૂ તથા ઉત્તર સુમાત્રામાં ઇસ્લામનો પગપેસારો કર્યો. ભારતમાં પણ તે કાળે અરબોએ સિંધ જીતી લીધેલું હતું અને ગુજરાતના નાક સોમનાથ પાટણને મહમ્મદ ગઝનીએ ૧૧મી સદીમાં તોડયા પછી ધીમેધીમે પ્રવેશીને તળ-ગુજરાતમાં મુસ્લિમ બાદશાહોની હકૂમત સ્થાપી હતી. તે જમાનામાં ખંભાતનું બંદર ખૂબ વિકસેલું હતું અને ત્યાંના નવાબી રાજ્યના કાબેલ મુસ્લિમ વેપારીઓ મલયૂ, સુમાત્રા તથા ઉત્તર જાવા સાથે ગાઢ સંબંધ ધરાવતા હતા. અગ્નિ એશિયામાં ઇસ્લામનો ફેલાવો કરવામાં આ ગુજરાતી મુસ્લિમ વેપારીઓનો ફાળો નાનોસૂનો નહોતો. જાવામાં એક સ્થળે તો એક અમીરની કબર માટેના પથ્થરો છેક ખંભાતથી કોતરાઇને આવેલા.

જાવા-સુમાત્રા-મલયૂમાં ઈસ્લામના પ્રસાર પછી ત્યાંના રાજાઓએ સુલ્તાનનો ઈલ્કાબ ધારણ કર્યો ને તેમની જોહુકમી નીચે એ પ્રદેશના લોકસમૂહને પણ નામનો ધર્મ-પલટો સ્વીકારવો પડયો. પરંતુ આ ફેરફાર સાવ ઉપરછલ્લો જ હતો. શ્રીવિજય ને મજ્જપહિતની ગૌરવશાળી પ્રણાલિકાઓવાળા જાવા-સુમાત્રાના સંસ્કારપ્રિય લોકો પોતાનાં કલા અને સંગીત, શિલ્પ અને સ્થાપત્ય, સાહિત્ય અને દેવ-દેવીઓને કોઇ પણ કાળે કેમ તજી શકે? રામાયણ અને મહાભારત, હનુમાન ને અર્જુન વિનાનું જાવા સંભવી જ ન શકે. આજે પણ જ્યારે બાલી ને લૉમ્બૉકના દ્વીપો સિવાય આખાયે ઇંડોનેશિયામાં ઇસ્લામ પ્રચલિત છે ત્યારે પણ ઇંડોનેશિયન લોકોની સંસ્કૃતિ તો વિશુદ્ધ હિંદુ રહી છે. તેમની ભાષા સંસ્કૃત શબ્દોથી ભરપૂર છે; તેમનું સાહિત્ય ભારતની પૌરાણિક આખ્યાયિકાઓ અને ચરિત્રોથી ઊભરાય છે; તેમનાં નાટકોના પરાક્રમી વીરો આપણા હનુમાન ને અર્જુન છે; તેમનાં નૃત્યોના અંગ-વિન્યાસ અને મુદ્રાઓ ભરતમુનિના નાટ્ય-શાસ્ત્રને અનુસરે છે અને તેમનું સંગીત આપણા ટોડી અને ભૂપાલીના સૂરો લહરાવે છે. જાવાની વનિતાઓ ઇસ્લામી ઢબે સુરવાળ પહેરવાને બદલે ભારતની



દક્ષિણ સુમાત્રાના કિન્ખાબની કલાનો નમૂનો. ઘેરા લાલ તાર સાથે સોનાના તારકસબના વણાટનું આ સમૃદ્ધ ભાતવાળું કાપડ, ઉત્સવ-પ્રસંગો, નૃત્યો, લગ્નસમારંભો વગેરે મંગલ પ્રસંગોએ વપરાય છે.

દક્ષિણ સુમાત્રામાં પાલેમ્બાંગ પાસેથી મળી આવેલી અમરાવતી શૈલીની આ બૌદ્ધ મૂર્તિ સુમાત્રામાં સૌથી પ્રાચીન છે.



સાડી જેવા સારોંગ પહેરે છે અને મધ્ય-જાવાના પુરુષો તો આપણા લોકોની જેમ પાઘડી પણ પહેરે છે. યુરોપના લોકોએ અમેરિકામાં જઈ વસ્યા પછી એ નવી દુનિયાના નદી-પર્વતો અને શહેરોને મૂળ યુરોપી સ્થળોનાં નામો આપ્યાં (જેવાં કે ન્યૂ-યૉર્ક, ન્યૂ-ઑર્લિઅન્સ, ન્યૂ-ઇંગ્લન્ડ, વિક્ટોરિયા, જ્યૉર્જીઆ વગેરે), તેવી જ રીતે પૂર્વ-એશિયામાં જઈ વસેલા ભારતીય અધિવેશકોએ આ નવા પ્રદેશોનાં નદી-

નીચે: સુમાત્રાનું એક લાક્ષણિક દશ્ય: નાળિયેરી અને અન્ય વૃક્ષ-રાજિથી આચ્છાદિત એ ભૂમિનાં સમૃદ્ધ ખેતરો જાણે કાચું સોનું પકવીને એ ભૂમિના 'સુવર્ણદ્વીપ' નામને સાર્થ કરે છે.



પર્વતો અને નગરોને ભારતીય નામો આપ્યાં છે.

છતાં આ બે યુરોપી તથા ભારતીય વસાહતી પ્રવૃત્તિઓ વચ્ચે એક પાયાનો ભેદ હતો તે આપણે લક્ષમાં રાખવો જોઈએ. પ્રાગૈતિહાસિક યુગમાં ભારતીય અધિનિવેશકો જ્યારે પૂર્વ એશિયામાં પ્રસર્યા ત્યારે તેમને તે પ્રદેશોમાં અસંસ્કૃત પરંતુ સરળ અને સદ્‌ભાવી આદિવાસીઓ જેમ મળેલા, તેમ ઉત્તર ને દક્ષિણ અમેરિકા જઇ પહોંચેલા યુરોપી વસાહતીઓને પણ ત્યાંના અસંસ્કૃત, પછાત પરંતુ સરળ અને પ્રેમાળ આદિવાસીઓ મળેલા; પણ જ્યારે ભારતીય વસાહતીઓ પૂર્વ એશિયાના આદિવાસીઓ સાથે ભળી ગયા, તેમને તેમની સ્વેચ્છા અને ઉત્સુકતા પ્રમાણે ભારતીય ધર્મ-સંસ્કાર, સાહિત્ય, સંગીત અને કલાઉદ્યોગો શીખવ્યા અને તેમના ઉપર ભારતનું આધિપત્ય જમાવવાને બદલે તેમનામાં આત્મવિશ્વાસ અને પ્રાણ રેડી તેમનાં જીવન અને સંસ્કૃતિને સમૃદ્ધ તથા ઉદાત્ત બનાવ્યાં; ત્યારે યુરોપી વસાહતીઓએ તો અમેરિકામાં માઝા મૂકી કાળો કેર વર્તાવ્યો અને સમસ્ત ઉત્તર અમેરિકા ને અરધા દક્ષિણ અમેરિકામાંના સઘળા આદિવાસી 'ઇંડીઅનો'ની કતલ કરી તેમનું નામ-નિશાન મિટાવી દીધું!


આ પાયાના ભેદને આપણે ધ્યાનમાં રાખીશું તો પૂર્વ-એશિયનાં કર્ણપ્રિય ભારતીય નામો સાંભળતાં આપણે હર્ષ ને ગૌરવ અનુભવીશું. यवद्वीप (જાવા) અને सुवर्णद्वीप (સુમાત્રા) તો આપણે જાણીએ જ છીએ. ઉપરાંત बाली, मदुरा, शूलवेषी (સેલીબીસ) અને कालिमंथन (બૉર્નિયો) ઇંડોનેશિયાના મુખ્ય ટાપુઓ છે.

જાવાનાં મુખ્ય શહેરોમાં सुरकर्ता, योग्यकर्ता (જોગ્જાકર્તા), सुरबाया વગેરે નામો સ્પષ્ટ રીતે સંસ્કૃતમાંથી જ ઉદ્‌ભવ્યાં છે. તેવી જ રીતે બૉર્નિયોનું मार्तापुर ગામ કે ત્યાંની महाकम નદીનાં નામ પણ સંસ્કૃતમય છે. બાલીમાં તો सिंहराजा, चिन्तामणी, तीर्थ हम्पुल, गुहा-गज, એવાં ત્યાંનાં સ્થળોનાં કેટલાંયે નામો આજે પણ કાનમાં ગુંજે છે. જાવાના સૌથી ઊંચા પર્વતને सुमेरू કહે છે અને જાવાનો નૈઋત્ય ખૂણાનો પ્રદેશ प्रियांगण કહેવાય છે. ઇંડોનેશિયાની રાજધાની જકર્તામાં પહેલે જ દિવસે જાવી મિત્ર શ્રી સેદીઓનો નટધિવિનત્ મને શહેર બતાવવા લઈ ગયા ત્યારે તેનો પરિચય કરાવતી વેળાએ શુભ શરૂઆત કરતાં જણાવ્યું હતું કે જકર્તાનું મૂળ નામ जयकर्ता (જય-નગર) હતું.

આ બધાં ભારતીય નામો કોઈ મૃત સંસ્કૃતિના અવશેષો નથી. આજે પણ જાવી લોકોનાં નામોમાં સંસ્કૃતની અસર દીવા જેવી સ્પષ્ટ છે. ઇંડોનેશિયાના પ્રમુખનું નામ જ सुकर्णो છે. છેલ્લા પ્રધાન-મંત્રીનું નામ શસ્ત્ર-અમિત-જય હતું. હાલના માહિતી ખાતાના મંત્રીનું નામ છે सुदिव्यो અને વિદેશ-મંત્રીનું નામ છે सुबन्द्रियो. તે ઉપરાંત सुचरितो, पूर्णवर्मन्, बासुकी, सुव्रतो, आत्मजो, पूर्व-चारक, सुभद्रो, सुवर्णो, सुकर्तो વગેરે નામો જાવામાં ઘણાં સામાન્ય છે. બંગાળની જેમ જાવામાં પણ अ નો ઉચ્ચાર પહોળો—ऑ જેવો થાય છે.

સૌથી મોટા સંતોષની વાત તો એ છે કે ઇંડોનેશિયાની રાષ્ટ્રીય સરકાર તેમના આ ભવ્ય અને ઉદાત્ત સંસ્કારવારસાનું મહત્ત્વ સમજે છે ને તેમાં ગૌરવ લે છે. તેથી હવે સ્થળો ને રાષ્ટ્ર-પ્રતીકોનાં નવાં નામો યોજતી વેળાએ તેમની ભાષાના મૂળ—સંસ્કૃત—ને લક્ષમાં રખાય છે.

ઇંડોનેશિયાનું રાષ્ટ્ર-પ્રતીક ગરુડ છે અને તેમનું રાષ્ટ્ર-ચિહ્ન પાંખ ફેલાવીને ઊડતું ગરુડ પક્ષી છે. આ ગરુડની છાતી ઉપર ચીતરેલાં પાંચ ખાનાંમાં પાંચ ઉપ-ચિહ્નો છે જેને તેઓ पञ्चशील કહે છે. આ પંચશીલ તે (૧) ઈશ્વરમાં શ્રદ્ધા (૨) લોકોનું સાર્વભૌમત્વ (૩) રાષ્ટ્ર-પ્રેમ (૪) સામાજિક ન્યાય અને (૫) માનવતા તથા સમાનતા. એ સ્પષ્ટ છે કે આ પંચશીલ બૌદ્ધ ધર્મના પંચશીલના વિચારમાંથી ઉદ્‌ભવ્યાં



ઇંડોનેશિયામાં સૌ પ્રથમ બૌદ્ધધર્મ ફેલાયો, પરંતુ તે કાળે હિંદુ અને બૌદ્ધ એવો ધર્મભેદ ન હતો. એટલે ગંગાયમુનાના પ્રવાહની પેઠે બંને એકબીજામાં મળી ઓતપ્રોત થઈ ગયા. જાવાની શ્રેષ્ઠ કલાકૃતિઓ બૌદ્ધ બોરોબુદુર અને બ્રાહ્મણધર્મી. પ્રંબાનનનાં મંદિરો એક જ કાળે એક જ પ્રદેશમાં બંધાયાં, અને ક્યારેક તો બૌદ્ધ મંદિરો પર હિંદુ પુરાણોના પ્રસંગો પણ આલેખાયા. ઉપર : પ્રંબાનનના મંદિર ઉપર વાનરસેના સાથે લંકાપ્રવેશ કરતા રામનું પ્રલંબ શિલ્પ.

છે. પંડિત નેહરુ પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં સહયોગ ને સહ-જીવનનો આદેશ આપતાં દેશ-દેશ વચ્ચે પંચશીલની જ હિમાયત કરે છે ને?

આ ગરુડ પોતાના પંજામાં ત્યાંનું રાષ્ટ્ર-સૂત્ર 'भिन्नेक तुंगल इक' લખેલું લઇને ઊડે છે. ત્રણ હજારથી પણ વધારે દ્વીપોમાં વહેંચાએલા ઇંડોનેશિયામાં સ્વાભાવિકરીતે જ જે વિવિધતા અને ભિન્નતા પ્રવર્તે છે તેના પાયામાં રહેલી ઐતિહાસિક તેમજ સાંસ્કૃતિક એકતાના મહત્ત્વનું સતત સ્મરણ આ સૂત્ર કરાવે છે. (જુઓ લેખને મથાળે)

ઇંડોનેશિયાનો રાષ્ટ્રધ્વજ બે રંગનો છે. ઉપર લાલ પટ્ટો ને નીચે શ્વેત. હિંદુ મહા-સામ્રાજ્ય મજાપહિતનો આ જ રાષ્ટ્રધ્વજ હતો અને પાછળથી ઇંડોનેશિયન સ્વાતંત્ર્ય-યુદ્ધમાં પણ આ જ ધ્વજ મોખરે હતો. બે રંગના આ લોક-પ્રિય રાષ્ટ્ર-ધ્વજનું નામ છે 'દ્વિવર્ણ'. તેવી જ રીતે ઇંડોનેશિયાનું રાષ્ટ્ર-ગીત છે 'ઇંડોનેશિયા રાયા.' સ્વાતંત્ર્ય (મર્ડેકા) માટેની ચળવળમાં પણ આ ગીત લોકપ્રિય હતું ને તેની રચના રાષ્ટ્ર-કવિ શ્રી સુપ્રાત્મને કરી હતી.

ઇંડોનેશિયન ચલણના મુખ્ય સિક્કાને 'રૂપિયા' જ કહે છે. આપણા નયા-પૈસા જેમ તેમના રૂપિયાના સો સેન હોય છે. સરકારી દર પ્રમાણે ભારતના એક રૂપિયાના આશરે અઢી ઇંડોનેશિયન રૂપિયા મળે, પરંતુ ઇંડોનેશિયાની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે વેપારી વર્ગમાં ભારતના રૂપિયાનો ભાવ ત્રણ-ચાર ગણો ઊંચો અંકાય છે.

નવાં નામો યોજતી વેળાએ પણ મુખ્યત્વે સંસ્કૃતજન્ય નામો જ પસંદ કરાય છે. જયકર્તાની જાણીતી ડચ હોટેલનું નામ હતું હોટેલ–નેધર્લૅન્ડ્સ. તે નામ હવે બદલીને તેને નવું નામ અપાયું છે 'હોટેલ-ધર્મ-નિર્મલા'. સ્વતંત્ર થયા પછી ઇંડોનેશિયન સરકારે આપણી 'ઍર-ઇંડિયા' જેવી એક રાષ્ટ્રીય વિમાની-સર્વિસ શરૂ કરી છે, જેને 'ગરુડ ઇં. ઍરવેઝ' નામ અપાયું છે.

ઇંડોનેશિયાની ભાષાઓ મુખ્યત્વે સંસ્કૃતમાંથી ઉદ્ભવી છે અને આજે પણ તેમાં સંસ્કૃત-જન્ય શબ્દો વિપુલ પ્રમાણમાં વપરાય છે, તેનાં બીજાં પણ અસંખ્ય ઉદાહરણ મળી શકે છે. તેમની રાષ્ટ્ર-ભાષાનું નામ જ 'ભાષા-ઇંડોનેશિયા' છે. તેમની ભાષામાં બીજો-પુરુષ એકવચન 'તમે' માટે 'ત્વમ્' વપરાય છે અને બહુવચન માટે 'ત્વમ-ત્વમ્' વપરાય છે. તેવી જ રીતે ભાઇઓ કે સમાન કક્ષાના મિત્રો માટે 'સહોદર' શબ્દનો પ્રયોગ થાય છે.

ભાષા–ઇંડોનેશિયામાં કેટલાક અરબી તથા ફારસી શબ્દો પણ ભળી ગયા છે; જેવા કે ટોપી, સલામત, માફ, બાપા, રોટી, પસાર (બઝાર), કમર (કમરા). ત્યાં આભાર માનવા માટે 'તરીમ–કાસીહ' કહેવાય છે, પરંતુ ઉચ્ચારમાં તો 'ત્રિમકાસી' સંભળાય. 'સલામત' શબ્દ પણ ઘણી વાર વપરાય છે. છૂટા પડતી વખતે 'સલામત ટીંગલ' અથવા 'તાબિક' અને પ્રવાસે જતાં 'સલામત જલાન' કહેવાય છે. સવારે અભિવાદન માટે 'સલામત પાગી' અને રાત્રે 'સલામત માલમ' કહે છે. નામ પૂછવા માટે 'નામ ત્વમ્ સિયાપા?' કહેવાનું.

જાવા-બાલીની હિંદુ (તેમજ બૌદ્ધ) સંસ્કૃતિ તો પ્રશાન્ત મહાસાગર જેટલી અગાધ અને વિશાળ છે. તેના વિષે કોડીબંધ ગ્રંથો લખાય તો પણ ઓછા પડે; તેથી આપણે તો આ યાત્રાની પાર્શ્વભૂમિકા તરીકે તેના ઉપર ઊડતી નજર નાખીને જ પ્રસ્થાન કરીશું. (ચાલુ)

કલાવાર્તા

પ્રભા અને વિઠ્ઠલ બડગેલવાર

મુલાકાત લેનાર
પ્રદ્યુમ્ન તન્ના

'**મારાં** પચીસ વર્ષમાં ખાસ નોંધપાત્ર એવી ઘટના તમને નહિ મળે. બહુ સરળતાથી વહી ગયાં છે મારાં એ વર્ષો. એના કરતાં વિઠ્ઠલના જીવનના જ પ્રસંગો નોંધો. ઠીકઠીક તડકાછાંયા એણે જોયા છે.' પ્રભા બોલી.

'તે મારે વિષે ય લખશે; પણ પહેલો તો તારો જ વારો. આમે ય તું મારા કરતાં થોડી મોટી તો ખરી જ ને!' ને બંને હસી પડચાં.

'ભલે એમ; પણ મને મારે વિષે કહેતાં બહુ નહિ ફાવે, હોં!'

'કાંઈ વાંધો નહિ; જેમ સૂઝતું જાય એમ બોલતાં જાઓ. હું મારી રીતે નોંધ કરતો જઈશ. ચલાવો ત્યારે.' મેં કહ્યું.

'**ના**ગપુર નજીકના બેલા ગામમાં પચીસ વર્ષ પહેલાં **હું જન્મી**. ચાલીસગાંવ ને નાગપુર એમ બે જ **સ્થાને પ્રા**થમિક શિક્ષણ લીધું. મૅટ્રિક પછી ૧૯૫૧**માં ના**ગપુરની સ્કૂલ ઑવ આર્ટ્સમાં જોડાઇ. ચીતરવાનો નાદ તો આમ બચપણથી જ હતો.'

'બચપણના ચિત્રકલાને લગતા કોઈ વિશેષ પ્રસંગો યાદ છે?'

'ખાસ નોંધપાત્ર એવું તો કાંઈ યાદ નથી. પણ હા, ગણિતનો મને બહુ કંટાળો. કેમે ય ચિત્ત ચોંટે નહિ. એટલે એના પીરિયડમાં માસ્તરનાં રેખાંકન બનાવ્યા કરું. કલાસ આખાને એની ખબર. બધાં વિદ્યાર્થીઓ એનો રસ માણે;—કદાચ કાર્ટૂન જેવાં થતાં હશે! નસીબજોગે એની શિક્ષકને ક્યારે ય ખબર પડેલી નહિ. પણ ક્યારેક અચાનક પૂછાતા સવાલનો જવાબ ન આપી શકવાથી (વર્ગમાં શું ચાલે છે એનું ધ્યાન હોય તો ને?) શિક્ષા પણ થતી. ઘણી વાર વર્ગ બહાર પણ જવું પડેલું.

બાપુજી, ને ખાસ તો દાદા (એટલે કે મોટાભાઈ)નું મારા પર બહુ હેત. પોતાની નાની બહેન ખૂબ મોટી ચિત્રલેખા થાય એવી એની ઈચ્છા. મારા ઘડતરમાં એનો ફાળો બહુ મોટો છે. ૧૯૫૩ સુધી નાગપુરમાં ચિત્રકલાનો અભ્યાસ કર્યો. 'ઍડવાન્સ'–ચોથા વર્ષ સુધી પરીક્ષા માટે જોકે મુંબાઈ જ આવવું પડતુ. ૧૯૫૪માં મુંબાઈ આવીને જે.જે. સ્કૂલ ઑવ આર્ટમાં દાખલ થઈ. પ્રથમ વર્ગમાં પાસ થઈ, એટલે મ્યૂરલ(ભીંતચિત્રો કરવાની કળા માટે)-ની શિષ્યવૃત્તિ મળી અને ૧૯૫૫નું વર્ષ ભિત્તિચિત્રો વિષેના અભ્યાસમાં ગાળ્યું.

૧૯૫૬ની ૧૬મી ફેબ્રુઆરીએ પહેલું પ્રદર્શન ભર્યું,—મેં ને વિઠ્ઠલ બંનેએ મળીને. વિવેચકો અને રસિકોનું ધ્યાન ખેંચાય એટલી સફળતા તો મળી! પછી એ જ વર્ષની ૨૭મી એપ્રિલે અમે વર્ધામાં પરણ્યાં. મધુરજની માટે કાશ્મીર ગયાં. આવીને ત્યાં કરેલાં ચિત્રોનું પ્રદર્શન ભર્યું. થોડા પૈસા ભેગા કર્યા. અને એમ કરીને આજ સુધીમાં સાત પ્રદર્શનો કર્યાં: એક દિલ્હીમાં ભરેલું—૧૯૫૬માં; બાકી બધાં મુંબાઈમાં. આ વર્ષે મઝાનાં ઈનામો મળ્યા. બામ્બે આર્ટ સોસાએટીનો રૌપ્ય ચંદ્રક તથા રોકડ ઈનામ; અને મુંબાઈ રાજ્ય પ્રદર્શનનું ૨૫૦૦નું પ્રથમ પારિતોષિક.'

'ઠીક ટૂંકામાં પતાવ્યું હોં, તેં!'

'તે મારી પાસે લખાવવા જેવું શું છે? એ બધો મસાલો તો તું જ પૂરો પાડ. લે ચાલ હવે તારો વારો.'

'**વ**ર્ધામાં હું જન્મ્યો. ૧૧મા વર્ષ લગી ત્યાં ભણ્યો. પણ ભણવામાં ચિત્ત ચોંટે નહિ. વળી પિતાજીનો સ્વભાવ જરા કડક, એટલે બહુ અચકાઉં. અંતે એક દિવસ મુંબાઈ ભાગી આવ્યો—કોઇને કીધા કર્યા વિના! છએક મહિના રખડચો, પણ ક્યાંયે મેળ ખાધો નહિ. ઠીકઠીક હાલ કાઢચા. એક દિવસ એક સ્નેહીની નજરે ચડી ગયો. સમજાવીને ઘેર લઇ ગયા. એમ પાછો વરસે દહાડે ગામ ગયો ને ચિત્રકળાનો અભ્યાસ શરૂ કર્યો. બીજા વર્ષ સુધી ઘેર જ બધું કામ કરતો. પણ પર્સ્પેક્ટિવ આવડે નહિ, ને એને લઈ બીજા વર્ષમાં જ બે વખત ગોથાં ખાધાં. શું કરવું તે સૂઝે નહિ. એમાં એક આડવાટ જડી ગઈ. પરીક્ષા માટે તો મુંબાઈની સ્કૂલ ઑવ આર્ટ્સમાં જ આવવું પડતું. એટલે બીજી વખતે મુંબઈ આવ્યો ત્યારે ત્યાંનો શિલ્પ વિભાગ જોયો, ને થયું કે ચાલ જીવ, આમાં જ જોડાઇએ! અહીં પેલું પર્સ્પેક્ટિવનું ભૂત નહિ નડે. સારે નસીબે ફ્રીશિપ (ફી માફી) અને એક શિષ્યવૃત્તિ પણ મળી ગઈ. એમ ૧૯૫૪માં સ્કૂલ ઑવ આર્ટ્સના શિલ્પ વિભાગમાં જોડાયો.'

'ત્યારે તો બંને જણાં એકીસાથે જ સ્કૂલમાં દાખલ થયાં, ખરું?'

'હા; પણ પ્રભાને, એક વાર નાગપુરની આર્ટ્સ સ્કૂલ જોવા ગએલો ત્યારે જોએલી. આમ દીઠે ઓળખુ, એટલે જાતે થઈને જ ઓળખાણ કરી લીધી. ધીમેધીમે પરિચય વધ્યો. એ દિવસોમાં ઠીકઠીક આર્થિક મુશ્કેલી ભોગવી. પણ પ્રભા મારું ઘણું ધ્યાન રાખતી. એ એના કાકાને ઘેર રહેતી; ને જમીને આવતી તો યે બપોરે ભૂખ લાગે છે એવા બહાને ડબ્બામાં મારે માટે કાંઈ ને કાંઇ બાંધી લાવતી. કેમ અલી! યાદ આવે છે કે?' ને બંને હસ્યાં.

'એમ ઍડવાન્સના ચોથા વર્ષમાં આવ્યો. પહેલી મુંબાઈ રાજ્ય પ્રદર્શનીમાં વિદ્યાર્થી વિભાગમાં રૌપ્ય ચંદ્રક અને રૂ. ૧૫૦નું ઈનામ મળ્યું. એ જ વર્ષે, હમણાં પ્રભાએ કહ્યું એમ, બંનેએ મળી પહેલું પ્રદર્શન ભર્યું. પછી અમે પરણ્યાં. હવે તો આર્થિક બોજો ઓર પણ વધ્યો. પણ અમે હિંમત હાર્યા નહિ. મધુરજની માટે કાશ્મીર જવાનું નક્કી કર્યું. પણ એટલા પૈસા કાઢવા ક્યાંથી? એટલે પ્રભાએ એનો હાર વેચ્યો!...'

'...ને તેં તારી વીંટી...'

'હા, ને થોડા ઉછીના લીધા. એમ ત્રણસો-એક રૂપિયા લઈ ઉપડચાં. કરકસરથી અને પૈસા ખૂટચા ત્યાં સુધી રહ્યાં. પછી વર્ધા પાછા આવ્યાં. ત્યાં તો મુંબાઇ આવવા જેટલા યે પૈસા પાસે નહોતા રહ્યા. એટલે ચાર મિત્રોને કહ્યા. કીધું, કે ભાઇ! બ્રાહ્મણ નથી તોયે મુંબાઈ જાઉં ત્યાં સુધી વારાફરતી એક્કેક દિવસ દરેકને ઘેર જમવાનો છું ને ઉપરથી 'દક્ષિણા' લેવાનો છું! એમ 'દક્ષિણા'ની નજીવી મૂડી લઇ મુંબાઈ આવવા નીકળ્યાં!

આવતાં વેંત જ શુકન થયાં. એક મિત્રને શિલ્પનું મોટું કામ મળેલું અને એમા સહાય કરવા માટેના નોતરાનું પત્તું મળ્યું. એમાંથી થોડાક પૈસા મળ્યા અને ટગુમગુ અમારો સંસારનો રથ ચાલ્યો. પ્રભા ચિત્રો કરે ને વેચે. એમ ધીમેધીમે કરતી ગાડી આજે આટલે સુધી પહોંચી છે. હવે તો પ્રભા પગભર થઈ છે એટલે હું મારું નિજનું સર્જન કરવામાં વધુ સમય ગાળી શકીશ. મને મળેલાં મુખ્ય ઇનામોમાં ૧૯૫૭–૫૮ના બૉમ્બે આર્ટસોસાએટીના શિલ્પવિભાગનું પ્રથમ પારિતોષિક અને ૧૯૫૭માં બીજી મુંબાઇ રાજ્ય પ્રદર્શનીમાં શિલ્પ માટેનું ૧૦૦૦નું ઇનામ...

...ને, છેવટે પૂરું કરતાં પહેલાં, જે અનેક મિત્રોએ પ્રત્યક્ષ અને પરોક્ષરીતે અમને સહાય કરી છે એનો ઋણ-ઉલ્લેખ કરવો જ રહ્યો; અને ખાસ તો શ્રી સૉલી બાટલીવાલાનો, જેમણે 'હસમન' (ભૂલાભાઇ મેમોરિયલ એસ્ટેટ)માં કામ કરવા માટે જગ્યા કાઢી આપવા ઉપરાંત વડિલ ભાવે અમારી બંનેની સઘળી પ્રવૃત્તિમાં રસ લીધો છે ને મદદ કરતા રહ્યા છે.'





ઉપર: શિલ્પી વિઠ્ઠલ બડગેલવાર અને ચિત્રલેખા પ્રભા આગ્રે.
"પછી ૧૯૫૬ની ૨૭મી એપ્રિલે અમે વર્ધામાં પરણ્યાં."

←ભૂલાભાઈ મેમોરિયલમાંની પોતાની રૂમમાં ચીતરતાં પ્રભાબહેન

૧૯૫૬ના ફેબ્રુઆરીની અધવચ્ચે મુંબાઇમાં એમનું સંયુક્ત પ્રદર્શન પહેલી વાર જોએલું ત્યારની એ બંનેની કલાપ્રતિભા વિષે મન પર છાપ પડેલી અને પ્રદર્શનની હસ્તપત્રિકા સંઘરી રાખેલી–એ આશાએ કે કોઈ દિવસ મુંબાઈમાં મળવાનો યોગ થશે ત્યારે 'કુમાર'ના વાચકોને પરિચય કરાવીશું. બે વર્ષ પછી આ ફેબ્રુઆરીમાં એ ફળી; પણ અધૂરી (ભાઈ વિઠ્ઠલ મળ્યા; પ્રભાબહેન ન મળ્યાં.) અમારા મિત્ર શ્રી સોલી બાટલીવાળાએ 'હસમન'માં મુઘલ કલાના અમેરિકન સંગ્રહની રંગીન સ્લાઇડો બતાવવાની ગોઠવણ કરેલી તે નિમિત્તે. નુમાઈશ પત્યે ભાઈ સોલીએ ક નાની સુંદર ઓરડીમાં લઈ જઇ પ્રભાબહેનનાં ચિત્રોનો મોટો સમૂહ એક પછી એક કરીને હોંશથી બતાવ્યો. (સાથે ભાઈ પ્રદ્યુમ્ન તન્ના ઞને સુનીલ કોઠારી પણ હતા.) અહીં અને અન્યત્ર આપેલા નમૂનાઓ જોતાં પ્રતીતિ થશે કે પરંપરાનાં બંધનોમાંથી મુક્ત થઇને કલાકારનું મન પતરની ઊર્મિ અને અનુભૂતિને જે યથેચ્છ આવેગથી વ્યક્ત કરવા માંડે છે તેમાંથી જ આધુનિક કલા (મૉડર્ન આર્ટ)ની વિવિધ શૈલીઓ નિર્માણ પામે છે. એ શૈલીઓ પાછળ એતદ્દેશીય પરંપરાનો તંતુ યે હોય, ને વિદેશી શૈલીની છાયા પણ હોય. પણ એમાના કથનનો રસ અને સંદેશ ભાવકો–જોનારા–માણી સમજી શકે એ મર્યાદા સુધી જ આ આધુનિક કલા નિર્વાહ્ય બને છે. કલાકાર દંપતીની આ સાથેની કૃતિઓમાં જ એની પ્રતીતિ થશે. પૂઠા પરનાં બંને શિલ્પો (૧) લોકગાયક અને (૨) ભિખારીઓ—માં વસ્ત્રો આદિનાં આવરણની કે માનવદેહનાં માપની કલાકારને જરૂર લાગી નથી. પણ આપણી શેરીઓમાં રોજ નજરે પડતા સમાજના એ બે વર્ગોના આંતરભાવનું પ્રતિનિધિત્વ એમને રજૂ કરવું છે. પરસ્પરના આશ્રયને સાહી રહેલા ભિખારીઓની ઊંચી ડોક અને લંબાવેલા હાથ દ્વારા વ્યક્ત થતા આર્દ્ર યાચનાભાવ, કે ખભે ટેકવેલા રાવણહથ્થા પર હડપચી લગાડી પગને આંટી મારી ઊભેલા લોકગાયકની નિમિલિત આંખો, ડોકની છટા અને ગજ ફેરવતા હાથમાંથી વહેતો સંગીતની તન્મયતાનો ભાવપ્રવાહ એમને તો રજૂ કરવો છે. વાચકો જોશે કે આ બધી કૃતિઓની સફળતા અને કલામયતા એમાં જ છે. નીચે નામ ન આપ્યાં હોય તોપણ પોતાનો ભાવસંદેશ કહેવાને કૃતિ સમર્થ છે કે નહિ તે ધીરજથી જોવાનું છે. શિલ્પો જેવું શૈલીવૈવિધ્ય પ્રભાબહેને ણ સાધ્યું છે. વચ્ચે તો વળી આપણી ઢીંગલીઓ ને રમકડાં ઢબની સૈલીએ એમણે વિવિધ ભાવ–વિષયનો એક મોટો સમૂહ આલેખેલો. આધુનિક કલા જેમને મનોગત નથી થતી તેઓ પણ રંગાવટ કર્યા પહેલાંનાં એમનાં ચિત્રોનું કેવળ રેખાંકન જુએ તો એની ચોક્કસાઇ, આવેગ અને તાદશદર્શનની તાકાત જોઇને મુગ્ધ થઈ જાય. એમનું એકાદ રંગચિત્ર ભવિષ્યમાં આપવાની મનીષા છે.
—બ.

નવા દિલ્હીની નવતર ભાત

લેખક · કૃષ્ણલાલ શ્રીધરાણી

ધીમે ધીમે દિલ્હી ભારતનું સાંસ્કારિક કેંદ્ર બની રહ્યું છે. જેમ બધી નદીઓ સમુદ્રમાં જઇને ભળે છે, તેમ કળાના બધા જ પ્રવાહો પણ પાટનગર તરફ વળતા ભાસે છે. કદાચ ગરજે ! ભારતમાં કળાએ હમેશા રાજ્યાશ્રય શોધ્યો છે. હિન્દની ખાસિયત જેવા સાંસ્કારિક પ્રવાહનું આ સ્વરૂપ પ્રજાતંત્ર આવ્યા પછી પણ બદલાયું નથી. રાજ્યના આશ્રય વિના કળા ટકી રહે, સામાન્ય વ્યક્તિઓ આનંદ ખાતર કે આત્મસુધાર ખાતર કળાને એકએક સરવાળે અનેક થઈ આશ્રય આપે, એવું વાતાવરણ ભારતમાં હજી જન્મ્યું નથી. દિલ્હીમાં બધા જ પ્રકારની કળાકૃતિઓ આવે છે, પણ માત્ર જેટલી રાજ્યપુરુષોથી જોવાય કે વંચાય તેટલી જ આદરણીય ગણાય છે. બિચારા વિવેચકોને વળી કોણ યાદ રાખે?

દિલ્હીમાં હેમંતઋતુમાં પુષ્પો પૂરબહારમાં ખીલે છે, અને કળા પણ જાણે પુષ્પોની સાથોસાથ એ ઋતુમાં દર્શન દે છે. આ ઋતુમાં સામાન્યરીતે આંતરરાષ્ટ્રીય પરિષદો દિલ્હીમાં ભરાય છે. હોટેલો અને હોસ્ટેલો તથા સભાખંડો ભરચક્ક થઈ જાય છે. વિદેશીઓ તથા સ્વદેશી બડા લોગ (V.I.Ps.)થી નવા દિલ્હીની શેરીઓ ઊભરાઈ જાય છે. ચાલુ વર્ષમાં જ જોઇએ તો આંતરરાષ્ટ્રીય રેડક્રૉસ પરિષદ, રાષ્ટ્રકુટુંબ સંસદીય પરિષદ, આંતરરાષ્ટ્રીય મજૂરસંઘની પરિષદ, વિશ્વ-શાકાહારી કૉંગ્રેસ અને વિશ્વધર્મ પરિષદ તો અત્યાર સુધીમાં ભરાઇ પણ ગઇ; તે ઉપરાંત પાંચ દેશોનાં સાંસ્કારિક પ્રતિનિધિમંડળો આવી ગયાં, અને મેરિયન ઍન્ડરસન જેવી મહાન કલાકાર વ્યક્તિઓ વ્યક્તિગત રીતે આવી ગઇ તે જુદું.

બીજાં સ્થાનિક સંમેલનો પણ પાર વિનાનાં થયાં. એમાં રેડિયો-સંગીત-સંમેલન, રાષ્ટ્રીય નાટ્ય મહોત્સવ અને આંતર-યુનિવર્સિટી યુવક મહોત્સવને મુખ્ય ગણી શકાય. પ્રજાસત્તાક દિને થતી કૂચ–કવાયત વખતે દેશભરમાંથી લોક નૃત્યકારોની મંડળીઓ આવી ગઇ. દિલ્હીવાળાને તો ઘર બેઠાં ગંગા !

સાંસ્કારિક પ્રણાલિઓ અને લઢણો બદલાઇ રહી છે તે પણ ચોક્કસ. એક વખત એવો હતો

કે ભારતવાસીઓને મન પાશ્ચાત્ય સાહિત્ય એટલે અંગ્રેજ સાહિત્યકારોની કૃતિઓ. ભારતીયોને એવો ખોટો ખયાલ પણ ખરો કે અમેરિકામાં સંસ્કાર કે સાહિત્ય નથી. હાલ બીજા કોઇ પણ દેશ કરતાં અમેરિકામાંથી વધુ લેખકો, ચિત્રકારો અને સંગીતજ્ઞો આવે છે. બીજે નંબરે રશિયા, અને માનશો? અમેરિકન સાહિત્ય સંબંધમાં ચર્ચા-સભાઓ ગોઠવાય છે! કિપલિંગને પરલોકમાં ય અજંપો થઇ જાય તેવી ક્રાંતિ હવે આવી ચૂકી છે.

અમીરોની નગરી ગણાતી નવી દિલ્હી હવે ઝડપભેર જનતા-નગરી બની રહી છે. વિજય ચોક ખાતેની તથા કોઈ પણ માર્ગની બને બાજુ ઉપરની હરિયાળીઓ ઉપર હવે ધ્યાન આપવાની જરૂર જણાતી નથી. વધુ અને વધુ લોકો બગીચા ઉછેરવામાં રસ લેતા થયા છે, પણ એ અંગેનું જ્ઞાન અને મદદ આપનારની સંખ્યા ઘટતી જાય છે. નવી દિલ્હીમાં એક વખત બંગલાઓની હરિયાળી તથા કમ્પાઉન્ડની ઊંચી દીવાલો નજરે પડતી હતી. બીજી યોજનામાં નવી હરિયાળી કે નવાં ઉદ્યાનો માટે કોઈ જોગવાઇ નથી, અને નવાં નગરો તથા નવાં મકાનો બિલાડીના ટોપની માફક એકબીજાને અડીઅડીને ઊભાં થઇ રહ્યા છે. નવી દિલ્હીની સુંદરતા વિશાળતામાં મઢાતી. હવે ઠેરઠેર મુંબઇગરી ચાલીઓ વધવા લાગી છે.

દિલ્હીમાં એક બીજો ફેર પણ આંખે ચડે છે. ઠેરઠેર કપડાં સૂકવેલાં નજરે પડે. હમણાં જ એક દિવસ શ્રી નેહરુ આ સંબંધમાં ગુસ્સે થયા હતા. વિદેશી મહેમાનોને આવકારવા તોરણહારને બદલે ઠેરઠેર તમને સુકાતાં કપડાંની હારમાળા દેખાશે. આખા ભારતમાં એક શહેર દિલ્હી હતું કે જેમાં પહેલાં આવું ન થતું. નવી દિલ્હીમાં ત્રીસ હજાર ધોબીઓ છે. એમના કોઈ ધોબીઘાટ નથી. એમનાં કપડાં સૂકવવા માટે કોઈ નિશ્ચિત જગ્યાઓ નથી. યમુના નદી છે, પણ તે દૂર રહી. ઘણાખરા ધોબીઓ સરકારી અધિકારીઓ ને સંસદના સભ્યોના નોકરો માટેનાં રહેઠાણોમાં રહે છે. નવી દિલ્હીમાં કેટલાક સરકારી બંગલાઓમાં રહેનારાઓને મફત કપડાં ધોવડાવવાની, મફત દૂધ મેળવવાની, અને મફત ઝાડુ કઢાવવાની સારી એવી તક છે. એ લોકો પોતાનાં રહેઠાણોમાં ધોબીઓને, ભેંશવાળાઓને અને ઝાડુ કાઢનારાને વસાવે છે. કેટલીક વખત તો આ વેઠ ઉપરાંત થોડુંક ભાડું પણ એમની પાસેથી વસૂલ કરવામાં આવે છે. 'દિલ્હી રાજ્ય ધોબીમહાસભાના મહામંત્રી'એ એક વાર ફરિયાદ કરતાં કહ્યું હતું, કે 'સાંજના સમારંભોમાં પહેરવા માટે તમારાં કપડાં અમે અપ-ટુ-ડેટ ધોઈએ છીએ. એ ધોતાં ચેપી રોગનાં જંતુઓ લાગે, એ ભય પણ ખરો! એમ છતાંય તમે લોકોએ અમારા માટે શું કર્યું?'

દિલ્હીની આબોહવા પણ સહેજે જનતા આબોહવા થઈ રહી છે. પરસેવો વધુ વળે છે. અલબત્ત, દિલ્હીનો શિયાળો સોહામણો. ભારતમાં એની તોલે આવે એવી ઋતુ નહિ હોય! અને દિલ્હીનો ઉનાળો ભલેને બળબળતી ભઠ્ઠી જેવો હોય, પણ મુંબાઈ અને કલકત્તાના ઉનાળા કરતાં તો ઘણો સારો. દિલ્હીમાં ગરમી ખરી પણ સૂકી ગરમી પડતી, પરંતુ છેલ્લાં વીસ વર્ષમાં દરેક બંગલાની આસપાસની હરિયાળીને પરિણામે હવામાં ભેજનું પ્રમાણ વધતું ગયું. નવી દિલ્હી એટલે જાણે રણમાંની એક વીરડી જોઈ લો. એના પરિણામે તો છેલ્લાં વીસ વર્ષમાં વધુ અને વધુ વરસાદ અહીં ખેંચાતો આવે છે. ઉનાળામાં ભેજ વધે છે. દિલ્હી ને આસપાસના વિસ્તારોમાં સરેરાશ વરસાદ વધ્યે છે.

અમેરિકાના એક વિશ્વવિદ્યાલયમાંથી તાજેતરમાં પાછો ફરેલો એક શીખ યુવાન દિલ્હીમાં અમેરિકન એલચી-કચેરીમાં કામ કરતી એક અમેરિકન મહિલાને મળવા ગયો. વાતચીતમાં એ યુવાને દિલ્હીમાં એક રેસ્ટોરાં (ભોજનગૃહ) ખોલવાનો પોતાનો વિચાર દર્શાવ્યો અને એ મહિલાનો અભિપ્રાય પૂછ્યો: 'ભારતીઓ તથા વિદેશીઓ બંને આવા ભોજનગૃહનો લાભ લેશે ખરા?'

એ અમેરિકન મહિલાએ કહ્યું: 'એવું ભોજનગૃહ જો તમે ખોલશો, તો ચોક્કસ સારું ચાલશે. કેમકે દિલ્હીમાં, ભારતના ભાગલા બાદ ઘણી સારી હોટેલો ખુલી, અને તે સારી રીતે ચાલે છે. ભાગલા બાદ દિલ્હીમાં સરહદ પ્રદેશના લોકો આવ્યા, અને સાથોસાથ સુંદર પૌષ્ટિક ખોરાકની ટેવ પણ લાવ્યા. હાલ કદાચ ભારતના કોઇ પણ શહેર કરતાં દિલ્હીમાં વધુ સારાં ભોજનગૃહો છે, કેમકે દિલ્હી હવે વિશ્વપ્રવાસનું એક કેન્દ્ર બન્યું છે.' પેલા શીખ યુવાને કહ્યું: 'આ તો બહુ સારી વાત થઇ. હું મારા એક ખંડમાં તો અમેરિકન વાતાવરણ ઊભું થાય એ રીતે શણગારીશ. વળી બૉલ-રૂમ નૃત્ય માટે હું વાદ્યવૃંદની પણ ગોઠવણ કરીશ.'

અમેરિકન મહિલાએ કહ્યું: 'કદાચ આમાં તમે ભૂલ ખાશો. તમારું ભોજનગૃહ તમારે ભારતીય રીતે ભારતીય સજાવટથી શણગારવું જોઇએ.'

યુવાને શંકા કરી: 'ઘરઅંદરની સજાવટ માટે અનુરૂપ ભારતીય વસ્તુઓ મળશે ખરી?'

અમેરિકન મહિલાએ જવાબમાં કહ્યું: 'અરે, હા! જોઈએ તેટલી. અમેરિકા કે યુરોપમાં ય કદાચ એવી નહિ મળે. જુમા-મસ્જિદની આસપાસની જૂના માલ-સામાનની દુકાનો જુઓ. ત્યાં તમને કાંસાની અને પિત્તળની અતિસુંદર ચીજો સસ્તામાં મળશે. અરે, કેટલીક વખત તો વજનના ભાવે મળશે. ચાંદની-ચોકમાં જાઓ ને સુંદર ભાતીગળ સુતરાઉ અને રેશમી કાપડ લો. ગૃહઉદ્યોગના વસ્તુભંડારમાં જશો તો એક મહેલને શણગારી શકાય એવી ચીજો મળશે. દિલ્હીમાંના કોઈ પણ અમેરિકનના ઘરમાં જાઓ, અને જુઓ કે જૂના થાળ, ઘોડાગાડીઓ ઉપરનાં હોય છે એવાં ફાનસો, ગાયની ઘંટડીઓ અને માટીનાં કોડિયાંથી એ લોકોએ કેવી સજાવટ કરી છે!'

આ નવા દિલ્હીની નવતર ભાત!

શ્રીમતી પ્રેમ બેરીના મનમાં એક વિચાર આવ્યો કે હવે કલાને પોષે તેવા જૂના આશ્રયદાતાઓ—મહારાજાઓ, દીવાનો ને શ્રીમંતો ગયા છે; પરંતુ કલાની ખાતર કંઈક ફાળો આપે એવો એક નવો વર્ગ હોઈ શકે. વિચાર એવો થયો કે સંગીતનો એક જલસો ગોઠવવો, સાથે રાત્રિ-ભોજન રાખવું, અને ટિકિટ દીઠ સો રૂપિયા લેવા. અમેરિકામાંના '૧૦૦ ડૉલરની એક પ્લેટ'ના ભોજન જેવું ગોઠવવું.

શ્રીમતી બેરીએ આ વાત શ્રીમતી વિદ્યા શાહને કરી, અને દિલ્હીમાંના ત્રિવેણી કલા-સંગમના મકાન માટે નાણાં ઊભાં કરવા આ માર્ગ લેવાનું નક્કી થયું. એમનું સૂત્ર હતું 'ત્રિવેણી બાંધો'. દેશમાં જૂજ મોટા દાતાઓ હતા તેના સ્થાને નાના પણ અનેક દાતાઓ હવે મળે છે એ સાબિતી પૂરવાર કરે છે કે ભારતનાં સંસ્કાર-સ્વરૂપો બદલાઈ રહ્યાં છે. આ પરિસ્થિતિનો લાભ ઉઠાવવાનું નક્કી કરાયું.

અતિ ઉત્તમ પ્રકારનું સંગીત પીરસવું અને મધ્યમ વર્ગ જે કંઈ ફાળો આપી શકે એ લેવો, એવો વિચાર હતો. અલબત્ત, શ્રી જી. જે. વાટુમલ તથા શ્રીમતી વાટુમલ જેવા વિખ્યાત દાતાઓએ બીજાઓ કરતાં વધુ મોટી રકમો આપી; પરંતુ મુદ્દો એ હતો કે ટિકિટ દીઠ એકસો રૂપિયા લઇને એક રાતમાં દસ હજાર રૂપિયાની રકમ એકઠી કરવી. પણ આ ધારણા ખોટી પડી. દસ હજારને બદલે ત્રિવેણી કલા-સંગમને તે રાત્રે વીસ હજાર રૂપિયા મળ્યા!

એ સમારંભમાં મુખ્ય આકર્ષણ રવિશંકરે જમાવ્યું હતું. ભારતના કોઇ પણ સંગીતકાર કરતાં વધુ અંશે, રવિશંકર, આધુનિક જમાનાની જરૂરિયાતને સમજીને, ભારતનું સંગીત રજૂ કરવાના અવનવા માર્ગો, પદ્ધતિસર ને સમજણપૂર્વક વિકસાવી રહ્યા છે. એમના વિખ્યાત ભાઈ ઉદયશંકરે પણ ભારતીય નૃત્ય-

ના ક્ષેત્રમાં એ જ વસ્તુ કરી હતી. રવિશંકર કહે છે કે લોકોનું જીવન પલટાઇ રહ્યું છે, સંસ્કાર-લઢણો બદલાઈ રહી છે, ત્યારે સંગીતની રજૂઆતનું સ્વરૂપ પણ પલટાવું જોઇએ. રવિશંકરના કાર્યમા એમને જાણીતા તબલચી ચતુરલાલનો પણ સરસ સાથ છે.

રવિશંકરના કહેવા પ્રમાણે મુખ્ય પ્રશ્નો આ છે: હાલના સમયમાં, લોકો નવરા નથી હોતા, પ્રવૃત્તિશીલ હોય છે. અને ગમે તે કલાના દર્શન-અનુભવ માટે લોકો અઢી કલાકથી વધુ સમય ભાગ્યે જ ફાજલ પાડી શકે. પહેલાના સમયમાં તો જલ્સો છેક સવારના ચાર વાગ્યે, 'વાગેશ્વરી' રાગના સૂરો સંભળાવીને પૂરો થતો અને એ નભતું. પરતુ હવે ભારતીય સંગીતે આ સમય મર્યાદાના તત્ત્વને ખ્યાલમાં લેવું રહ્યું.

અત્યારસુધી ભારતીય સંગીત, એકનાનકડા ઓરડાની નાની મંડળી માટેનું જ સંગીત રહ્યું છે. શ્રોતાઓ ગણ્યાગાંઠ્યા હોય એટલે પાન ચવાતાં જાય, ઠઠ્ઠા-મશ્કરી થતી જાય અને વચ્ચે વચ્ચે વાતો વહેતી જાય. અરે મન પડે ત્યારે બેઠા અને મન પડે ત્યારે ઊઠ્યા, તો ય ચાલે. પરંતુ હવેના થીએટરમાં આ બધું ન ચાલે. એમાં તો સંગીતે અંતર્મુખ મટી, બહિર્મુખ થઈ મંચ ઉપરની સર્વસ્પર્શિતા કેળવવી રહી. વચ્ચે વચ્ચે તબલાં અને સિતારના સૂર મેળવવાની ઉસ્તાદી પદ્ધતિ હાલના મંચ ઉપર ન ચાલી શકે. ઘરમાં, ઘરના વાતાવરણમાં તમે ધારો એટલી ચરમસીમાઓ અને પ્રતિચરમસીમાઓ લાવી શકો, પણ જ્યારે ભારતીય સંગીત મોટા શ્રોતાસમુદાયની સમક્ષ, મંચ ઉપરથી રજૂ થતું હોય ત્યારે, ચીજનો અંત આવતો જાય એમ ચરમસીમા આવતી જવી જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો, સમય અને સ્થાનની મર્યાદાઓ સ્વીકારીને, નાટકીય ઢબે સંગીત પીરસવાની કળા, ભારતીય સંગીતકારોએ કેળવવી જોઇએ.

દુનિયાના દેશોની ભિન્નભિન્ન સંસ્કૃતિઓ, સર્વદેશીય સંસ્કૃતિના સ્વાંગ સજી રહી છે. એનો અર્થ એ થયો કે પશ્ચિમી દેશો પૂર્વની વધુ નજીક આવે અને પૂર્વ પશ્ચિમને વધુ સમજી શકે એવા કીમિયા યોજવા પડશે. નમૂનારૂપ સૂત્રોને સાર્વત્રિક સ્વરૂપ આપવામાં કંઈ નુકસાન નથી, કેમકે રજૂઆતની પદ્ધતિઓની માફક એ પણ અમુક પ્રકારના સંગીતની ખાસ પ્રતિભા જાળવી શકે છે.

અલબત્ત, શુદ્ધતાવાદીઓ ભ્રમર ચડાવશે, કેમકે તેમને પોતાની શુદ્ધિ સિવાય કંઈ ખોવાનું નથી. કલ્પનાવિહોણા લોકોએ હમેશાં કલ્પનાશીલ નવી પદ્ધતિઓ સામે બાંયો ચડાવેલી છે, પરંતુ કેટલીક વખત તો શોધક જ શાસ્ત્રીય બની જાય છે. પરંપરાનો પુજારી સંગ્રહસ્થાનના અધિપતિ જેવો બની જાય છે. સંગ્રહસ્થાનની કળામાં આકાર હોય છે પણ પ્રાણસંચાર હોતો નથી.

નવી-દિલ્હીમાં લિટન લેન નં. ૨ ખાતેના અમારા મકાનને ત્રિવેણી કલા-સંગમના કલાકારોએ જાણે ઝગઝગાટ ઇંદ્રપુરી બનાવી દીધું હતું. દિલ્હીના શિયાળાની રાત્રિ હોવાથી બહાર બગીચામાં શમિયાણો ઊભો કરવામાં આવ્યો હતો. ભારતીય તથા વિદેશી મહેમાનો ગાદી-તકિયે બેઠા હતા. શ્રીમતી ઈંદીરા ગાંધી અને વૉશિંગ્ટન ખાતેના ભારતીય એલચી શ્રી ગગનવિહારી મહેતા પણ હતા. વિશ્વખ્યાત અમેરિકન સંગીતજ્ઞ કુમારી મેરિયન ઍન્ડરસન હતાં એમની સાથે; વિખ્યાત જર્મન સંગીતજ્ઞ કુમારી હાના લુડવીગ અને જાપાનનાં સંગીતકાર માદામ હા-તોરી પણ હતાં.

ભારતની સંગીત-કલાની રજૂઆત કરીને જગતભરમાં નામના મેળવનાર રવિશંકર વિદેશોના મહાન સંગીતકારો સમક્ષ, ભારતના સંગીતના ખજાનામાંથી, પસંદ કરી કરીને ચીજો રજૂ કરતા હતા. દરેક ચીજ રજૂ કરતાં પહેલાં તેનો પરિચય આપતા ને અર્થ સમજાવતા. તબલાં સંબંધમાં તેમણે વિદેશી મહેમાનોને ખ્યાલ આપ્યો હતો. કુમારી મેરિયન ઍન્ડરસને પાછળથી કહ્યું હતું કે તબલાં તો ભારતીય સંગીતના હૃદયનો ધબકાર છે.

કુમારી હાના લુડવીગે કહ્યું હતું, કે ભારતીય સંગીત પોતાને નવું જ લાગે છે, પરંતુ એ હૃદયંગમ છે. રવિશંકરે જવાબમાં કહ્યું હતું કે અમેરિકા, પશ્ચિમ-જર્મની, ઈંગ્લંડ, ફ્રાન્સ અને નેધરલૅન્ડઝમાં પોતાના સિતાર-વાદનને મોટી મોટી મેદનીએ શાંતિથી સાંભળ્યું હતું, જોકે તેમને પણ પોતે રજૂ કરેલી ચીજો વિચિત્ર તો લાગી જ હશે.

સાંસ્કારિકપ્રવૃત્તિઓના સ્વરૂપમાં જે પલટો આવી રહ્યો છે તે આ છે. પશ્ચિમવાસીઓ ભારતીય સંગીતનો સ્વીકાર કરે છે અને ભારતીયો પશ્ચિમી સંગીતનો સ્વીકાર કરે છે: ભલે શરૂઆતનો અનુભવ વિચિત્ર લાગતો હોય. ખરેખર તો પશ્ચિમી સંગીત આપણા સંગીત ઉપર અસર પાડવા લાગ્યું છે; અને રવિશંકર કહે છે કે પશ્ચિમી સંગીત-યોજકો યે કેટલાક ભારતીય તાલ, પદ્ધતિ ને બીજી વિશિષ્ટતાઓ અપનાવવાની રુચિ બતાવી રહ્યા છે. ત્રિવેણી કલા-સંગમે યોજેલો એ સંગીતજલ્સો રાતના સાડા બાર સુધી ચાલેલો, પરંતુ જમીન ઉપર પલાંઠી વાળીને 'બુદ્ધાસને' બેસવા છતાં ય કોઈ અમેરિકનને ખાલી નહોતી ચડી.

કુમારી ઍન્ડરસને કહ્યું હતું: 'આ તમારાં તબલાંનો તાલ મારી જાતના સીદીઓ તાળીનો જે તાલ આપે છે તેના જેવો છે. મારા વર્ણના ગરીબ લોકો પાસે સમય જાળવવાનું કંઈ વાદ્ય ન હતું, તેથી તેઓ હાથનો ઉપયોગ કરતા. મારી જાતિના લોકોનું ખાસ સંગીત 'નિગ્રો સ્પિરિચ્યુઅલ્સ' કપાસનાં ખેતરોમાં કામ કરતી અમારી પ્રજાની યાતનામાંથી વિકસ્યું હતું. એનો નિનાદ દુ:ખમય હોય છે, એની વસ્તુ 'ઊગરવાની' છે. ભારતના ઘણાખરા સાધુઓની માફક તેઓ બીજી દુનિયા તરફ મીટ માંડનારા હોય છે. તેઓ ભલે પાસેની મિસિસિપીનું ગીત ગાતા હોય, પણ તેમની કલ્પનામાં તો દૂરની જૉર્ડન હોય. તેઓ અલાબામા શહેરનું ગીત ગાતા હોય પણ મનમાં ધ્યાવ્યા કરતા હોય સ્વર્ગપુરી.


એક ઠંડી, અંધારી રાત્રે તાલકટોરા ગાર્ડન લશ્કરની એક છાવણી જેવો દેખાતો હતો. કેટલા યે એકર જમીન ઉપર નાના નાના તંબૂ પથરાયા હતા. દરેક તંબૂની બહાર નાનકડી તાપણી હતી. યુવક-યુવતીઓ આ તાપણીઓની આસપાસ ગાતાં-નાચતાં હતાં અને પોતપોતાના અનુભવોની વાતો કરતાં હતાં. ચોથા ઈન્ટર યુનિવર્સિટી યુવક મહોત્સવની એ છેલ્લી રાત હતી. ૩૭ વિશ્વવિદ્યાલયોના ૧૭૦૦ જેટલાં યુવક-યુવતીઓ રંગે ચડ્યાં હતાં.

ભારતના બદલાતા જીવનપ્રકારોનું આ એક સ્વરૂપ છે. આજે ભારતના યુવકો પરસ્પરને વધુ ને વધુ મળે છે. એક જમાનો એવો યે હતો કે ભાવનગરમાં ભણતા વિદ્યાર્થીને મુંબઇ જેટલે જવાની તક પણ ભાગ્યે જ મળતી. હવે તેને દિલ્હી સુધી આવવાની અને આસામ તથા ઓરિસ્સાના વિદ્યાર્થીઓને, બંગાળ કે બિહાર, મદ્રાસ કે કેરળના વિદ્યાર્થીને મળવાની તક મળે છે; સમસ્ત ભારતીય રાષ્ટ્રવ્યાપી દૃષ્ટિબિંદુ કેળવવાની તેને તક મળે છે; પોતાનાં મા-બાપની ચાંપતી નજરથી દૂર, યુવાન-યુવતીને પરસ્પર હળવા-ભળવાની તક મળે છે. ભારતની ઊગતી પેઢીને આ વર્ષે વર્ષે ભરાતા મેળામાં રોમાંચક અનુભવ મળે છે.

એ દિવસો પણ મને યાદ આવે છે કે ધનવાન ભારતીયો અને મહારાજાઓ વેનિસ અને પારીસમાંથી પ્રતિમાઓ અને ચિત્રો ખરીદી લાવતા. મોટા મોટા મહેલો અને મારવાડી શેઠિયાઓનાં મોટાં મહાલયો હજી આ વાતની સાક્ષી પૂરશે. યુરોપમાંથી લાવવામાં આવતી એ બધી ચીજો કંઈ

આપણી વનસ્પતી–૪૫

કુંવાડિયો



લેખક

માધવ મો. ચૌધરી

ભારતમાં ઠેરઠેર મળી આવનાર અને વધુ-માં વધુ ઊગનાર જો કોઇ વનસ્પતિ હોય તો તે કુંવાડિયો. બેથી ચાર ફૂટ ઊંચા તેના છોડ ચોમાસામાં આડે વગડે ઊગી નીકળે છે.

કુંવાડિયો આવળના વર્ગનો છોડ હોઈ તેનાં પાન આવળનાં પાનને મળતાં જ, પણ તેના કરતાં કંઇક મોટાં હોય છે. એકબીજાની સામ-સામે, જરા છેટેછેટે ત્રણેક જોડીઓમાં મળી એક સળી પર લગભગ છ–છ પાન હોય છે અને તે અનુક્રમે નીચેથી ઉપર જતાં મોટાં થતાં હોય છે. તેનાં ફૂલ પીળાં આવળ જેવાં અને શીંગો પાતળી અને લાંબી; તેનાં બી કઠણ, ચળકતાં, લીસાં, પીળાં કે લીલાશપડતા ભૂરા રંગનાં. કેટલાક લોકો તેનાં બી વાટીને તેની કૉફી બનાવે છે પરંતુ તેમાં કેફીન તત્ત્વ નથી. ડૉક્ટરો દાદરના મલમોમાં વાપરે છે તે 'ક્રાઇસોફે-નિક ઍસિડ'નો મોટો ભાગ તેમાં રહેલો છે. કુંવાડિયાનાં બી પણ દાદર મટાડે છે.

ગામડાંના કેટલાક લોકો તેને 'પુંવાડિયા'ને નામે પણ ઓળખે છે. તેનાં મૂળ, પાન અને બી સર્વ ઔષધિ તરીકે વપરાય છે. વળી ગરીબ લોકો કુંવાડિયાની ભાજી બનાવીને ખાય છે.

કુંવાડિયો દાદરનો નાશ કરતો હોવાથી સંસ્કૃતમાં તેનાં 'ચક્રમર્દ' અને 'દદ્રુઘ્ન' એવાં નામો છે. એ ઉપરાંત પ્રપુન્નાટ, મેષલોચન, પદ્માટ, એડગજ, ચક્ર અને પુન્નાટ, એ એનાં બીજાં નામો છે.

चक्रमर्दो लघु: स्वाद रुक्षः पित्तानिलापहः।
हृद्यो हिमः कफश्वासकुष्ठदद्रुकृमीन्हरेत्॥
हन्त्युष्णं तत्फलं कुष्ठकण्डूदद्रुविषानिलान्।
गुल्मकास कृमिश्वासनाशनं कटुकं स्मृतम्॥
दद्रुघ्नपत्र दोषघ्नमम्लं वातकफापहम्।
कण्डू कास कृमि श्वास दद्रु कुष्ठप्रणुल्लघु॥

કુંવાડિયો લઘુ એટલે કે હલકો, મધુર, રુક્ષ-લૂખો, હૃદયને હિતકારી અને ઠંડો છે. પિત્ત, વાયુ, કફ, શ્વાસ, કોઢ, દાદર અને કૃમિરોગોને મટાડે છે. તેનાં ફળો (બી) ગરમ તથા તીખાં છે. તેમજ તે કોઢ, ખુજલી, દાદર, ઝેર, વાયુ, ગોળો, ઉધરસ, કૃમિ અને શ્વાસરોગને મટાડે છે. તેનાં પાનનું શાક ખાટું, હલકું, દોષને મટાડનાર તેમજ વાયુ, કફ, ખુજલી (ચેળ), ઉધરસ, કૃમિ, શ્વાસ, દાદર ને કોઢને મટાડનાર ગણાય છે.

કુંવાડિયાના મૂળનું બારીક ચૂર્ણ ચાર માસા, સાકરની ભૂકી એક તોલો અને ઘી બે તોલા, એકત્ર કરી દરરોજ સવારે ચાટવાથી લોહીની ગરમી દૂર થઈ લોહી શુદ્ધ બને છે અને શક્તિ વધે છે. એ જ ચૂર્ણ ઘીમાં કાલવીને લેવાથી શીતપિત્ત મટે છે. ચોખાના ધોવડામણમાં તેનાં મૂળ વાટીને ખવડાવવાથી સ્ત્રીઓનો જલપ્રદર–સોમરોગ મટે છે. વાસામેહ પર પણ કુંવાડિયાના મૂળનો ક્વાથ પીવડાવાય છે.

કુંવાડિયાનાં ફૂલ સાકર સાથે પ્રમેહરોગીને અપાય છે; અને કુંવાડિયાનાં પાનની એકથી બે રૂપિયાભાર જેટલી ચા બાળકોને દાંત આવતી વખતે તાવ આવે ત્યારે પીવડાવાય છે.

એનાં પાનનો ક્વાથ ગડગૂમડ ધોવામાં પણ વપરાય છે. કૂમળાં પાનનો રસ લીમડાના રસમાં એકત્ર કરી ચોપડવાથી દાદર મટે છે; તેમજ કુંવાડિયાનાં પાન અથવા બી છાશમાં પલાળી તેને વાટીને દાદર પર પણ ચોપડાય છે.

ધોળા કુંવાડિયાનાં કૂમળાં પાન વાટીને પાઠા પર સાત દિવસ સુધી ચોપડવાથી ફાયદો થાય છે. કુંવાડિયાનાં કૂમળાં પાન બારીક વાટી બદ પર ચોપડવાથી અને પહોરે પહોરે ગોળી બદલતા રહેવાથી બદ ફૂટે છે. એ લુગદી ગડગૂમડ તેમજ ખરજવા પર પણ બંધાય છે. ખરજવા પર પણ તેનાં મૂળ ઘસીને ચોપડાય છે.

ભિલામું ઊઠવાથી થઈ આવેલા સોજા પર કુંવાડિયાનાં પાનનો રસ ચોપડાય છે.

કુંવાડિયાનાં મૂળ લીંબુના રસમાં ઘૂંટીને કે કણજીનાં બી સાથે વાટીને દાદર પર ચોપડાય છે; તેમજ તેનાં મૂળને લીંબુના રસમાં ઘસીને દાદર પર ચોપડવાથી પણ દાદર મટે છે.

કુંવાડિયાના બીનું ચૂર્ણ ખાટી છાશમાં, લીંબુના રસમાં કે કુંવાડિયાના પાનના રસ-માં કાલવીને દાદર પર ચોપડવાથી ગમે તેવી દાદર મટી જાય છે. એ ચૂર્ણમાં થોડો ગંધક મેળવ્યો હોય તો વધારે ગુણકારી બને છે.

કુંવાડિયાનાં બી, બાવચીનાં બી, ગંધક, સિંદૂર અને ફુલાવેલા ટંકણખારનું બારીક ચૂર્ણ સરસિયા તેલમાં મેળવી ચોપડવાથી ગમે તેટલી જૂની અને ફેલાએલી દાદર મટે છે.


કુંવાડિયાનાં બી છ ભાગ, બાવચીનાં બી ચાર ભાગ અને ગાજરનાં બી બે ભાગનું ચૂર્ણ આઠ દિવસ સુધી માટીના વાસણમાં ગૌમૂત્રમાં પલાળી રાખી પછી ચોપડવાથી ખરજવું મટે છે.

કુંવાડિયાના બીને થૂવરના દૂધમાં પલાળી રાખી ગોમૂત્રમાં વાટી લેપ કરવાથી ગૂંચવાળી વાની ગાંઠો બેસી જાય છે. કાંજીમાં એનાં બી વાટી લેપ કરવાથી આધાશીશી મટે છે.

અપ્રતિમ સુંદર કે પ્રમાણભૂત કલાના નમૂના યે નહોતા.


હવે દિલ્હીમાં કેટલાય વિદેશી રાજપુરુષો-નાં મકાનોમાં કુળકર્ણી અને કૌશિક, હુસેન અને હેબ્બર, કંવલ કૃષ્ણ અને કૃષ્ણ ખન્ના, સતીશ ગુજરાલ અને સોમાલાલ શાહની ચિત્રકૃતિઓ નજરે પડે છે. એમનાં મકાનો-માં દીવાનખાનામાં 'નટરાજ'ની કાંસાની પ્રતિમાઓ અને મથુરા ને ગાંધારથી લાવેલી રાતા પથ્થરની પ્રતિમાઓ શોભે છે. એમનું જોઇને હવે ભારતીયોને પણ લાગવા માંડયું છે કે આપણી પાસે કળા અને કારીગરી છે.

હા, સાંસ્કારિક સ્વરૂપો બદલાઈ રહ્યાં છે. દીવાળીના તહેવારોમાં યે આપણે વીજળીના ગોળાથી રોશની કરતા થયા હતા; પણ આ વિદેશીઓએ આપણને ફરીથી શીખવ્યું કે તેલ પૂરેલાં કોડિયાંની ટમટમતી વાટમાંથી જે સૌંદર્ય ઝરે છે તે અનોખું છે.



ગઇ પહેલી માર્ચે ભારતના પોલાદ ઉદ્યોગની સુવર્ણ જયંતિ પ્રસંગે ભારત સરકારે બહાર પાડેલી ખાસ ટિકિટ તથા તેના રદ્દીકરણની છાપ દર્શાવતું તેનું પ્રથમ-દિન-કવર (મોકલનાર ભરત કુ. દેસાઇ). ટિકિટ પર પોલાદ-ઉદ્યોગના ધામ જમશેદપુરના દૃશ્યમાં તેના આદ્ય સ્થાપક જમશેદજી તાતાની છબિ મઢેલી છે. કવર પર પોલાદના કારખાનાનું આંતરિક દૃશ્ય અને છાપ પર પોલાદનો રસ રેડતા ઊકળતા ચરુનું ચિત્ર છે.

ટિકિટસંગ્રહ



પ્રખ્યાત શિક્ષણકાર, સામાજિક કાર્યકર અને સ્ત્રીશિક્ષણના આદ્ય પુરસ્કર્તા ડૉ. ધોંડો કેશવ કર્વેની જન્મશતાબ્દી નિમિત્તે આવતી તા. ૧૮મી એપ્રિલે બહાર પડનારી આ ૧૫ નયા પૈસાની ખાસ ટપાલ-ટિકિટ પર ભારતની એ અતિ જાણીતી જીવન્ત વ્યક્તિની છબિ છે. તેમને આ વર્ષના પ્રારંભમાં જ 'ભારત રત્ન'નું બહુમાન મળ્યું છે. આ પ્રસંગે પ્રથમ-દિન-કવર પણ બહાર પડશે. ડૉ. કર્વેના નિવાસસ્થાન પૂના શહેર તેમજ અમુક મર્યાદિત સંખ્યાનાં શહેરોમાં પ્રથમ દિવસે ટિકિટ રદ કરવા માટેની છાપ મારવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે. આ ટિકિટ અને પ્રથમ-દિન-કવર ૧૮મી એપ્રિલથી ટપાલ-કચેરીઓમાં મળશે.



પૃથ્વીની આસપાસના વાતાવરણ ને બીજી બાબતોનાં વૈજ્ઞાનિક સંશોધનાર્થે ગયા વર્ષે ૧લી જુલાઈએ શરૂ થએલા આંતરરાષ્ટ્રીય ભૂભૌતિક વર્ષ (જુઓ 'કુમાર' અંક ૪૦૩)ના સ્મરણમાં જુદાજુદા દેશોએ કાઢેલી ટિકિટોમાંની કેટલીક.

પરદેશોમાં પણ જર્મની અને અમેરિકાએ યોગાસનોના વ્યાયામને ખાસ અપનાવવા માંડ્યો છે

દામુભાઈ શુક્લ

યોગાસનોનો પ્રચાર પરદેશોમાં પણ વધારે ને વધારે થવા માંડ્યો છે અને અનેક વૈજ્ઞાનિકોએ એની ઉત્તમતા સ્વીકારી છે. જર્મની અને અમેરિકાએ તો આસનના વ્યાયામને ખાસ અપનાવવા માંડ્યો છે અને રોજ કરવાની કસરતોમાં એને માનભર્યું સ્થાન આપવા માંડ્યું છે. અનેક કેળવણીસંસ્થાઓના શારીરિક શિક્ષણના કાર્યક્રમોમાં આસનો એનાં મૂળ રૂપે કે થોડાઘણા ફેરફાર સાથે પ્રવેશ પામી ચૂક્યાં છે.

જીવનનું તાણ વધતું જાય છે અને આધુનિક માણસ એની જીવન-મીણબત્તીને બંને છેડેથી બાળી રહ્યો છે. જીવનશક્તિને સંગ્રહીત કરવાના પ્રયત્નો કરવામાં ન આવે તો એ શક્તિ જલદી ખલાસ થઈ જાય, એટલે કે માણસને અકાળે મરણશરણ થવું પડે યા તો ભારમય જીવન—રોગ અને અશક્તિયુક્ત જીવન જીવવું પડે એ દીવા જેવી સ્પષ્ટ વસ્તુ છે.

અને આસનો કરવાનો સમય નથી મળતો એમ કોઈ ડાહ્યો માણસ કહી શકે ખરો? કોઈ પણ માણસ વરસમાં ઓછામાં ઓછી એક બે નાની બીમારીઓ—સામાન્ય તાવ, શરદી, ઉધરસ, માથાનો દુખાવો, બેચેની વગેરે નહિ ભોગવતો હોય? એવી બીમારીમાં આખા વરસમાં એના ૧૦–૧૫ દિવસ નહિ બગડતા હોય? હવે હિસાબ કરો: એક દિવસના કામના આઠ કલાક લેખે માણસ સામાન્ય બીમારીમાં વરસે દહાડે ૮૦ થી ૧૨૦ કલાક બગાડે છે. આ કલાકો રોજની ૧૦–૧૫ મિનિટને હિસાબે એ પોતાના શરીરને આપે તો? એને એ ચોક્કસ ફાયદાકારક થાય. એ સામાન્ય ફરિયાદોમાંથી બચી જાય, અને મોટી ફરિયાદો તો કદી આવે જ નહિ.

આ જમાનો 'સામાન્ય માણસો'નો છે. આ સામાન્ય બુદ્ધિનો હિસાબ શું સામાન્ય માણસો નહિ સમજે? મોંઘવારીનો ભય, કોઈ ભયંકર રોગ લાગુ પડી જવાનો ડર, જે આ જમાનાના માણસના માથા ઉપર તલવારની જેમ હમેશ લટક્યા કરે છે એમાંથી પોતાની જાતને અને પરિણામત: ભવિષ્યની પેઢીને બચાવવા એ આટલું નહિ કરી શકે? આખા દિવસમાંથી ગમે તે અનુકૂળ સમયે ફક્ત ૧૫ મિનિટ ફાજલ નહિ પાડી શકે?

૩: ચક્રાસન



આ આસન કરતી વખતે શરીરનો આકાર ચક્ર જેવો—ગોળ પૈડા જેવો થાય છે માટે એને ચક્રાસન કહે છે.

હાથને માથા ઉપર લાંબા કરી આસન ઉપર ચત્તા સૂઈ જાઓ. હવે પગને ધીમે ધીમે ઊંચા લાવો ને આ બાજુથી હાથને પણ ધીમે ધીમે ઊંચા કરી પછી શરીરને કમરમાંથી બને તેટલું ઊંચું કરો. પગને હાથ તરફ ને હાથને પગ તરફ લઈ જાઓ. બંનેનો મેળાપ થાય ત્યાં હાથનાં આંગળાં વડે પગનાં આંગળાંને પકડીને સ્થિર રહો. આ થયું ચક્રાસન. ઊભા રહીને હાથ પાછળથી જમીન ઉપર ટેકવીને કમાન વળીને પણ આ આસન કરી શકાય છે.

આ આસનથી પેટ અને હાથપગના તથા કમરના સ્નાયુઓ સારી રીતે કસાઇને મજબૂત થાય છે અને આ પ્રકારનાં બીજાં અઘરાં આસનો પછી સહેલાઈથી કરી શકાય છે.

૪: પવનમુક્તાસન

પેટમાં ગૅસ થયો હોય અને એ બહાર ન નીકળે તો એક પ્રકારની બેચેની થાય છે. આ આસનથી ગૅસ એટલે પવન સરળતાથી બહાર નીકળે છે—એટલેકે તે મુક્ત થાય છે માટે એને પવનમુક્તાસન કહે છે.

ચત્તા સૂઈ બંને પગને ઢીંચણ આગળ વાળો. પછી પહેલાં ડાબા ને ત્યાર પછી જમણા પગને છાતી ભણી લાવો. હવે બંને હાથને એ વાળેલા બંને પગ ઉપર સારી રીતે ભીડાવીને પડ્યા રહો, એટલે પવનમુક્તાસન થઈ જશે. સૂવાને બદલે બેસીને પણ આ આસન થઈ શકે છે.

હોજરી કે આંતરડાંમાં ભરાએલો વાયુ આથી દૂર થાય છે ને ધીરે ધીરે એ અવયવો મજબૂત થાય છે. થોડું પાણી પીને આ આસન કરાય તો શૌચશુદ્ધિ સારી રીતે થાય છે. બંધકોશની શરૂઆત હોય તો થોડું પાણી પીને રોજ આ આસન બેત્રણ વાર કરવાથી તે દૂર થાય છે.



આ આસન સિદ્ધ થયા બાદ ભુજંગાસન, શલભાસન, ધનુરાસન વગેરે આસનો કરવાં.

'દેવકરણ નાનજી ફેલોશિપ સોસાએટી કલ્ચરલ સર્કલ'ને આશ્રયે, બાલ-નાટકોના ઉત્તેજનાર્થે, એકાંકી નાટ્યલેખન હરીફાઈ જાહેર થઈ છે. તેમાં અનુક્રમે રૂ. ૨૦૦) ૧૫૦) અને ૧૦૦)નાં પારિતોષિક આપવામાં આવશે. નિર્ણાયકોને યોગ્ય જણાશે તો બાકીની કૃતિઓમાંથી પાંચ શ્રેષ્ઠ કૃતિઓને રૂ. ૫૦)નાં ઈનામો અપાશે. કૃતિઓ મોડામાં મોડી ૧૯૫૮ની ૩૦મી જૂન સુધીમાં મોકલવાની છે. છાપેલા નિયમોવાળી વિગતવાર માહિતીની પત્રિકા મંત્રી શ્રી ચન્દ્રકાંત કોઠારી, દેવકરણ નાનજી બિલ્ડિંગ્ઝ, હૉર્નીમેન સર્કલ, કોટ, મુંબાઈ-૧ એ સરનામેથી મળશે.

દેશ સમસ્તને વ્યાપીને પડેલા ત્રણ મહારોગો પૈકીનો
અસાધ્ય અને અસહ્ય રોગ

માંદગીનાં મૂળ · હપતો ૩૮ મો

કૅન્સર
[કર્કરોગ]



લેખક
ડૉ. શિવપ્રસાદ
ત્રિવેદી

દેશના એક ખૂણાથી બીજા ખૂણા સુધી વ્યાપેલા જીવલેણ મહારોગો ત્રણ છે: ક્ષય, મલેરિયા અને કૅન્સર. વૃદ્ધાવસ્થામાં મોટે ભાગે હૃદયરોગ કે ન્યૂમોનિયા થાય છે. તે પછી મરણ થવાના કારણરૂપ આ બીજો રોગ છે. એની પીડા અને રિબામણી એવાં તો અસહ્ય અને અસાધ્ય છે કે તે સ્વપ્નામાં કે શત્રુને પણ દેખા ન દેજો એવું દરેક ઇચ્છે છે.

કૅન્સર સંબંધી હમણાં ખૂબ સાંભળવા મળે છે. એટલે એ માન્યતા થવા સંભવ છે કે આ તો અત્યારના સુધરેલા જમાનાનો રોગ છે, પણ એ વજૂદ વિનાની છે. માછલીથી માંડી પાળેલાં કે જંગલી બધાં પ્રાણી અને પંખીને આ રોગ થાય છે. અરે, વૃક્ષોને પણ!


કૅન્સર કોઈ રહસ્યભર્યો અગમ્ય રોગ હોવાની માન્યતા પણ ખોટી છે. સંશોધનો અને નિરીક્ષણના પરિણામે જાણવા મળ્યું છે કે શરીરના કોઈ પણ ભાગનું બેકાબૂ અને ફાવે એમ વધવું એનું નામ કૅન્સર. આપણા શરીરના અવયવો અસંખ્ય કોષોના બનેલા છે: ઘર જેમ ઈંટોનું બનેલું છે એમ. માણસો અને પ્રાણીઓ વરસો વીતતાં નાનાંથી મોટાં થાય છે, પણ પુખ્ત વય સુધીમાં કદમાં વધ્યા બાદ વધારે વધતાં નથી. આથી માનવામાં આવે કે શરીરના કોષો ઉપર બે બળોની અસર છે. એક બળની અસર નીચે કોષો વધે છે, તો બીજું બળ એ વિકાસને પાછો પાડે છે. આ રીતે સમતાલ કામ થવાથી શરીરનો વિકાસ ટકી રહે છે.

જાણી ન શકાય એવા કોઇ કારણસર શરીરના કોઈક અવયવના કોષો અંકુશ વિના ઝડપથી કદમાં વધવા માંડે છે. વધેલા કોષો પાસેની તંદુરસ્ત પેશીઓને દબાવી, કચડી, લોહી શોષી લઈ તેને મારી નાખે છે. આથી એના ભાગો છૂટા પડી લોહી અને લસી વાટે શરીરમાં બધે પથરાય છે. તે વળી આપમેળે વધી પાસેની પેશીઓનો પણ નાશ કરે છે. આમ ઠેર ઠેર પેશીઓનો નાશ કરી વધતા કોષો છેવટે રોગીના પ્રાણ હરે છે. કોષોની કાબૂ વિનાની આ વૃદ્ધિ એ કૅન્સર છે. ચોદિશ ફેલાતા કરચલાના પંજાની જેમ તે વધતો હોઈ તેનું નામ કરચલા ઉપરથી કૅન્સર આપવામાં આવ્યું છે.


રોગ અંગે શરીરનો ભાગ વકરી જાય એ કૅન્સર છે. આ થવાનાં કારણો હજુ અજાણ છે. કૅન્સર ચેપી રોગ નથી કે સ્પર્શથી એનો ફેલાવો થતો નથી. અમુક ખોરાક ખાવાથી કે દેશના અમુક ભાગમાં રહેવાથી તે થવાની માન્યતા પણ ખોટી છે. વળી એ વારસાગત ઊતરી આવે છે એ બીના પણ વજૂદ વિનાની છે.

કૅન્સર થવાનું કારણ લાંબા વખતનો દાહ છે. ડામર, શેલ ઑઈલ, એક્સ-રે, રેડિયમ ને રંગોમાં કામ કરનારા દાહનો ભોગ બને છે. કાશ્મીરમાં ઠંડીથી બચવા ગળે સગડી બાંધી રાખનારા લોકોને સગડીના સ્પર્શથી છાતી અને હોજરીની ચામડી ઉપર દાહ ઊપજે છે. ચૂંગી પીનારાઓને ઓઠ ઉપર અને ચૂનામિશ્રિત પાન ને તમાકુ ખાનારા તથા ધૂમ્રપાન કરનારાઓને જીભ ગળા અને છાતીમાં દાહ ઊપજે છે. શરીરના બહારના કે અંદરના ભાગમાં જ્યાં વરસો સુધી દાહ ઉપજ્યા કરે ત્યાં દસથી પચ્ચીસ વર્ષના ગાળામાં કૅન્સર થાય છે. આમ કૅન્સર થવાની વયમર્યાદા પ્રૌઢ અને વૃદ્ધાવસ્થા છે. જોકે કવચિત્ નાની વયે પણ એ થાય છે ખરું.

શરીરના કોઈ પણ ભાગ કે અવયવમાં કૅન્સર થાય છે. એનાં બે રૂપ છે: ચાંદું અને ગાંઠ. આ રોગની વિશેષતા તો એ છે કે એની શરૂઆતનાં કશાં ચિહ્નો કે લક્ષણો નથી હોતાં! રોગ વધ્યા બાદ, શરીરના જે ભાગમાં કૅન્સર થયું હોય તે અનુસાર, એનાં ચિહ્નો અને લક્ષણો દેખા દે છે. વળી શરૂઆતમાં તો નથી હોતી કશી વેદના કે રજમાત્ર બેચેની. પણ આથી જ આ રોગ અતિ ભયાનક છે. રોગ અંગેની વેદના કે બેચેની એક રીતે ઉપકારક છે. એમનાથી રોગ છતો થવાથી આપણે ચેતી જઈ શકીએ. કૅન્સરની શરૂઆતમાં નથી હોતી વેદના કે પીડા કે નથી પેદા થતી કશી અસ્વસ્થતા. એટલે આપણને એના સંબંધે રજ માત્ર ખયાલ કે શંકા આવતાં નથી. એ તો જ્યારે વધી પડી ફૂલેફાલે ત્યારે વેદના ને બેચેની જન્માવે છે. આટલી હદે રોગ વધ્યા બાદ નથી ઉપયોગી નીવડતા કોઈ ઉપચાર કે નથી રાહત આપતી કોઈ સારવાર.



મથાળે: પાન ખાનારને થતું ગલોફાનું કૅન્સર આખા ગાલમાં વ્યાપીને વકરી નીકળે છે. ડાબી બાજુ: જીભની કિનાર પરનુ ચાંદું ગંદાં મોં, ચૂંગીનું ધૂમ્રપાન, ખવાએલા દાંતની અણિયાળી ધારો વાગવાથી પડતાં છાલાં, કે નહિ બેહેલા દાંતના ચોકઠાના આટણમાંથી ઉદ્ભવે છે. તેની શરૂઆત એકાદ ધોળા ટપકા કે નહિ દુખતા ચાંદાથી થાય છે ને વખતસર ચેતી જવાથી કાબૂમાં આવી જાય છે. જમણી બાજુ: જીભની નીચેના ભાગમાં થએલું કૅન્સર. કૅન્સરનાં જે બે રૂપ છે: (૧) ઉપસેલી ધારવાળું ચાંદું; (૨) કોબીફલાવરના દડા જેવા આકારની ગાંઠ. તે બંને અહીં દર્શાવ્યાં છે.



આમ હોવાથી આ રોગ ભયાનક ને અસાધ્ય ગણાય છે. બાકી જો એની શરૂઆતમાં ઉપચાર કરવામાં આવે તો તે સાઠથી ઍંશી ટકા ચોક્કસ મટી જાય છે. અમેરિકન દાક્તરો કૅન્સરને સાધ્ય અને રોકી શકાય એવો રોગ માને છે અને એમણે એ સિદ્ધ પણ કરી બતાવ્યું છે. એને માટે અમેરિકાની તૈયારીઓ પણ સંપૂર્ણ છે. ત્યાં ૧૯૦ કૅન્સર શોધનારાં કેન્દ્રો, ૩૫ કૅન્સર-નિદાન કેન્દ્રો અને ૪૦૦ કૅન્સર-સારવાર કેન્દ્રો છે. જ્યારે અમેરિકાથી દોઢી વસતિવાળા ભારતમાં કૅન્સર અંગેનાં માત્ર ત્રણ જ દવાખાનાં છે: મુંબાઈ, મદ્રાસ, ને કલકત્તામાં.

આપણા દેશમાં દર વરસે બે લાખ માણસો કૅન્સરથી મરણ પામે છે! આમાંના અરધાને તો બચાવી શકાય એમ છે, જો એમના રોગનું વહેલું નિદાન અને તાત્કાલિક યોગ્ય સારવાર થાય તો. રોગ વધી ગયા બાદ કોઈ પણ ઉપચાર ઉપયોગી નીવડતા નથી. મુંબઈની તાતા ઑસ્પિટલમાં આવતા કૅન્સરના કેસોમાં મોટા ભાગે મોઢાના કૅન્સરના રોગી હોય છે. એમાં યે જીભના કૅન્સરના સૌથી વધુ. તે પછી ક્રમમાં ટૉન્સિલ અને ગાલનાં કૅન્સર છે. ગાલનાં કૅન્સર દક્ષિણીઓમાં વધારે છે તો જીભનાં કૅન્સર ગુજરાતીઓમાં. કૅન્સર થયા બાદ દરદીઓ સાત કે નવ માસે તાતા ઑસ્પિટલમાં ગયાની નોંધ છે.

સ્ત્રીઓમાં સ્તન ને ગર્ભાશયનાં કૅન્સર વધુ પ્રમાણમાં થાય છે. હિન્દુ કરતાં પારસી સ્ત્રીઓમાં સ્તનના કૅન્સરનું પ્રમાણ વધારે છે. પુરુષોમાં શરીરના બીજા ભાગો કરતાં હોજરીનાં ને સ્ત્રીઓમાં ગર્ભાશયનાં કૅન્સર મોખરે છે. આમાં યે પ્રસૂતા કરતાં વંધ્યા સ્ત્રીઓનું પ્રમાણ વધુ રહે છે. બાળકોમાં એક જ ટકાના પ્રમાણમાં કૅન્સર થાય છે. તેમાં હોજરી, આંતરડાં, કલેજું અને જીભ, આ ચાર અવયવો સંડોવાય છે.

શરીરના જુદા જુદા ભાગોમાં કૅન્સર થવા માટે દેશે દેશે અને પ્રદેશે પ્રદેશે ફેર રહે છે. અન્ય દેશો કરતાં હિંદમાં ગળાનાં કૅન્સર વધારેમાં વધારે થાય છે. હિંદના દક્ષિણ ભાગમાં ગાલની અંદરના ભાગનાં તો ગુજરાતીઓમાં જીભ-ગળાનાં કૅન્સર સામાન્ય છે. હિંદ, હિંદી ચીન અને ફિલિપ્પાઈન્સમાં ગાલના અંદરના ભાગમાં કૅન્સર થવાનું કારણ ખાવાના પાનથી થતો દાહ માનવામાં આવે છે. પુરુષની જનનેન્દ્રિયનાં કૅન્સર યહુદીઓમાં બિલકુલ થતાં જ નથી, તો તે હિંદી ચીનમાં વિશેષ છે. કલેજાનાં કૅન્સર અમેરિકામાં ઓછાં તો દક્ષિણ આફ્રિકાના બાન્ટુઓમાં વિશેષ છે. અમેરિકાની અને ઈંગ્લંડની ગોરી સ્ત્રીઓમાં છાતીનાં કૅન્સર અતિસામાન્ય છે તો એની સરખામણીમાં જાપાનમાં ઓછાં છે. ન્યૂ યૉર્કના પુરુષો હોજરીના કૅન્સરથી બેવડા પીડાય છે.

સિગારેટ પીવાથી ફેફસાનું કૅન્સર થવાનું મનાય છે. અમેરિકન કૅન્સર સોસાએટીના મેડિકલ અને સાયન્ટીફિક ડિરેકટર ડૉ. ચાર્લ્સ કૅમેરૉન કહે કે '૧૯૩૮ થી ૧૯૪૪ સુધીમાં કૅન્સરથી થતું સામાન્ય મરણપ્રમાણ ૩૨ ટકા વધ્યું છે જ્યારે ફેફસાંના કૅન્સરનું મરણપ્રમાણ ૧૪૪ ટકા વધ્યું છે! છેલ્લાં વીસ વર્ષમાં પુરુષોમાં ફેફસાંનું કૅન્સર આઠગણું વધ્યું છે, તો સ્ત્રીઓમાં ત્રણ ગણું. ધૂમ્રપાન નહિ કરનારા કરતાં પુષ્કળ સિગારેટ પીનારામાં ફેફસાંના કૅન્સરથી થતું મરણપ્રમાણ પાંચ ગણું વધારે છે! છેલ્લાં પચીસ વર્ષથી રોજની ચાળીસ સિગારેટ પીનારાઓમાં, કદી ધૂમ્રપાન નહિ કરનારા કરતાં ફેફસાંનું કૅન્સર થવાની શકયતા બાવનગણી વધારે છે; રોજની વીસથી ત્રીસ સિગારેટ પીનારામાં ૨૨ ગણી વધારે, તો રોજની દસ કે ઓછી પીનારામાં પણ ઘણી શકયતા તો રહે જ છે.'

ભારતના કર્કરોગ સંશોધન કેન્દ્રનું પ્રતીક

શરૂઆતમાં કૅન્સરનાં ચિહ્નો ભુલાવામાં પાડે એવાં હોય છે કેમકે તેની કશી વેદના થતી જણાતી નથી. એટલે કૅન્સર થયાનો ખયાલ જ આવતો નથી. આથી આ રોગનાં શરૂઆતનાં ચિહ્નો જાણવાં જરૂરી છે.

મોઢાના કૅન્સરમાં કૉલીફ્લાવરના જેવા દેખાવ અને આકારવાળો ગઠ્ઠો કે ઉપસેલી ધારવાળું ને કઠણ બેઠકવાળું ચાંદું કે ઘારું હોય છે. લાંબા વખત સુધી રહેલાં જીભ પરનાં છાલાં પણ કૅન્સરમાં પરિણમે છે. જીભ કે ગાલ ઉપર છાલું કે ચાંદું (ઘારું) હોવા છતાં (૧) વેદના ન થવી અને (૨) રોગમાં વધારો થતો રહેવો, એ બન્ને કૅન્સર થયાની ખાતરી-રૂપ છે. દસ-પંદર દિવસની સારવાર છતાં યે બેસી ગએલા સાદમાં સુધારો ન થાય તો ગળાના ભાગમાં કૅન્સર અંગેની તપાસ કરાવવી જોઇએ. કંઠનળીના કૅન્સરમાં સાદ બેસી જવાનું ચિહ્ન શરૂઆતનું છે. થૂંક કે ખોરાક ગળે ઉતારતાં મુશ્કેલી, પીડા અને ગળાના બહારના ભાગમાં ગાંઠ ઉપસી આવવી વગેરે ચિહ્ન તો રોગ વધ્યા પછીનાં છે ને આ સ્થિતિમાં પહોંચેલો રોગ અતિ કષ્ટસાધ્ય થઇ જાયછે.

અન્નનળીના કૅન્સરના રોગીને જોનારને કૅન્સર રોગની ભયાનકતા સ્વપ્નમાં પણ બિવડાવનારી નીવડે છે. ચાળીસ પિસ્તાળીસ વર્ષની વયે ખાતી વખતે છાતીના હાડકા નીચે વજન કે દબાણ જેવું વરતાય એ વિચારવા જેવી બીના છે. અન્નનળીનું કૅન્સર વધે ત્યારે પ્રથમ ખોરાક ખાતી વખતે, અને પછી તો પાણી પણ પીતી વખતે ગળે ઉતારવાની મુશ્કેલીની ફરિયાદ રજૂ થાય છે. ઊબકા આવવા અને ગળામાંથી ખોરાક પાછો નીકળવો એ એનું છેલ્લું ચિહ્ન છે.

પાંત્રીસ વર્ષની ઉમરની વ્યક્તિ જો (૧) ખાધા બાદ હોજરીમાં ભાર (૨) ભૂખનો નાશ (૩) અશક્તિ ને (૪) ઊલટીની ફરિયાદ કરે તો એ હોજરીના કૅન્સરની નિશાની રૂપ છે. ગુદાનું કૅન્સર પ્રૌઢ કરતાં યુવાવસ્થામાં થાય છે. આનાં ચિહ્નોમાં રોજ હાજતે જવાની ટેવવાળાને બંધકોષ આવી પડે છે, ગુદામાં ભાર લાગે છે અને મળત્યાગ થવા છતાં યે મળનો ખયાલ (ખણુસ) રહે છે. પટ્ટી જેવા આકારનો મળ અને લોહી દ્રવવું એ ધ્યાન દોરે એવાં ચિહ્નો છે.

સ્તનમા પથરા જેવી કઠણ ગાંઠ હોવા છતાં ય વેદના ન થવી એ સ્તનના કૅન્સરની નિશાનીરૂપ છે. બગલમાં ગાંઠો ફૂલવી કે ડીંટડીમાંથી લોહી આવવું એ તો રોગ વધ્યા પછીનાં લક્ષણો છે. ગર્ભાશયના કૅન્સરની શરૂઆતમાં પ્રદર કે લોહી વહેવાનાં ચિહ્ન હોય છે. સંભોગ પછી લોહી દેખાવું એ ભયપ્રદ નિશાની છે. રજોદર્શન બંધ થયા પછી પણ જો આવી રીતે અવારનવાર લોહીસ્રાવ થાય તો દાક્તરી તપાસ માટે તાબડતોબ દોડી જવું જોઇએ. વેદના, દુર્ગંધયુક્ત સ્રાવ અને તાવ વગેરે તો રોગ વધ્યા પછીનાં ચિહ્નો છે.

ટૂંકામાં, કૅન્સરની ચેતવણીરૂપ ચિહ્નો આટલાં છે: (૧) શરીરના કોઈ પણ ભાગમાં, ખાસ કરી સ્તન, હોઠ અને જીભમાં ગાંઠ કે જાડાપણું દેખાવું; (૨) જીભ હોઠ અને મોઢામાં લાંબા વખત સુધી ચાંદાં કે ચીરા ન રુઝાવાં; (૩) સાદ બેસી જવો, ગળું આવવું, ગળાની ઉધરસ કે ગળે ઉતારવામાં મુશ્કેલી, આ ચિહ્નોનું કાયમ રહેવું; (૪) ચાળીસ વર્ષની ઉમર બાદ વારંવાર થઇ આવતી અજીર્ણની પીડા; (૫) ડીંટડી કે યોનિમાર્ગમાંથી અનિયમિત અને વગરકારણે થતો લોહીસ્રાવ, દસ્ત કે પેશાબમાં લોહી વહેવું; (૬) દસ્તની હાજતમાં વારંવારનો ફેરફાર; (૭) લાખું, કણી કે મસાના કદમાં અને રંગમાં થતા વધારા કે ફેરફાર.



પાનાંની રમત

[૫] નેપોલિયન

લેખક
સાધુરામ દવે

નેપોલિયનના નામથી તો ભાગ્યે જ કોઈ અજાણ હશે. તેની યાદશક્તિ ગજબનાક હતી, અને આ રમતમાં પણ યાદશક્તિ ખાસ જરૂરની હોઈ એનું નામ એ નેપોલિયન ઉપરથી પડ્યું છે.

આ રમતમાં પાનાંની એક જોડી લેવાની. ભિલ્લુ થયા વિના ચારથી માંડી આઠ-નવ જણ સુધી રમી શકાય. રમનારા કુંડાળામાં બેસે. હલકા-માં હલકું પાનું ખેંચનાર ચીપે ને દક્ષિણ બાજુના ખેલાડીએ પાનાં કાપ્યા બાદ ડાબી બાજુથી, પાનાં પૂરાં થાય ત્યાં સુધી, દરેકને અક્કેક પાનું વહેંચી દે. કોઈ વાર એકાદ જણને એકાદ પાનું વધુ મળે તો તેનો વાંધો નહિ. પત્તાંની આખી જોડ(pack–પૅક)માં ચાર એક્કા, ચાર બાદશાહ ને ચાર રાણીથી લઈ ચાર દૂરી સુધીની ૧૩ જોડી આવે છે. આ નેપોલિયનની રમતમાં આવી ચાર ચાર પાનાંની જોડ બનાવ-વાની હોય છે. કુલ ૧૩ જોડી થશે—એક્કાથી માંડીને, દૂરી સુધીની.

આ રમતનો ક્રમ એવો છે કે ચીપનાર જ પાનાં માગવાની શરૂઆત કરે. જે સંજ્ઞાનું પાનું પોતાની પાસે હોય તે જ સંજ્ઞાનું પાનું તે માગી શકે. દાખલા તરીકે કોઇનામાં ♠6 હોય, તો છક્કાની જોડી પૂરી કરવા તેને બીજા ત્રણ છક્કા જોઇએ. એટલે એ પોતાની પાસેના કાળીના છક્કા સિવાયના બાકીના ત્રણ છક્કા ભેગા કરવા, પોતાની મરજીમાં આવે તે બીજા કોઇ પણ ખેલાડી પાસે એ બાકી રહેલ ત્રણમાંથી કોઈ પણ ભાતનો છક્કો માગે. એટલેકે જેની પાસે પાનું માગવું હોય તેની સામે આંગળી ચીંધી, યા તેનું નામ દઈ, ભાત દર્શાવી પોતાને જોઈતું ચોક્કસ સંજ્ઞાનું પાનું માગે. જે રમનાર પાસે જેનાથી પાનું મંગાયું હોય તે પત્તું જો તેનામાં હોય તો તેણે માગનારને તે પાનું આપી દેવું પડે. આમ, **માગનારની માગણી સાચી પડેલી હોઈ, જ્યાં સુધી તેને કોઈ રમનાર, મંગાએલા પાનાં માટે ના પાડે ત્યાં સુધી માગવાનો અધિકાર રહે છે.**

પોતાની પાસે જે સંજ્ઞાનું પાનું હોય તે જ સંજ્ઞાનું પાનું માગી શકાય તે બરાબર ખયાલ રાખો. ગમે તે પાનું ગમે તે રમનાર પાસે માગી શકાય. એક વાર છક્કો માગ્યો હોય, એટલે છક્કાની જોડી તેની પાસે પૂરી ના થાય ત્યાં સુધી બીજું કોઈ ખૂટતું પાનું ન જ માગી શકાય એવું નથી. વચ્ચે બીજી સંજ્ઞાનું પાનું પણ માગી શકાય. છક્કાની જોડી એક જ વખતે ભેગી કરી જ લેવી જોઇએ એવો નિયમ નથી; **પણ જ્યારે કોઈ રમનાર પાસે તેણે માગેલું પાનું ન હોવાથી તેની તે ના પાડે, ત્યારે પછી એ ના પાડનારને માગનારનો હક્ક જાય છે** અને પછી તે; બીજા કોઈ પણ રમનાર પાસે મનગમતું પાનું માગી શકે. **ફરી ધ્યાન રાખો કે મંગાએલ સંજ્ઞાનું પાનું, પોતાનામાં ઓછામાં ઓછું એક તો હોવું જ જોઈએ.** આ ક્રમ તેરે તેર જોડી પૂરી થઈ જતા સુધી ચાલ્યા કરે.

હવે, આમાં મઝા એ છે કે, કોઈ અમુક ભાતનો છક્કો કોઈ પાસે માગે, અને આપણામાં બીજા રંગના છક્કા હોય તો આપણે કલ્પના કરી શકીએ કે માગનારમાં કઈ ભાતનો છક્કો હશે. એટલે આપણે જ્યારે માગવાનો વારો આવે ત્યારે એ માહિતીનો ઉપયોગ કરી શકીએ. આવી રીતે થએલી પાનાંની માગણીઓ બરાબર યાદ રાખવી; પણ રખે કોઈ કાગળ પેન્સિલ લઇને બેસે ને તેમાં નોંધતો જાય!

આવી રીતે પાનાં મંગાયે જ જાય. એમાં ચાલુ રમત વખતે, જેની પાસે સૌથી પહેલાં પાનાં પોતાનાં હાથમાંથી ખલાસ થઈ જાય (ભલે તેની પાસે એક પણ જોડી ભેગી ના થઈ હોય તો પણ) તે, જ્યારે બધાંયના હાથમાંનાં પત્તા ખલાસ થઈ જાય ત્યારે જોડીઓ માગવા-ની શરૂઆત કરે; અને કોની પાસે કઈ જાતની જોડી એકઠી થઈ છે તે પોતાની યાદશક્તિથી માગે. અહીં જોડી એટલે ચારે ય ભાતનાં એક જ સંજ્ઞાનાં પાનાં—કુલ ચાર પાનાં.

આ રમતમાં છૂટકછૂટક પાન માગીને, પહેલાં ૧૩ જોડીઓ બનાવી લેવાની. ત્યાર બાદ જોડીઓ જ માગવાની અને **જે રમનાર એ રીતે પોતાની પાસે તેરે ય જોડી (કુલ બાવન પાનાં) ભેગી કરે તે નેપોલિયન કહેવાય.**

આમ, છૂટક પાનાં જ્યારે મંગાતાં હોય ત્યારે દરેક રમનાર, કોણ કઈ જોડીઓ ભેગી કરે છે તે ધ્યાનમાં રાખે, અને પોતાનો દાવ આવે ત્યારે પેલી જોડીઓ માગી શકે. આવી રીતે તેર જોડી ભેગી કરીને જ્યારે કોઈ નેપોલિયન થાય ત્યારે તે રમત જીત્યો કહેવાય અને એ રમત ત્યાં પૂરી થાય. પછી નેપોલિયન થનાર જ, પાનાં ફરી **બરાબર ચીપીને** એકએક વાર વહેંચીને બીજી રમતની શરૂઆત કરે. આમ ક્રમ ચાલ્યા કરે.

જ્યારે આપણી પાસે કોઈ રમનાર, કોઈ પણ પાનું માગે ને **તે પાનું આપણામાં ન હોય ત્યારે 'સાહેબજી' કહેવાનો રિવાજ છે.**

બધાય રમનાર પાસે જ્યારે હાથમાં પાનાં ન રહે, એટલે કે તેરેય. જોડીઓ થઈ જાય ત્યારે જ જોડીઓ માગવાની શરૂઆત થાય. તે દરમિયાન, દરેક રમનાર પોતે ભેગી કરેલી જોડી પોતાની પાસે, કોઈ ન જાણી શકે તેવી રીતે સંઘરી રાખે. જોડી માગતાં કેટલાક, જોડીનાં ચાર પાનને બદલે ત્રણ પાન આપે છે તે ન ચાલે. કદાચ જોડીનું એક પાનું, કોઇએ ભૂલથી ઓછું આપ્યું હોય તો તેમાં માગનારનો વાંક નથી જ.

બીજી અગત્યની વાત એ છે કે **જોડીઓ માગવાની શરૂ થયા બાદ, માગનારે પોતાની પાસેની એકઠી થએલી કોઈ પણ જોડી ખુલ્લી કરીને ફરી જોવાની નથી.** ફક્ત મંગાએલી જોડી જ, બરાબર તપાસી લઈ પોતાની પાસે સંતાડીને મૂકી રાખવી. એનો અર્થ એ છે કે દરેક રમનારે યાદશક્તિથી જ પોતાની પાસે કઈ જોડી છે અને કઇ નવી તેમાં ઉમેરાઈ તેનો બરાબર ખયાલ રાખવો. જોડી-ઓ ઉપાડીને ફરી તપાસી લેવાનો તેનો અધિકાર નથી. અલબત્ત, પોતાની પાસેથી જ્યારે કોઇ જોડી માગે ત્યારે તો આપણે આપણી જોડીઓમાંથી બરાબર જોઇને જ માગેલી જોડી આપવાની. વધુમાં **જોડીઓ ઊંધી રાખીને, પાનાં ગણી પણ ન શકાય.** નહિ તો કેટલી જોડી આપણી પાસે છે તે પણ જાણી લઈ શકાય. આમ, સર્વે જોડીઓ યાદ રાખીને જ જ્યારે કોઇ રમનાર ખાતરી કરી શકે કે પો-તાની પાસે તેરે ય જોડી હવે આવી ગઇ છે ત્યારે તે, પોતાની જાતને, નેપોલિયન તરીકે જાહેર કરે. પાનાં યા જોડીઓ ગણી લીધા વિના જ,

રમનારે આ જાહેર કરવાનું છે અને આ જ આ રમતનો મુખ્ય મુદ્દો છે. આમ જ્યારે કોઈ પોતાની જાતને નેપોલિયન જાહેર કરે, તે વખતે, જો કોઈ બીજા રમનાર પાસે એકાદ પણ જોડી રહી ગઈ હોય તો તે પોતે એ બતાવીને, નેપોલિયનનું પદ પેલા જાહેર કરનાર પાસેથી ખૂંચવી લે! અને હવે તે જ જીત્યો ગણાય.

છૂટક પાનું માગતી વખતે, તે સંજ્ઞાનું પાનું આપણી પાસે હોવું જ જોઇએ, પરંતુ **જોડીઓ માગતી વખતે પોતાની પાસે એક પણ જોડી ન હોય તો પણ ચાલે.** પોતાની પાસે એક પણ જોડી ન હોય છતાં, તે બાબત કોઈ ન જાણી શકે તેવું જ વર્તન રમત દરમિયાન રાખવું. આખી રમત દરમિયાન, કોણ કઈ જોડીઓ ભેગી કરે છે તે બરાબર યાદ રાખવું. સામાન્ય રીતે સારી યાદશક્તિવાળો આ રમત જીતશે. કોઈક વાર એમ પણ બને કે આપણે બધું જાણતા હોઇએ (ક્યાં પાનાં યા કઇ જોડીઓ કોની પાસે છે તે), છતાં આપણી પાસે કોઈ પાનાં યા જોડી જ ન માગે અને બીજા રમનારને જ્યારે એ તક જાય ત્યારે એ રમનાર જ જીતી જાય! એકાગ્રતા ને યાદશક્તિ કેળવવાનો જ આ રમતનો મુખ્ય હેતુ છે તે યાદ રાખવું ને આનંદથી રમવું.

માર્ચના અંકના કોયડાનો ઉકેલ

દક્ષિણ ♦J રમે છે અને ઉત્તર ♠10થી કાપે છે. પછી ઉત્તર ♠7 રમે છે; તેમાં પૂર્વ 8 નાખે તો દક્ષિણ 9, અને પૂર્વ J નાખે ત્યારે દક્ષિણ રાણી નાખે. એમ બે વાર સર કઢાવી નાખે છે. તે બંને સરમાં પશ્ચિમ કુલ્લીની ફિશ નાખે છે અને ઉત્તર એક સરમાં ♥3ની ફિશ નાખે છે. પછી દક્ષિણ ♦2 રમે છે. તેમાં પશ્ચિમે ફરજિયાત ♥6 નાખવો પડશે—♣Q તો તેણે સાચવવી જ પડવાની. એટલે ઉત્તર તેમાં ♣6 નાખી દેશે ને પૂર્વે ♦7 યા 3થી તે હાથ લેવો જ પડશે. હવે પૂર્વને લાલ રમ્યા સિવાય છૂટકો જ નથી અને ઉત્તરની છેલ્લી ઊતર હોઈ, લાલના A K J 8 ના ચારે હાથ તે કરી લેશે. આમ ઉત્તર-દક્ષિણ સાતે હાથ કરશે.

દક્ષિણની ♦2ની ઊતરમાં જો પશ્ચિમ ♣Q નાખે, તો ઉત્તર ♥8 નાખી દે. પછી પૂર્વ જ્યારે ફરજિયાત લાલ રમે ત્યારે તે હાથ લઇ ♣6 રમે ને તેની ઉપર દક્ષિણનો ♣8 મૂકી, બધા જ કુલ્લીના હાથ કરી લે. આમ પણ સાત હાથ થઈ જશે.


નવો કોયડો

ગયા ડિસેમ્બર માસમાં આપેલો તેવો જ, પણ જરા જુદી જાતનો આ એક કોયડો છે. **આમાં સર નથી.** (જેને અંગ્રેજીમાં No Trumps કહે છે.) એટલે કે જે વખતે જે ભાતના પાનાની પહેલી ઊતર થાય તે હાથ પૂરતો તે જ ભાતનો સર સમજવો. તે હાથમાં, તે પહેલી ઉતરાએલી ભાતનું ભારેમાં ભારે પાનું જ હાથ કરે. તે ભાત તમારામાં ન હોય તો જ તમારે મનગમતી ફિશ પુરાવવાની. એવી જ રીતે બીજી ઊતર વખતે જે ભાત પહેલી રમાય, તે એ ઊતર પૂરતી સર. આમ ક્રમ ચાલ્યા કરે. **આમાં સર નથી પણ દરેક ઊતરનું પહેલું ઊતરાએલું પાનું તે ઊતર પૂરતું સર.** જેનો હાથ આવ્યો હોય તે પહેલી ઊતર કરે.

આ રીતે જોતાં, નીચે જણાવેલી બાજીમાં પૂર્વ પશ્ચિમના ૧૩ હાથ રોકડા છે. પણ ડિસેમ્બર અંકનો જ દક્ષિણનો હોશિયાર ખેલાડી કહે છે કે આપણે પાછા તૈયાર જ છીએ! બધાં પાનાં ખુલ્લાં છે. મારી મરજીમાં ફાવે તેમ દરેકનાં પાનાનો વહીવટ કરી, પહેલી ઊતર હું જ શરૂ કરી, સર વિનાની બાજીમાં, બધાય A K તમારામાં હોવા છતાં હું તમને ફરી વાર બાવનિયો પધરાવું! પૂર્વ-પશ્ચિમવાળા જો કે ધારે છે કે આ કાંઈ શક્ય દેખાતું નથી; પણ દક્ષિણનો પરચો એક વાર ચાખ્યા બાદ, જરા ખચકાઇને કહે છે કે 'ભલે ભાઈ, અમારી તો સમજમાં તે આવતું નથી, પરંતુ તું કરી બતાવ એટલે બસ. અને દક્ષિણનો ખેલાડી ૧૩ હાથ કરી બતાવે છે! આમાં સર છે નહિ તે ખયાલમાં રાખો. દક્ષિણ જ બધાં પાનનો વહીવટ કરે છે. પહેલી ઊતર પણ દક્ષિણ જ કરે છે. ત્યાર બાદ જ્યાં હાથ જાય ત્યાંથી તે પછીની ઊતર શરૂ થાય છે. ઊતર રમવાનો ક્રમ તો ઘડિયાળના આંકડાનો જ. આ બધું સમજીને પ્રયત્ન કરો. ઉકેલ આવતા અંકે.

♠ 10 8 6
♥ 9
♦ 9 8 7 6 5 4 3 2
♣ 9

♠ K J 9 7
♥ 8
♦ K 10
♣ A K Q 8 6 4



♠ A Q
♥ A K Q J 7 5 3
♦ A Q J
♣ 10

♠ 5 4 3 2
♥ 10 6 4 2
♦ —
♣ J 7 5 3 2

ઈ. ૧૯૫૩માં હું ભાગપુરમાં હતો ત્યારે પડોશના એક ગામમાં બનેલો એક બનાવ ઘણીવાર યાદ આવે છે. નદીકિનારાનું નાનું ગામ હતું. ચોમાસું પૂરું થવા આવેલું, તેથી નદી બે પટે પૂર જોશથી વહેતી હતી. ત્યાં નાના છોકરા નહાવા આવેલા, તેમાંનો એક ઓચિંતો તેમાં તણાયો. તેના બીજા ગોઠિયાએ બૂમાબૂમ કરી મૂકી: 'બચાવો, બચાવો…એ તણાય…' જોતજોતાંમાં તો ઘણા લોકો ત્યાં દોડી ગયા, પણ અસહાય બનીને પેલા બાળકને ડૂબકાં ખાતો ને દૂર તણાઈ જતો જોઈ રહ્યા. પણ એવામાં ગામમાં આવેલા સરકસના હાથીને મહાવત નદીએ નવડાવવા લાવેલો તેણે આ બૂમાબૂમ સાંભળી કે તરત પોતે હાથી પરથી કૂદી પડ્યો, ને હાથીને નદીમાં તણાઈ રહેલો બાળક બતાવીને હુકમ કર્યો: 'જા, બેટા ઉનકો બચા લાવ'. મહાવતનો હુકમ થતાં જ હાથી તીરની પેઠે છૂટ્યો અને પૂરમાં પડ્યો, ને તણાતા બાળકને આંતરી લઈ જોતજોતાંમાં તેને સૂંઢમાં પકડી પાણીમાં અદ્ધર ઊંચકી લીધો. આ દૃશ્ય કિનારેથી જોઇને લોકોએ હર્ષની ચીચિયારી કરી. હાથી છોકરાને પાણીથી અદ્ધર રાખીને કિનારે લાવ્યો અને મહાવતની સામે જમીન પર મૂકી દીધો. લોકોની વચમાં પેલા છોકરાની માતા પણ આવીને ઊભી હતી તેની આંખોમાંથી આ જોઈ હર્ષનાં આંસુ ટપકવા માંડયાં અને છોકરાને તરત ગોદમાં લઈ લીધો. પછી માતાએ તો હાથીને ગામમાં લઈ જઇને તેની પૂજા કરી ને હાથીની સૂંઢમાં નારિયેળ આપ્યું, જેને હાથીએ સૂંઢમાં રાખીને ફોડયું ને તેની શેષ માતાને આપી ત્યારે તો ગામલોકોને થયું કે હાથી જેવું પ્રાણી પણ કેટલું વફાદાર, સહૃદય ને પ્રેમાળ હોય છે!

—પુરાતન બુચ

મામાને ઘેર (અનુસંધાન પૃષ્ઠ ૧૩૧થી)

કમળા: રહેવા દો હવે. અમને તો ફાવવું આવવુંજ'તું;પણતમારેતમારાદીકરાનેબીજે..

રતિલાલ: હવેએબધી પંચાતપડતીમૂકોને! અમને નથી ફાવતું આવ્યું એમ માનવું હોય તો એમ માનો, બસ? મુખ્ય વાત એટલી કે તમને જ્યાં ઠીક પડે ત્યાં અનિલકુમારને તમે પરણાવજો, અને અમને જ્યાં ઠીક પડશે ત્યાં સુધાને અમે પરણાવીશું.

વ્રજલાલ: એટલે અનિલને સુધાનું સગપણ રદ કરવાનું જ તમે કહેવા આવ્યાં છો ને?

રતિલાલ: હા.

વ્રજલાલ: ભલે જેવી તમારી ઈચ્છા. તો આપણે હવે ન્યાતના પંચને જણાવી દઈશું કે અમે રાજીખુશીથી આ વિવાહ ફોક કર્યા છે?

રતિલાલ: હા,આપણા બંનેની સહીથી કાલે કે પરમ દિવસે લખી દઈશું.

વ્રજલાલ: તોહવેસમુરતાનુંચડાવેલુંઘરેણું ક્યારે પાછું મોકલાવો છો?

રતિલાલ: બસ, આ એક બે દિવસમાં જ. અમારે કશું જ રાખવું નથી.

મંગળા: ને સગાઈની સાડી પણ.

કમળા: હા,હા.બધું જ બરાબર પાછું પહોંચાડી દઈશું. (ઘંટડી વાગે છે. મંગળા બારણું ઉઘાડે છે. રતિલાલનો નોકર પ્રવેશે છે.)

રતિલાલ: કેમ માધુ, તું અહીં કેમ આવ્યો?

માધુ: શેઠ, ઘેર આ તાર આવ્યો છે.

વ્રજલાલ: (ઊભા થઈ) શું છે! તાર શેનો?

કમળા: એકદમ શેનો તાર આવ્યો?

રતિલાલ: (તાર ફોડી, વાંચીને ચિંતામાં) ના,ખાસ કંઈ નહિ. સુધાના મામાનો તાર છે.

મંગળા: શું કંઈ સાજામાંદાના સમાચાર છે?

રતિલાલ: ના, ખાસ કંઈ નથી. (ઉતાવળ કરતાં કમળાને) ચાલો, આપણે હવે ઊઠીએ.

વ્રજલાલ: બેસોને... આમ મૂંઝાએલા કેમ દેખાવ છો? તારમાં કંઇ...

રતિલાલ: ના, ખાસ કંઇ નથી. (ગંભીર ચહેરે) ચાલો; બસ ત્યારે આવજો.

કમળા: આવજો. (બંને જલદી જલદી જાય છે. પાછળ નોકર પણ જાય છે.)

મંગળા: કહો ન કહો પણ દાળમાં કંઈ કાળું છે.

વ્રજલાલ: મને તો લાગે છે કે સુધાનું જ કંઇક હોવું જોઇએ.

મંગળા: એ સિવાય બીજું હોય શું?

વ્રજલાલ: સુધાએ કંઇ આપઘાત તો નહિ કર્યો હોય ને?

મંગળા: ના, એવું હોય તો રતિલાલ શેઠનું મોઢું કહ્યા વગર રહે?

વ્રજલાલ: તો કદાચબીજેક્યાંકએનાસગપણનું કંઈ નક્કી નહિ કર્યું હશે એના મામાએ?

મંગળા: એમ હોય તો એમનું મોં ચિંતામાં ન પડે; ને આમ ઉતાવળ પણ કરે નહિ.

વ્રજલાલ: તો પછી મને લાગે છે કે જરૂર પેલા મહેશની જોડે નાસી ગઈ હોવી જોઇએ.

મંગળા: મને પણ એવો જ વહેમ પડે છે. આપણા વાદેવાદે બધું કરવા ગયા એમાંદીકરી હાથથી ગુમાવી. અનિલ નહોતો કહેતો કે દીકરી માથામાં મારીને ધાર્યું કરાવે એવી છે.

વ્રજલાલ: આ તો પેલા નવે નાકે દિવાળી કરનાર હજામના જેવી વાતથઈ. આપણે અનિલને માટે ગપ્પું ઊડવા દીધું કે છોકરીને લઈને ભાગી ગયો છે, ત્યારે આપણી વાદે ગપ્પું ઉડાડવા જતાં એમની સુધા ખરેખર કોઈકનેલઈને ભાગી ગઈ લાગે છે.

મંગળા: રતિલાલ શેઠને દેખાડી આપવા અનિલે પણ ઠીક ભેજું દોડાવ્યું. (હસે છે.)

(પડદો)



પ્રવેશ ત્રીજો

[સ્થળ: એ જ; સમય: એપછી બીજા દિવસની સવાર. મંગળા અરીસામાં જોઈ ઝડપથી માથું ઉપરઉપરથી સરખું કરતી હોય છે.]

વ્રજલાલ: (ઘરમાં પ્રવેશતાં,) કેમ, આમ હાંફળીફાંફળી ક્યાં જવાની તૈયારી કરે છે?

મંગળા: લ્યો, તમે આવી ગયા? હું તમને જ શોધવા નીકળતી હતી.

વ્રજલાલ: રતિલાલ ને કમળા ઘરેણું ને સાડી પાછું આપવા આવતાં'તાં તે સામાં મળ્યાં, એટલે હું રસ્તામાંથી જ પાછો ફર્યો.

મંગળા: અત્યારે જ આવે છે?

વ્રજલાલ: હા, અમે સાથે જ આવ્યાંને. નીચે કોઈની સાથે વાત કરવા ઊભાં રહ્યાં છે.

મંગળા: હું તમને શોધવા જ આવતી હતી. અનિલનો તાર આવ્યો છે. મેં તમને કહ્યું હતું તેવું જ થયું લાગે છે. મારી બીક સાચી પડી.

વ્રજલાલ: અનિલનો? શું છે લાવ જોઉં? (તાર વાંચે છે) Got married Coming.' એટલે? આ તો અનિલે લગ્ન કરી ય નાખ્યાં! પણ તેં કોઇને તારની વાત કરી તો નથી ને?

મંગળા: આમ તો ના કરત; પણ એવું થયું કે તારવાળો આવ્યો એટલે બધું લોક આપણા ઘર આગળ ભેગું થઈ ગયું. અને મને બધું અંગ્રેજીમાં તાર વાંચતાં આવડે નહિ, તે મંગાભાઇએ મારા હાથમાંથી તાર લઇને કહ્યું,'લાવો કાકી, વાંચી આપું.' એટલે મારાથી થોડી કંઈ ના પડાય છે? અને મંગાભાઇએ સૌ સાંભળે એમ તારનો અર્થ મને સમજાવ્યો.

વ્રજલાલ: હાં, એટલે જ હું આવતો હતો ત્યારે નીચે ઓટલા પર બેઠા બેઠા કેટલાક મને જોઇને હસવા લાગ્યા ને ગુસપુસ કરવા લાગ્યા. ચાલો હવે જે થયું તે. પણ જો, હવે જે વહુ ઘરમાં આવે એને વધાવી લેજે. ખોડખાંપણ કંઈ કાઢવા બેસતી નહિ ને અનિલને એકદમ વઢવા પણ માંડતી નહિ.

મંગળા: કોણ જાણે એની મનોરમા કેવી યે હશે! મને તો ઘડીઘડીના વિચાર આવે છે.

વ્રજલાલ: કેમ એમ?

મંગળા: એમથાયછે કે એ ગમેતેવી હશે તો ય આપણી તો અજાણીને? એ કરતાં તો સુધા...

વ્રજલાલ: તે, તને હવે પસ્તાવો થાય છે?

મંગળા: પસ્તાવો તો નહિ, પણ મનમાં જરા એમ...લગન થઈ ગયા પછી પારકી છોકરીનાં માબાપ શું વહેવાર કરવાનાં હતાં? એના કરતાં, ભલે ઓછો તો ઓછો, પણ સુધાનાં માબાપ કંઈક વહેવાર તો કરત.

વ્રજલાલ: હવે એ બધું ડહાપણ નકામું.

મંગળા: રતિલાલ ને કમળા ન આવ્યાં હજુ.

વ્રજલાલ: નીચે આપણી નિંદામાં રસપડ્યો લાગે છે. જો હવે, એ લોકો આવે તો આગળ પાછળની વાત બિલકુલ કાઢવાની નહિ. અને અનિલે લગ્ન કરી નાખ્યાં તે ખોટું કર્યું છે એવો પણ એકે શબ્દ બોલતી નહિ.

મંગળા: ના રે. પણ કોણ જાણે એ કમળાને જોઉં છું ને મને ઝાળ...

વ્રજલાલ: બસ, આવતાં લાગે છે. (રતિલાલ ને કમળા પ્રવેશે છે. પાછળ મંગાભાઈ પણ છે.)

રતિલાલ: મંગાભાઈ નહોતા આવતા, પણ મેં કહ્યું ઘરેણું પાછું આપવાનું છે તો તમારા જેવા એકાદ બે માણસ સાથે હોય તો સારું.

વ્રજલાલ: હા, ને ન્યાતના પંચને લખવાની ચિઠ્ઠીમાં સાક્ષી તરીકે એવા એકાદ જણના દસ્કત હોય તો વધારે સારું.

રતિલાલ: (ઘરેણું આપતાં) જુઓ, આ તમારું ઘરેણું. બરાબર તપાસી લો. અને વજન કરવું હોય તો તે પણ કરી લો.

કમળા: (મંગળાને સાડી આપતાં) ને આ તમારી સગાઈની સાડી. આખી ઉખાળીને બરાબર જોઈ લેજો. (વ્રજલાલ ઘરેણું અને મંગળા સાડી જોઇને મૂકે છે.)

રતિલાલ: હવે? ન્યાતના પંચની ચિઠ્ઠી?

વ્રજલાલ: એ મેં લખીને તૈયાર જ રાખી છે. લ્યો વાંચો. (રતિલાલ વાંચે છે.)

રતિલાલ: (પોતે દસ્કત કર્યા પછી) લ્યો મંગાભાઈ, સાક્ષી તરીકે કરો તમારા દસ્કત.

(મંગાભાઈ દસ્કત કરે છે.)

વ્રજલાલ: તો આ ચિઠ્ઠી હવે તમે જ પહોંચાડી દેજો.

રતિલાલ: ભલે; બસ તો વ્રજલાલ શેઠ? તમારાં ઘરેણાં ને બધું તમને પાછું મળી જાય છે. હવે કોઇને કશું આપવા-લેવાનું રહેતું નથી.

વ્રજલાલ: બસ, તો શેઠ સાહેબ, વેવાઈ તરીકેનો આપણો સંબંધ આજથી પૂરો થાય છે. કૈં વધારેપડતું બોલાયું હોય તો માફ કરજો.

રતિલાલ: તમે પણ બોલ્યુંચાલ્યુંમાફકરજો.

મંગાભાઇ: (કમળા ને મંગળાને) તમે બંને વેવાણો પણ હવે એકબીજાની માફી માગી લો.

કમળા: પરમાત્માએ જે કર્યું છે તે બરાબર જ કર્યું છે.

મંગળા: હા; બરાબર જ કર્યું છે. અમારા નસીબમાં વધારે સારા વેવાઇ લખાયા હશે!

કમળા: કોઇ હૈયાફૂટેલીને ભગાડી લાવ્યો હશે તે વેવાઈ પણ એવા જ હશે તો!

વ્રજલાલ: હવે ગમે તેમ ન બોલો તો સારું.

મંગળા: જુઓને? એ આપણા દીકરા માટે કેવું બોલે છે? ત્યારે શું એમની દીકરી...હમણાં મારા મોંમાંથી કૈં ન બોલવાનું બોલાઈ જશે.

રતિલાલ: અમારી દીકરી એમ કંઇ છાનાં છપનાં કરે એવી નથી. લ્યો સાચેસાચું કહી દઉં, કે અમારી જાણમાં જ એ ગઈ હતી.

વ્રજલાલ: તો અમારો દીકરો પણ કંઇ મૂરખ નથી. અમને બધી વાત કરીને ગયો છે.

કમળા: અને અમને વેવાઇયે કેવા સારા મળ્યા છો! એમને બંગલોય છે ને મોટર પણ છે.

મંગળા: ધૂળ ને ઢેફાં! જેને ઘેર બંગલો અને મોટર હશે તે આમ ન્યાતજાત જોયા વગર રસ્તાની રખડેલ છોકરીને ઘરમાં ઘાલતાં હશે?

કમળા: ખબરદાર, કૈં બોલ્યાં તો! અમારી દીકરીએ ગમે તે કર્યું, તેમાં તમારે શી પંચાત?

રતિલાલ: (ગુસ્સે થઇ) હું તો કહું છું કે અમારી દીકરીએ કોઈ કાળા ચોર સાથે લગ્ન કર્યાં હશે તોપણ અમને મંજૂર છે. બસ? પછી રહે છે તમારે કંઈ બોલવાનું? કેમ મંગાભાઈ?

મંગાભાઈ: બરાબર છે!

મંગળા: તો અમારા અનિલે કોઈ ભૂંડી વાઘરણ સાથે લગ્ન કર્યાં હશે તો પણ અમારે કબૂલ છે. તેમાં તમારે શી પંચાત? કેમ મંગાભાઇ!

મંગાભાઈ: બરાબર છે!

વ્રજલાલ: અરે પણ તમે શું બોલો છો તેનો તો કંઈ વિચાર કરો. મોઢામાં કંઇ શોભે એવું તો બોલો! ને તમે પણ શું મંગાભાઈ, 'બરાબર છે', 'બરાબર છે' કર્યાં કરો છો?

મંગળા: અમારો દીકરો સાત ગળણે ગાળીને પાણી પીએ એવો છે. અત્યારે વહુ લઈને ઘરમાં આવવા દોને એને, એટલે પછી તમે પણ જાણશો કે શેરને માથે સવાશેર છે.

કમળા: તો અમારી સુધા પણ કંઈ કાચી નથી. ભલી હશે તો અત્યારે મહેશકુમાર જોડે ઘેર આવીને બેઠી પણ હશે.

રતિલાલ: (કમળાને) ચાલો, ઊઠો! આપણે હવે અહીં વધારે બેસીને કંઈ કામ છે?

કમળા: ચાલો. (બંને બારણા તરફ જાય છે ત્યાં સુધા ખભે થેલી સાથે પ્રવેશે છે. રતિલાલ અને કમળાને જોઈ તે જરા ખચકાય છે.)

કમળા: ઓહો! સુધા! આવી પહોંચી, બેટા? ઘેર જ બેસવું હતું ને? પણ તું આમ ગભરાએલી કેમ દેખાય છે?

રતિલાલ: શું મહેશકુમારે તને ના પાડી?

કમળા: આમ હાંફળીફાંફળી કેમ છે? જે બન્યું હોય તે કહે, અમે તને કશું નહિ કહીએ!

રતિલાલ: હવે ઘેર જઇને નિરાંતે બધી વાત થશે, ચાલો.

મંગળા: અમે નહોતાં કહેતાં કે બંગલા ને મોટરવાળા છોકરાઓ એમ કંઈ નવરા પડ્યા નથી હોતા. કોઇ અજાણ્યાની જોડે નાસી જવામાં શો લાડવો કાઢ્યો?

કમળા–રતિલાલ: ખબરદાર, જો અમારી વાતમાં કૈં બોલ્યાં છો તો!

મંગાભાઈ: લ્યો, આ અનિલકુમાર આવી ગયા. (અનિલ હાથમાં બૅગ સાથે પ્રવેશે છે.)

વ્રજલાલ–મંગળા: આવ્યો બેટા!

અનિલ: (બૅગ મૂકતાં) બા, મને છૂટા ચાર આના આપોને. નીચે ઘોડાગાડીવાળાને આપવાના છે. ઓહો! રતિલાલ શેઠ ને કમળાબેન પણ આવ્યાં છેને શું?

વ્રજલાલ: (ખિસ્સામાંથી પૈસા આપતાં) મનોરમા ક્યાં?

મંગળા: નીચે ઊભી છે?

અનિલ: ના. (પૈસા લઇ આપવા જાય છે.)

રતિલાલ: ચાલો, હવે આપણે અહીં ઊભા રહીને શું કામ છે?

કમળા: ઊભા તો રહો. એમનો ફજેતો જરા જોઇએ તો ખરાં!

મંગળા: દીકરીના ફજેતા કરતાં દીકરાના લાખ દરજ્જે સારા.

કમળા: તો ય ખબર પડશે. સારા ઘરની કન્યાઓ એમ કંઇ રેઢી નથી પડી.

મંગળા: તમારી દીકરી ધોયેલા મૂળા જેવી પાછી ફરી; તે હવે કોણ એનો હાથ ઝાલવાનું હતું તેનો તો વિચાર કરો.

કમળા: ને તમારો દીકરો યે ધોબીના કૂતરા જેવો પાછો ફર્યો છે તે ગામમાં થોડો ફજેતો થયા વગર રહેવાનો છે? મુરતિયો લઇને સામેથી કન્યા શોધવા જશોને તો પણ કોઇ સારા ઘરની કન્યા નહિ મળે.

મંગાભાઈ: હું એમ કહું છું, કે જો તમારે બંનેને યે આવું થયું છે તો પછી સગાઈ તોડવાનું જ માંડી વાળો તો?

કમળા: ન્યાતમાં બીજા મુરતિયા નથી તે આ ધોયેલા મૂળા જેમ પાછા ફરેલાની સાથે... (અનિલ પ્રવેશે છે.)

અનિલ: ધોએલા મૂળાની જેમ પાછો નથી ફર્યો, કમળાબેન. કન્યા જોઇને તો તમે પણ મોંમાં આંગળાં ઘાલી જશો.

વ્રજલાલ–મંગળા: ખરેખર?

મંગળા: બેટા, ક્યાં છે તારી વહુ?

અનિલ: વહુ પછી, પહેલાં એનો ફોટો તો જુઓ. (બૅગમાંથી ફોટો કાઢી આપે છે.)

મંગળા: મને એમ ને એમ નહિ સૂઝે. મારાં ચશ્માં લઈ આવું!

વ્રજલાલ: (ફોટો લઇ) તો લાવ પહેલાં રતિલાલ શેઠને જ બતાવીએ. (રતિલાલ ને વ્રજલાલ સાથે ફોટો જુએ છે.

રતિ૰વ્રજલાલ: (ચમકીને) આ તો સુધા!

સુધા: હા, બાપુજી!

કમળા–મંગળા: (બંને ચમકે છે) સુધા?!! (બંને ખેંચાખેંચ કરી ફોટો જુએ છે.)

કમળા: અલી સુધલી? આ તને શું સૂઝયું?

મંગળા: અલ્યા અનિલ્યા! આવું ડહાપણ કરવાનું તને કોણે કહ્યું'તું?

વ્રજલાલ: હશે, હવે જે થયું તે થયું.

રતિલાલ: એ કંઇ ન થયું થવાનું નથી.

મંગળા: પણ અનિલ, તારે જો સુધા સાથે જ લગન કરવાં હતાં તો પછી અમને આમ છેતરવાની શી જરૂર હતી?

અનિલ: તમારા લેવડદેવડના ઝગડા ને કંકાસમાં તમે કોઈ સમજવા માગતાં નહતાં, અને મમતે ચડીને અમને બંનેને જુદાં પાડવા માગતાં હતાં; પણ અમારે જુદાં પડવું નહોતું. એટલે અમે ફક્ત પાંચ રૂપિયા રજિસ્ટ્રેશન ફી આપીને લગ્ન ઊજવી લીધાં.

વ્રજલાલ: સાંભળો રતિલાલ શેઠ! લ્યો બેસો હવે નિરાંતે. આપણે તો પાછા વેવાઇ થયા.

મંગળા: કમળાબેન! બેસો. હવે તો જમીને જ જવાશે.

મંગાભાઇ: ને આ ચિઠ્ઠી હું ફાડી નાખું છું.

અનિલ: તમને બંને વડિલોને પગે લાગીએ છીએ. અમને એવા આશીર્વાદ આપો કે તમારે ગમે તેટલા કજિયા થાય તોય અમે છૂટાં ન પડીએ. (અનિલ અને સુધા ચારેને પગે લાગે છે. ચારે આશીર્વાદ આપે છે.)

(પડદો)

[નાટક ભજવતાં પહેલાં કર્તાની સંમતિ આવશ્યક છે, જે સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈના સરનામેથી તેમની પાસેથી મળી શકશે.]

પચ્ચીસ વર્ષ પહેલાં



ચૈત્ર ૧૯૮૯
અંક ૧૧૨

અજાણ્યા ને ઉજ્જડ ટાપુમાં ફસાઇ પડેલા સફરીઓ જે અવિરત પુરુષાર્થથી, અને તેમનો નાયક જે અદ્ભુત બુદ્ધિબળથી જીવન જોગવે છે તેની રસમય કથા 'ભેદી ટાપુ'માંથી: "અત્યાર સુધીમાં તેમણે ઈંટો અને વાસણો બનાવવા-નું કામ કર્યું હતું. હવે તેમને ધાતુનું કામ હાથ લેવાની જરૂર હતી, અસ્ત્રશસ્ત્ર બનાવવાનાં હતાં, ઉપરાંત એક મોટું વહાણ બનાવીને બા-રસો માઈલ દૂર આવેલા પોમોટસ દ્વિપોમાં પ-હોંચવાનો પણ પ્રયત્ન કરવાનો હતો. આ માટે-નાં ઉપયોગી ઓજારો, જેવાં કે હથોડી, કુહાડી, કરવત, રંદો એ બધાંની જરૂર હતી. બેટમાં ઘણી જગ્યાએ હાર્ડિંજે જોયું હતું કે જ્વાળા-મુખીના ઉત્પાતથી જાતજાતના પદાર્થો દેખાતા હતા. દ્વીપના વાયવ્ય ભાગમાં હાર્ડિંજે અશુદ્ધ લોઢું જોયું હતું, તેને પણ શુદ્ધ કરી લેવાનું હતું. તેને ભઠ્ઠીના તાપમાં ગાળ્યા વિના તે કશા ઉપયોગમાં આવે તેવું નહોતું. એટલે પ્રથમ એ ભઠ્ઠીની વ્યવસ્થા કરવી અગત્યની જણાઇ. પણ તે કેવી રીતે કરવી તેના વિચારમાં સૌ પડયા. થોડી વારે કાંઈ સૂઝ ન પડવાથી પેન્ક્રૉફ્ટ બોલ્યો : ત્યારે કૅપ્ટન ભઠ્ઠીનું શું કરીશું ? તેને માટે સીલનો શિકાર કરવો પડશે.

પેન્ક્રૉફ્ટે સ્પિલેટ સામે જોઇ કહ્યું: લોઢું ગાળવા માટે સીલની શી જરૂર?

સ્પિલેટ : કોણ જાણે ભાઇ; પણ કૅપ્ટન કહે છે એટલે જરૂર તો પડતી જ હોવાની!

કૅપ્ટન હાર્ડિંજે કહ્યું : સીલના ચામડાની ધમણ બનાવીશું ને તેનાથી લોઢું ગાળીશું. ...સીલનું ચામડું લઇ સૌ ચીમનીમાં આવ્યા. લાકડાનું ચોકઠું તૈયાર કરી તેમાં ચામડું બરા-બર જડી તડકામાં સુકાવા મૂકયું. પછી ઝાડની છાલના રેસાથી તેને સીવી લેવામાં આવ્યું. ટૉપના ગળાના પટ્ટામાંથી બનાવેલી છરી સિવાય કાંઈ હથિયાર પાસે નહોતું, તોપણ હાર્ડિંજની આશ્ચર્ય પમાડે તેવી બુદ્ધિથી ત્રણ દિવસમાં ધમણ તૈયાર થઈ ગઈ!

સાઇરસ હાર્ડિંજે જ્યાં કોલસા અને ખનિ-જ ધાતુ જોઈ હતી ત્યાં જ કારખાનું કરવાનો ઠરાવ કર્યો. પણ ચીમનીથી છ માઇલ દૂર રોજ સવારે ત્યાં જવું ને સાંજે પાછા ફરવું એ મુશ્કેલી-ભર્યું હતું, તેથી તે જગ્યાએ જ ઝાડપાન ને ડાળીઓની ઝૂંપડી બનાવી, કામ પૂરું થતાં સુધી ત્યાં રહેવાનું નક્કી કર્યું. ત્યાં રહેવાથી રાતદિવસ કામ પણ ચાલુ રાખી શકાય એ ફાયદો હતો.

બીજે દિવસે સવારે ધમણ લઈ સૌ રવાના થયા. સાંજે પાંચ વાગ્યે સૌ ફ્રાંકલિન પર્વતની તળેટીમાં આવી પહોંચ્યા. લગભગ સો ફૂટને અંતરે રાતી મટોડીવાળું ઝરણું હતું, એટલે ચો-ખ્ખું પાણી અહીં સહેજે મળી શકે તેમ હતું. ડાળપાન ને વેલાનું સુંદર ઝૂંપડું બનાવ્યું. સાં-જનું ખાણું લીધા પછી સૌ સૂઈ ગયા. એક જણ તાપણું ચાલુ રાખવા જાગૃત રહ્યો.

બીજે દિવસે, જ્યાં ખનિજ લોઢાનો નમૂનો મળ્યો હતો ત્યાં જઈને જોયું તો પથ્થર ઉપર જ લોઢાનો જામી ગએલો રસ દેખાતો હતો. કોલસા પણ સહેજે મળી ગયા. તરત જ ભઠ્ઠી તૈયાર કરી અંદર ધમણનું મોં ચડાવી માટીથી પૂરી દેવામાં આવ્યું. ધમણના જોસથી અગ્નિ પૂર જોસમાં સળગવા લાગ્યો. આ રીતે ખૂબ મહેનત પછી ને કેટલીક યુક્તિઓ પછી હાર્ડિંજે શુદ્ધ લોઢું બનાવ્યું. આ લોઢામાંથી કુહાડી, કોદાળી, હથોડી વગેરે હથિયારો તૈયાર કર્યાં.

પણ હજી પોલાદ બનાવવું બાકી હતું. લોઢું અને કોલસો મેળવીને તે બનાવી શકાય. લો-ઢામાં કોલસાનો ભાગ ઓછો હોય તો કોલસો મેળવવો જોઇએ; વધારે હોય તો ઓછો કરવો જોઇએ, નહિતર પોલાદ ન બને. હાર્ડિંજના સખત પરિશ્રમે પોલાદ પણ તૈયાર થયું.

મે માસના પહેલા અઠવાડિયામાં જ આ-કાશ ધુમ્મસથી છવાવા લાગ્યું અને ઠંડી જલદી આવી પહોંચશે એમ થયું. એટલે તેને માટે તૈયાર રહેવાની જરૂર હતી. બેટ મહાસાગરમાં અંતરિયાળ ને એકલ હતો અને વરસાદ કે પવ-નના તોફાનમાં સલામતીથી રહેવા માટે ક્યાં યે જગ્યા નહોતી. એટલે તરત ચેતી જઇને નિર્ભય સ્થાનનો આશ્રય લેવાની જરૂર હતી.

સ્પિલેટ : કદાચ સરોવરની પેલી પાર મન-પસંદ એક ગુફા પણ મળી આવે.

હાર્ડિંજ : એ બરાબર, પણ રહેવાની

પહાડખેડુનું પરાક્રમ

પ્રચંડ પ્રકૃતિનો પાર પામવા નીકળેલા માનવીઓની પ્રયત્નકથા 'એવરેસ્ટ આરોહણ' નો આગળ હપતો આ અંકમાં પણ હતો. આ વખતે એમાંનો એક જ પરાક્રમ-પ્રસંગ વર્ણવીને પછી બીજા વૈવિધ્ય તરફ વળીશું: "૨૪મી મે(૧૯૨૪)ની સવારે હુકમ નીકળ્યા: બઢો આગે. મૅલરી સૌ પહેલો મેદાને પડચો. પછી સોમરવેલ અને નૉર્ટન. વારાફરતી એક-બીજાને દોરતા જાય. છેલ્લા બસો જીવલેણ ફૂટ આગળ આવતાં એક ટેકરી આવી. છાવણી નાખવાને આગળ જતા મજૂરો તદ્દન થાકી ગયા હતા. ચાર દિવસ બરફ પર રહીને એમની સર્વ શક્તિઓ મરી ગઈ હતી. છેલ્લા ચોવીસ કલાકમાં તો ખાવાનું યેકંઈ મળ્યું નહતું. ચોમો લુંગ્મા દેવી હવે એમનો જરૂર ભોગ લેશે એવો વહેમ એમના મગજમાં ઘર કરી બેઠો હતો. કહે છે કે રોજ ચાર સાથે બેઠાબેઠા રડયા કરતા.

એવી સ્થિતમાં ઉપલી ભેખડ પર એક મજૂ-રને નૉર્ટને જોયો. જોરથી હાકલ દઈ પૂછયું કે 'ચાલવાની તાકાત છે?' મજૂરે રડમસ જવાબ આપ્યો કે 'ઉપર કે નીચે? સાહેબ!' નૉર્ટને કહ્યું 'અરે નીચે, નીચે!' અને સૌ નવા જોમથી આગળ વધ્યા. નૉર્ટન ને મૅલરી દોરડાનો એક છેડો પકડી નીચે એક બાજુ ઊભા રહ્યા. સોમ-રવેલ કેડે દોરડું બાંધી બરફમાં પગથિયાં કાપતો ઉપર ચડચો. ઉપરથી નવા જીવનની આશાએ તાકી રહેલા ચાર મજૂરો સોમરવેલને આવતો જુએ છે. પણ નસીબ છેને? દસ ફૂટ જ બાકી રહ્યા ને દોરડું ખૂટયું! ચાર વાગી ગયા હતા. હવે અંધારું થતાં વાર લાગે તેમ નહોતું.

અહીં સોમરવેલે પોતાની બુદ્ધિ ને હિંમત-ની અંતિમ કસોટી આપી. એક પળમાં નિશ્ચય કરી લીધો. ત્યાં પોતાથી ઊભા રહેવાય એવડું એક ગાબડું ખડકના બરફમાં પાડયું. પછી તેમાં ઊભા રહી, હાથમાંની કોદાળી જોરથી બરફની ભીંતમાં ખોસી દીધી; કેડેથી દોરડું છોડી નાખી તે કોદાળીને માથે બાંધી દીધું; ને પછી કોદાળીને ટેકે જેટલા ઊંચા થવાયું એટલા થઈ એકેક મજૂરને ધીમે રહી સરી આવવા કહ્યું. બે જણાને એમ લઈ, કોદાળી આગળથી દોરડું પકડાવી, પોતે કરેલા પગથિયા પરથી ઉતાર્યા. પણ બાકીના બે જરા અથરા થયા. એકદમ ઊતરી પડવાની ઉતાવળમાં બંને ધસ્યા, એટલે બંને ગબડચા! સમયસૂચકતાથી એકને સોમરવેલે બાવડેથી ઝાલી લીધો ને બીજા માટે દોરડું સુરક્ષિત કર્યું. તેને ઊતરવા દઈ પછી બીજાને ઉતાર્યો. એ ભૂલ માટે બેમાંથી કોઇને ઠપકો સરખો ન આપ્યો. બધું પતી ગયે એ ખંડિયેર જેવા થઈ ગએલા રસ્તે વગર ચૂકે ઊતરતો તે પહાડખેડૂઓને જીવંત પદાર્થપાઠ દેતો હતો."

ફિલિપ્પાઈન ટાપુઓના કુમારો પાસે ચવલીપાવલી ભેગી થાય ત્યારે તે સાચવવાને તેઓ બજારુ ડાબલીનો ખર્ચ કરતા નથી, પણ નાળીએરી પરથી મનગમતું નાળીએર પાડી તેમાં કાણું કરી તે ભોંય પર મૂકી દે છે. થોડી જ વારમાં કીડીઓનાં ઘણનાં ઘણ તેમાં દાખલ થઈ અંદરનો બધો ગર ખાઈ જઇ એવું તો સફાચટ કરી મેલે છે કે જાણે કોઇએ બહુ કાળજી અને મહેનતથી હાથ વડે તે ઘસીને તૈયાર કર્યું ન હોય! કાચલીનો માલિક પછી ઉપરથી છાલાં ખેંચી સાફ કરી કાઢે એટલે મજાનો ગોળ ડાબલો થઇ જાય. પછી પેલું કાણું સમારીને સાફ ગોળ બનાવી દાટો લગાવી દે એટલે નાની કરકસર પેટી બની ગઈ!

જગ્યા પાણીની પાસે જ જોઇએ.

તો તો સરોવર પર જ ઘર બનાવીએ.

હાર્ડિંજ : પણ ઘર બનાવતાં ખૂબ તકલીફ પડશે. તે કરતાં તો સ્વાભાવિક ગુફા મળી જાય તો વધારે સારું. એથી બેટની બહારના ને અંદરના બધા શત્રુઓથી રક્ષણ થઈ શકશે.

સ્પિલેટ : પણ પહાડમાં ગુફા તો શું પણ એકાદ ફાટ સરખી પણ દેખાઈ નથી.

હાર્ડિંજે કહ્યું : નદીના મુખથી તે પહાડની તળેટી સુધી ફરી વાર આપણે ખૂબ બારીકાઇથી તપાસ કરવી પડશે.

તરત જ સૌ બહાર નીકળી પડચા. લગભગ બે માઈલમાં તપાસ કરી, પણ ક્યાં યે ગુફા દેખાઇ નહિ. ફરતાં ફરતાં સૌ, રેડ ક્રીક જ્યાં આવીને સરોવરને મળતી હતી તે જગ્યાએ આવી પહોંચ્યા. સાઈરસ હાર્ડિંજે જોયું કે નદીનું પાણી પુષ્કળ પ્રમાણમાં સરોવરમાં પડતું હતું. તેણે ચોક્કસ જોયું કે આટલા બધા પાણીને બહાર નીકળવાનો કોઈ માર્ગ હોવો જોઇએ, અને જ્યાંથી આ પાણી નીકળતું હશે ત્યાં જરૂર ધોધ પડતો હશે. જો આ ધોધનો પત્તો લાગે તો તેને ઉપયોગમાં લઈ શકાય.

સરોવરને ઈશાન ખૂણે આવતાં સૌને લાગ્યું કે અહીં જ પાણીને બહાર જવાનો માર્ગ હોવો જોઇએ, કેમકે ત્યાં સરોવરનો કાંઠો પર્વતના સપાટ ભાગ સાથે મળી જતો હતો. છતાં ત્યાં યે પાણીને બહાર નીકળવાના માર્ગનું નામનિશાન દેખાયું નહિ. હાર્ડિંજના આશ્ચર્યનો પાર ન રહ્યો. અત્યાર સુધી ટૉપ શાંતિથી ચાલ્યો જતો હતો, પણ અહીં આવતાં એકદમ તે ચંચળ થઈ ગયો. ઘડીક આગળ જાય, ઘડીક ઊભો રહે અને પાણીની સામે જોઇને ભયંકર રીતે ભસે! સૌને નવાઈ લાગી કે ટૉપ આમ કેમ કરતો હશે? ત્યાં તો ટૉપ એકદમ પાણીમાં કૂદી પડચો! કિનારાથી તે વીસેક ફૂટ અંદર ચાલ્યો ગયો ત્યાં પાણીમાં એક મોટું માથું તરતું દેખાયું. પાણી ત્યાં બહુ ઊંડું નહોતું. માથું જોતાં જ હર્બર્ટ ઓળખી ગયો કે તે ડુગૉંગ નામની જબરી માછલી છે. તે ટૉપની પાછળ પડી. ટૉપ પ્રાણ બચાવવા નાઠો, પણ ત્યાં તો તેને પકડીને ડુગૉંગ પાણીમાં અદૃશ્ય થઈ ગઈ!

થોડી વારે સૌને લાગ્યું કે પાણીમાં જબરી લડાઇ ચાલી રહી છે. તે જગ્યાએ પાણી ચકરી ખાતું હતું. એકાએક ટૉપ ઉપર આવ્યો. ઉપર આવ્યો એમ નહિ, પણ જાણે કોઇ અદૃશ્ય શક્તિએ તેને ઉપર ફેંક્યો હોય તેમ લગભગ દસ ફૂટ ઊંચો ઊછળીને પાણી ઉપર પછડાયો ને ત્યાંથી તરી કાંઠે આવી પહોંચ્યો. આટલી લડાઈ ચાલેલી, છતાં તેના શરીર ઉપર કોઈ જાતનો ઘા પડેલો નહોતો.

હાર્ડિંજ અને તેના સાથીઓ આ ચમત્કારિક બનાવનો ભેદ ઉકેલી શક્યા નહિ. વધારે આશ્ચર્યની વાત તો એ હતી કે પાણીમાં હજી લડાઈ તો ચાલુ જ હતી! કદાચ અન્ય કોઈ ભયંકર પ્રાણી આવી પડવાથી ડુગૉંગે ટૉપને છોડી દીધો હોય અને પોતાના પ્રાણ બચાવવાની પંચાતમાં પડી હોય. ધીમે ધીમે પાણીનો રંગ લાલ થવા લાગ્યો અને થોડી વારે ડુગૉંગનું મૃત શરીર પાણી ઉપર તરી આવ્યું. હાર્ડિંજ ને તેના સાથીઓ તે જોવા દોડી ગયા. ડુગૉંગના ગળા ઉપર ભયંકર જખમ હતો; જાણે કોઇએ તીક્ષ્ણ ધારવાળું અસ્ત્ર ન માર્યું હોય!

'આવડા મોટા પ્રાણીને આવી રીતે કોણે માર્યું હશે? તે જનાવર હશે?'

'સરોવરના પાણીમાં શંકા ઉપજાવે તેવું તો કૈં દેખાતું નથી. ડુગૉંગનો જખમ અદ્ભુત છે. વળી કઈ અદૃશ્ય શક્તિએ ટૉપને આવી રીતે ઉપર ફેંક્યો એ પણ અજબ જેવું છે!'

હાર્ડિંજ : બનાવો બધા એવા જ બને છે કે આશ્ચર્યમાં ગરક કરી દે. હું પોતે જ કેવી રીતે બચ્યો? સમુદ્રનાં પ્રચંડ મોજાંઓમાંથી મને બહાર લાવી ગુફામાં કોણ પહોંચાડી ગયું? બધું જ આશ્ચર્યકારક છે! પણ એની શોધ કોઈક દિવસ કરવી તો પડશે જ.

સરોવરની પાસે જઇ હાર્ડિંજે જોયું કે પાણી ખૂબ જોશમાં વહેતું હતું. લાકડાનો કટકો નાખી જોયું તો પ્રવાહ દક્ષિણ તરફ જતો હતો. તેને આધારે સૌ સરોવરની દક્ષિણે ચાલ્યા.

ત્યાં એક જગ્યાએ પાણી નીચે ઢાળ પડતું થતું જતું હતું ને ત્યાં જબરી ઘૂમરી ખાતું હતું. જાણે નીચેથી ક્યાંકથી બહાર નીકળી જતું ન હોય! હાર્ડિંજે વાંકા વળી ભોંયે કાન દીધા તો પાણી પડતું હોય તેવો અવાજ સંભળાયો. તરત જ તે બોલી ઊઠચા : 'સ્પિલેટ, અહીંથી જ પાણી બહાર જાય છે. અહીંથી ગ્રેનાઈટ પહાડમાં માર્ગ કરી પાણી સમુદ્રને મળે છે. આ ગુફાને આપણે ઉપયોગમાં લઈ શકીશું. હવે હું ગુફામાં પાણી ન જાય તેમ કરી દઈશ.'

સ્પિલેટ : તે કેવી રીતે બનશે!

હાર્ડિંજ : સરોવરના પાણીને ત્રણ ફૂટ નીચું ઉતારીને. પછી ગુફાનું મોં દેખાશે.

સ્પિલેટ : પણ આવડા મોટા સરોવરનું આટલું બધું પાણી નીચે ઉતારશો કેવી રીતે?

હાર્ડિંજ : વધારે મોટો બીજો રસ્તો કરીને.

સ્પિલેટ : તે ક્યાં કરશો?

હાર્ડિંજ : સરોવરનો જે કિનારો સમુદ્રની વધારેમાં વધારે નજીક હશે ત્યાં.

સ્પિલેટ : પણ ત્યાં તો એકલો ગ્રેનાઈટ જ છે.

હાર્ડિંજ : એ ગ્રેનાઈટ પથ્થરને ઉડાડી દેશું.

સ્પિલેટને લાગ્યું કે હાર્ડિંજ આગળ કશું અશક્ય નથી. પણ આવો મજબૂત ગ્રેનાઈટ દારૂ વિના તોડવો મુશ્કેલ હતો. હાર્ડિંજે કહ્યું માત્ર દારૂથી આ સખત ગ્રેનાઇટ પથ્થર તૂટશે નહિ. બીજી પણ એકાદ પ્રસ્ફોટક વસ્તુ—જેને આઘાત લાગતાં જ ફૂટે ને પથ્થરના ચૂરેચૂરા ઉડાડી દે એવી—તૈયાર કરી લેવી પડશે. જે ખનિજ પદાર્થોમાંથી આવાં સ્ફોટક દ્રવ્યો તૈયાર થાય છે તે તો પ્રભુકૃપાથી, ને ભૂતકાળમાં થએલા જ્વાળામુખીના ઉત્પાતથી અહીં મળી રહેશે. તેનો નમૂનો મને મળ્યો છે. એનાથી ગ્રેનાઇટને ઉડાડી દઈશું. પછી જે ગુફામાંથી સરોવરનું વધારાનું પાણી બહાર નીકળી જાય છે તેને ખાલી કરી સૂકવી શકીએ તો તે રહેવાની સુંદર અને વળી તદ્દન નિર્ભય જગ્યા બની જશે. એ ગુફાને પણ સૂકવવા માટે પાણી બીજે રસ્તે નીકળી જાય તેવો માર્ગ કરી દેવો પડશે.

હાર્ડિંજે હવે નેબને ડુગૉંગની ચરબી લેવા મોકલ્યો અને પોતે સ્પિલેટ તથા હર્બર્ટને લઇને કોલસાની ખાણો તરફ ચાલ્યા. તેમણે પથ્થરમાં ખનિજ વસ્તુઓ જોઈ હતી. તેને ચીમનીમાં લાવીને સાંજ પહેલાં તો કેટલાય મણ પથ્થરનો ઢગલો ત્યાં કરી દીધો. આ બધા પથ્થરોમાં ઘણી જાતની ધાતુઓ રહેલી હતી. સૌથી વધારે ભાગ તો લોઢા સાથેનો મળેલા ગંધક—સલ્ફેઇટ ઑવ આયર્નનો હતો. આ પથ્થરોને ભઠ્ઠીમાં નાખી તેમાંથી બંને તત્ત્વો જુદાં કર્યાં. હવે ચોખ્ખા સલ્ફેઈટ ઑવ આયર્નમાંથી સલફ્યુરિક ઍસિડ (ગંધકનો તેજાબ) બનાવવાનો હતો. એ મળે તો બત્તી થઈ શકે, ચામડાં કેળવી શકાય અને બીજાં પણ ઘણાં કામમાં આવે. (અનુ. પૃ. ૨૨૮)

નેબ અને પેન્કૅફ્ટ હુગૅાગની ચરબી લઈ આવ્યા હતા. સામુહિક ઝાડપાનને બાળીને સોડા બનાવ્યો. એ સોડાનો સાબુ કર્યો અને ચરબીમાંથી હાર્ડિંજે ગ્લિસરાઈન તૈયાર કર્યું!

હવે સુરોખાર(સોડા સૉલ્ટપીટર)ની જરૂર હતી. હર્બર્ટે માઉન્ટ ફ્રાંકલિન નીચે જવખાર જોયો હતો. તેને જ શુદ્ધ કરી લેવાનો હતો.

ગંધકના તેજાબ અને જવખારથી અજોટિક ઍસિડ તૈયાર થયો. તેની સાથે ગ્લિસરાઈન તથા કેટલોક ચીકણો અને પીળા રંગનો પદાર્થ મેળવ્યો અને પછી તેને એક માટીની બાટલીમાં ભરીને હાર્ડિંજે કહ્યું, 'આ થયું નાઇટ્રોગ્લિસરાઈન. આનાથી ગ્રેનાઈટના ચૂરેચૂરા ઊડી જશે.'

બીજે દિવસે સૌ સરોવરના ગ્રેનાઈટને કાંઠે ગયા. તેનો વચલો ખડક ઉડાડી દેવાય તો ત્યાંથી પાણી સીધું સમુદ્રને મળે તેમ હતું. પેન્કૅફ્ટે ત્યાં ખાડો ખોદવો શરૂ કર્યો. સાંજે ચારેક વાગ્યે તે ખોદાઈ રહ્યો એટલે તેમાં નાઇટ્રોગ્લિસરાઈન ભરીને પથ્થર ઉડાડવાની વ્યવસ્થા કરવાની હતી; પણ નાઇટ્રોગ્લિસરાઈન ઉપર જોસથી ઘા કરવો જોઇએ. તેમ ન કરે ને તેને સળગાવે તો ખાલી નાઇટ્રોગ્લિસરાઈન જ બળી જાય. એકાદ મજબૂત જગ્યાએ નાઇટ્રોગ્લિસરાઈન રેડીને તેના ઉપર હથોડીનો ઘા કરતાં જ તે ભયંકર રીતે ફૂટે; પરંતુ આ રીતે ઘા કરતાં તો પથ્થરના અને સાથે તે ઘા કરનારના પણ ચૂરેચૂરા ઊડી જાય! તેથી હાર્ડિંજે ઘા કરવાનો બીજો ઉપાય શોધી રાખ્યો હતો. એક ખાડામાં નાઇટ્રોગ્લિસરાઈન નાખીને ઉપર ત્રણ લાકડાંની ઘોડી ઊભી કરી. તે પર વચ્ચે મણેક વજનનો એક લોઢાનો ગઠ્ઠો લટકાવ્યો. લોઢાનો આ ગઠ્ઠો ગંધકવાળી દોરીથી બાંધ્યો ને તે દોરી સાથે બીજી લાંબી ગંધકવાળી દોરી બાંધી બીજો છેડો છૂટો રાખ્યો. પછી સૌને દૂર મોકલી હાર્ડિંજ તે ગંધકવાળી દોરીનો છૂટો છેડો સળગાવી દોડતાદોડતા સૌને સાથે થઈ ગયા. ગંધકવાળી દોરી બળીને ગઠ્ઠાને બાંધેલી દોરી સુધી પહોંચતાં પચીસ મિનિટ લાગે એવી ગણતરી કરીને તેટલી લાંબી રાખી હતી. હાર્ડિંજ સૌ સાથે ચીમનીમાં આવ્યા. લગભગ પચીસ મિનિટ પછી ભયંકર અવાજ થયો. આખો દ્વીપ ધ્રૂજી ઊઠ્યો. મોટા મોટા પથ્થરો આકાશમાં ઊડીને નીચે પડવા લાગ્યા. જાણે જ્વાળામુખી ફાટ્યો! સૌ તે જગ્યાએ પહોંચ્યા ને જોયું તો ગ્રેનાઇટ પથ્થર ફાટીને મોટી સુરંગ થઈ ગઇ છે ને તે જ રસ્તેથી પાણી તીર વેગે ઘૂમરી ખાતું, ગર્જના કરતું, ત્રણસો ફૂટ ઉપરથી સમુદ્રકિનારા ઉપર ધોધ રૂપે પડી રહ્યું છે!"

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

સાહિત્યવિવેચનના સિદ્ધાંતો: પશ્ચિમી વિવેચન-સાહિત્યમાં અગ્રતમ ને અધિકૃત, પ્રો. ઍબરક્રૉમ્બીના પુસ્તક 'પ્રિન્સિપલ્સ ઑવ લિટરરી ક્રિટિસિઝમ'નો શ્રી નગીનદાસ પારેખે કરેલો ભાવવાહી ને સુશ્લિષ્ટ તથા ગુજરાતી વિવેચનસામગ્રીમાં ગણનાપાત્ર ઉમેરો કરતો આ અનુવાદ વૉરા ઍન્ડ કં. પ્રા. લિ. (કાલબાદેવી મુંબાઈ-૨) એ બહાર પડ્યો છે તે અભ્યાસીઓને માટે ઘણો ઉપયોગી છે. (કિં. ૨–૦૦). એ જ પ્રકાશકનાં બીજાં નોંધપાત્ર પ્રકાશનો : **ગાંધીજીની કહાણી–** ગાંધીજીના નિકટના પરિચયમાં રહી ગએલા પ્રસિદ્ધ અમેરિકન પત્રકાર લૂઇ ફિશરે ગાંધીજીવન ને ગાંધીદૃષ્ટિનો ઝીણવટ ને ઊંડાણથી અભ્યાસ કરીને વિશદ વિચારધારાપૂર્વક ગાંધીજીના જીવન પર લખેલા, જાણીતા અભ્યસનીય પુસ્તક 'ધ લાઇફ ઑવ મહાત્મા ગાંધી' પરથી ગુજરાતીમાં સંક્ષેપકારો : સર્વશ્રી સોમભાઈ પટેલ અને મગનભાઈ નાયક, ૫–૦૦; **સરસ્વતીચન્દ્ર:** ગુજરાતી સાહિત્યના એ મહાગ્રંથનો, મોટે ભાગે તેના સર્જક સાક્ષરવર્ય શ્રી ગોવર્ધનરામ મા. ત્રિપાઠીના જ શબ્દોમાં, કિશોરો માટે સરળ કથાસાર-કરનાર: શ્રી સોમભાઈ પટેલ, ૧–૫૦; **દરિયાસારંગ:** કચ્છના દરિયાસારંગ અને યંત્રકળાના ગુજરાતના તો પુરોધા રામસિંગ માલમના જીવન પરથી શ્રી ગુણવંતરાય આચાર્યની એ નામની નવલકથા પરથી સંક્ષેપ, ૨–૦૦; **બાણભટ્ટની આત્મકથા :** સંસ્કૃતસાહિત્યપ્રતિષ્ઠ 'કાદંબરી'કાર બાણભટ્ટના જીવન પર હિંદી સાહિત્યના પ્રખ્યાત વિદ્વાન શ્રી હજારીપ્રસાદ દ્વિવેદીએ લખેલી, સમકાલીન હિંદી સાહિત્યમાં 'ક્લાસિક' ગણાએલી, અને હિંદી સાહિત્ય-જગતમાં વરસનાં ઉત્કૃષ્ટ પુસ્તકોમાં પ્રથમ પુરસ્કાર મેળવનારી કાળ-નવલકથા(પીરિયડ-નૉવેલ)'બાણભટ્ટકી આત્મકથા'નો શ્રી નવરંગ ધોળકિયાએ કરેલો અનુવાદ, ૫–૫૦; **શુભા:** મનોમંથન અને માનસિક ક્રિયાપ્રક્રિયાઓના વાસ્તવિક ચિત્રણમાં આગવી સફળતા મેળવનાર પ્રસિદ્ધ બંગાળી નવલનવેશ શ્રી નરેશચન્દ્ર સેનગુપ્તની નારી-જીવનના આદર્શ-અભિગમની વિમાસણ નિરૂપતી નવલકથા, અનુવાદક: રમણલાલ સોની, ૫–૦૦.

શબ્દકથા: 'અળશ–અળછ'

'અળશ' અથવા 'અળછ'ના બે અર્થ છે: (૧) દરિદ્રતા કે ગરીબાઈ ને (૨) જૂનીપાની ને ભંગાર જેવી નકામી ઘરવપરાશની વસ્તુઓ. એવી ચીજો ઘરમાં ઝાઝી એકઠી થઈ જતાં આપણે કહીએ છીએ કે 'ઘરમાં કેટલી અળશ ભેગી થઈ ગઈ છે!' આવી કોઈ ચીજ તૂટી કે ખોવાઈ જતાં કહીએ છીએ; 'સારું થયું, ઘરમાંથી અળશ ટળી.' એટલેકે એવી કચરા જેવી ચીજ જતાં ઘરનું દળદર ઓછું થયું.

જૂના રીતરિવાજમાં માનતા આપણા લોકોમાં દિવાળીના દિવસોમાં કાળીચૌદશ (રૂપચૌદશ)ને દિવસે એક વિધિ પ્રચલિત છે. ચૌદશની રાતે કે દીવાળીના વહેલા મળસ્કામાં કચરો ભરેલું જૂનું માટલું સ્ત્રીઓ 'અડધો જાય, દડધો જાય, બાર મહીનાનો રોગ જાય' એમ મનમાં જપતી જપતી શેરીના ચોકમાં જઇને ફોડે, અને પછી ધાતુનું વાસણ વગાડતી વગાડતી ઘેર પાછી ફરે; ને પાછી ફરતાં મનમાં બોલતી આવે કે 'અળશ જાય ને લક્ષ્મી આવે, અળશ જાય ને લક્ષ્મી આવે! ઘરમાંથી નકામી જૂની ચીજો નીકળી જતાં ઘર સ્વચ્છ થાય, એટલે ઘરનું દળદર-નિર્ધનતા ચાલી જાય, ને સમૃદ્ધિ વધે એમ મનાય છે. આ 'અળશ' કે 'અળછ'નો મૂળ અર્થ તો, 'ઘરની ગરીબી'; પણ કચરા જેવી ચીજો ગરીબાઈની નિશાની હોવાથી તેમને માટે પણ એ શબ્દ વપરાતો થયો. આપણા જૂના સાહિત્યમાં આ શબ્દ 'અલછ', 'અલછિ' એવા રૂપમાં મળે છે. ખરાબ સ્ત્રીનું વર્ણન કરતાં તેને 'સાચી અલછિ' એટલે કે 'સાક્ષાત દરિદ્રતા' કહી છે.

આ 'અલછિ' કે 'અલચ્છિ' શબ્દ શામાંથી આવ્યો હશે? તેનો મૂળ શબ્દ છે સંસ્કૃત 'અલક્ષ્મી'. અલક્ષ્મી એટલે 'અલક્ષ્મી'–લક્ષ્મીનો અભાવ, દરિદ્રતા કે દળદર. હવે સમજી શકાશે કે 'અળશ જાય ને લક્ષ્મી આવે' તે બીજું કશું નથી પણ 'અલક્ષ્મી જાય ને લક્ષ્મી આવે'–'દળદર જાય ને ધન આવે' એમ છે.

અલક્ષ્મી–અલચ્છિ–અલછિ–અળછ–અળશ, એમ આ શબ્દનો ઉચ્ચાર આવ્યો છે. અર્થ અમુક અંશે મૂળનો રહ્યો છે, પણ 'દરિદ્રતા' ઉપરાંત તેમાં 'જૂની કે નકામી કચરા જેવી ઘરની ચીજો' એવો નવો અર્થ પણ નીપજ્યો છે.

હરિવલ્લભ ભાયાણી



આર્દ્રકણો

પ્રારબ્ધ દે છો સહુ શૂન્ય શૂન્ય
આ જિંદગીમાં પણ મૂકી દેજો
તમે ત્યહીં એક જ 'એક' આગળ
પુરુષાર્થકેરો...
જોજો પછી જીવન કેવું ધન્ય!

ગીતા પરીખ

ભારતમિત્ર બ્રેઈલ્સફર્ડ

આ સદીના શરૂઆતના ત્રણ દાયકાઓમાં, જ્યારે ભારત પર હકૂમત ભોગવતા ઈંગ્લંડનો રૂઢિચુસ્ત (કૅાન્ઝર્વેટિવ) પક્ષ હિંદની સ્વાતંત્ર્ય-ઝુંબેશને બેઆબરૂ કરવા મથી રહ્યો હતો, ત્યાંનો મવાળ (લિબરલ) પક્ષ રાજકીય પકડ ઢીલી કરવા નારાજ હતો, અને પોતાના આંતરિક પ્રશ્નોમાં ગૂંચવાએલા મજૂર પક્ષને ભારતીય પ્રયત્નો વિષે જાણવાની ફુરસદ ન હોઈ તે પ્રત્યે ઉદાસીન હતો ત્યારે, ભારતના પ્રશ્નોનો સહાનુભૂતિથી અભ્યાસ કરી તેના પક્ષે ઊભા રહેનાર અને એને વિષેનું ત્યાં પ્રવર્તતું અજ્ઞાન દૂર કરી ભારતની લડતની સાચી સમજ આપનાર જે ગણ્યાગાંઠ્યા ન્યાયશીલ અને તટસ્થ વિચારકો ઇંગ્લંડમાં હતા, અને છેવટ સુધી એને પક્ષે પ્રયત્નશીલ રહ્યા હતા તેવા પરમ મિત્રોમાં અગ્રણી હતા એક સમર્થ માનવતાવાદી વિચારક અને યુવાન પત્રકાર શ્રી હેન્રી નોએલ બ્રેઈલ્સફર્ડ.

એક અંગત દૃષ્ટિબિંદુ રજૂ કરીએ તો, ઇંગ્લંડના જે સમર્થ પત્રકારોનાં જીવન અને કારકિર્દીની પ્રેરણાએ આ પત્રના તંત્રીના ઘડતરમાં ફાળો આપ્યો છે તે 'રિવ્યુ ઑાવ રિવ્યુઝ'ના ડબ્લ્યુ. ટી. સ્ટેડ, 'પૅાલમૅાલ ગેઝેટ, વીક એન્ડ રિવ્યૂ' વગેરેના જે. એ. સ્પેન્ડર, 'મૅન્ચેસ્ટર ગાર્ડીઅન'ના સી. પી. સ્કૅાટ 'નેશન'ના એચ. જે. મૅસિંગહામ, 'પંચ'ના બર્નાર્ડ પૅટ્રિજ, 'બુકમૅન'ના સેન્ટ જૉન ઍડકૅાક, 'ઑાબ્ઝર્વર'ના જે. એલ. ગાર્વિન, અને 'કન્ટ્રીમૅન' વગેરેના હજી યે વિદ્યમાન જઈફ તંત્રી જે. ડબ્લ્યુ. રૉબર્ટસન-સ્કૉટની ભવ્ય નામાવલિમાં, ઈંગ્લંડના મજૂર પક્ષના પ્રબલ સાપ્તાહિક 'ન્યૂ લીડર'નો આ સમર્થ તંત્રી (જે અહીંની રૂબરૂ મુલાકાતે પણ આવી ગએલા) ભારતમિત્ર બ્રેઈલ્સફર્ડનું સ્થાન કૈંક વધારે નજીકનું હતું. વિશદ અને સચોટ કલમે લખાએલાં, જીવનની એકેએક બાજુને સ્પર્શતાં એમનાં અભ્યાસયુક્ત અને વિચારપ્રેરક લખાણોની કતરણોની નાની ફાઈલ હજી પણ એ પ્રેરણાના પ્રતીક રૂપ સચવાએલી પડી છે, જેમાં રાજકારણ, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર આદિ વિષયો ઉપરાંત ટૂંકી વાર્તાઓ, કાવ્ય, સાહિત્યચર્ચા અને ઉચ્ચ કલાના સમકાલીન નમૂનાઓ સંઘરાએલા છે. વર્ષ દરમ્યાન એ સાપ્તાહિકમાં આવેલી કાયમી મૂલ્યવાળી એવી સાહિત્ય-કલાની થોડી સામગ્રી ચૂંટીને દર નાતાલે બહાર પાડવામાં આવતું બે-અઢી શિલિંગનું સસ્તું દોહન 'ન્યૂ લીડર બુક' ઇંગ્લંડના વિચારભૂખ્યા મજૂર પક્ષમાં નાતાલભેટ તરીકે બહોળો ફેલાવો પામતું, તેની યે નકલો એ પ્રેરક દિવસોનું સ્મરણ કરાવતી પડી છે. એ મહાનુભાવ તંત્રીનું ગયા માસમાં પુખ્ત વયે અવસાન થતાં આટલું અંગત સ્મરણ નોંધવાનું પ્રાપ્ત થાય છે.



આજથી ૮૪ વર્ષ પહેલાં યૉર્કશાયરના એક પાદરીને ત્યાં જન્મેલો એ તેજસ્વી બાળક ગ્લાસગો વિદ્યાપીઠમાં સાહિત્ય અને તત્ત્વ-



મહાલાત

(આપણાં પંખી–૧૧૦)

કાગડાના જ કુળનું આ પંખી વૃક્ષની ઘટામાં જ છુપાઈ રહેનારું હોઈ બહુ ઓછાએ એને જોયું હશે; અને નામ તો એથી યે ઓછાએ સાંભળ્યું હશે. Dendrocitta Vagabunda Latham એ તેનું શાસ્ત્રીય નામ. કદમાં કાબર જેવડું, પણ પૂછડી બારેક ઈંચ લાંબી હોઈ મોટું લાગે. ભારત, બર્મા અને સિલોનમાં રંગ અને કદભેદે તેની ચારેક જાતો તારવવામાં આવે છે.

દેખાવે નરમાદા બંને સરખાં. માથું ડોક અને છાતી મેશિયા. શરીર રતાશ પડતું બદામી. પાંખ પર લાંબો ધોળો પટ્ટો. પૂછડી છેડેથી કાળાં ને ચડઊતર પીછાંવાળી મેલી ધોળી. ચાંચ સ્લેટ રંગની. ઊડે ત્યારે ફટાકા સાથે પાંખો વીંઝે ને પછી હવામાં ઊંચુ નીચું તરતું જાય. જમીન પર ક્યારેક જ આવે.

વડપીપળાના ટેટા, ઝાડની છાલમાં ભરાઈ રહેતાં જીવડાં, ગરોળી, દેડકાં વગેરે તેનો આહાર હોઈ કાગડા પેઠે તે યે સર્વભક્ષી. અન્ય પંખીઓનાં ઈંડાં ને નાનાં બચ્ચાં યે ખાઈ જાય.

અવાજ મોટો ને મીઠો. માથું અને પૂછડી નમાવી શરીરને વિશિષ્ટ વળાંક આપી 'બૉબ-ઓ-લિંક' ને એથી યે મીઠો 'કો-ઓ કિલ' એવો કર્ણપ્રિય અવાજ કાઢે, પણ પાછળ જ કર્કશ 'કે કે કે કે' કરી પોતાના કુળને છતું કરી દે!

ફેબ્રુઆરીથી જુલાઇનો અંત એ તેનો પ્રજનનકાળ. આંબા લીમડા જેવા ઘટાદાર વૃક્ષની ટોચની નજીક જલ્દી નજરે ન ચડે તેમ ડાળીઓના ચિપિયામાં ઊંડી તાસક જેવો સળેકડાંનો માળો કરી, તેમાં મુલાયમ ઘાસમૂળિયાં વગેરે પાથરી, ૪ થી ૫ લાંબાં લંબગોળ ને સહેજ ચળકતાં ઇંડાં મૂકે. રંગે એ જુદાંજુદાં, પણ એકીવખતે એક જ રંગનાં હોય. મોટેભાગે આછી લીલી ભોંય પર રાતા-બદામી છાંટણાંવાળાં કે આછા ગુલાબી પર લાલબજરી છાંટણાંવાળાં હોય. માળો બાંધવાથી માંડી બચ્ચાંના ઊછેર સુધી નરમાદા સરખો જ હિસ્સો લે.

જ્ઞાન લઈ ગ્રૅજ્યુએટ થયો. થોડો સમય ત્યાં જ પ્રાધ્યાપક તરીકે રહ્યા બાદ પત્રકારત્વમાં પડી 'મૅન્ચેસ્ટર ગાર્ડીઅન', 'ટ્રિબ્યૂન', 'ડેઈલી ન્યુસ' અને 'નેશન'માં અગ્રલેખો લખતા રહ્યા. દરમ્યાન ૧૮૯૭માં બાલ્કન પ્રદેશના જુલ્મો સામે તેઓ લડવા ગએલા અને ઇ. ૧૯૧૩માં થોડો સમય ત્યાં ગાળેલો પણ ખરો.

આ સદીની શરૂઆતમાં બ્રિટનને નવા અને પ્રગતિવાદી વિચારોનાં અમી પાનારા જે સમર્થ વિચારકો ઈંગ્લંડમાં પાકચા તે બર્નાર્ડ શૉ, એચ. જી. વેલ્સ આદિ સાથે એક મહાન વિચારક તરીકે બ્રેઈલ્સફર્ડની ગણના થતી. પત્રકારત્વ ઉપરાંત એમણે લખેલા સંખ્યાબંધ ગ્રંથોમાં નવલકથાઓ, નિબંધો ને પરદેશનું રાજકારણ, ઉપરાંત સાહિત્યચર્ચામાં કવિ શેલી અને વૉલ્તેરની સાહિત્ય પરની તલસ્પર્શી વિવેચનાઓ મુખ્ય છે. જોશીલી કલમ દ્વારા વહેતી એમની સોંસરી નીકળતી વાણી વાચનારને પોતાના વિચાર સાથે દૃઢમત બનાવી દેવા સમર્થ હતી. આથી જ ઈ. ૧૯૦૭માં બ્રિટનના મજૂર પક્ષમાં જોડાયા બાદ રાજકીય ક્ષેત્રની એમની કારકિર્દી દ્વારા તથા ઈ. ૧૯૨૨થી '૨૬ સુધી 'ન્યૂ લીડર' પત્રનું તંત્રવહન કર્યું તે દ્વારા એમણે જે સમર્થ કામગીરી બજાવી છે તેને અંજલિ આપતાં બ્રિટનના આજના સ્વતંત્ર સાપ્તાહિક 'ન્યૂ સ્ટેટ્સમૅન'ના તંત્રી કિંગ્ઝલી માર્ટિન કહે છે કે 'બ્રિટિશ કામદાર પ્રવૃત્તિ માટે એમણે જેટલું કર્યું છે તેટલું કોઇએ કર્યું નથી.'

ભારત વિષે લખેલાં એમનાં બે પુસ્તકો પૈકી 'સબ્જેક્ટ ઇન્ડિયા' (પરતંત્ર ભારત) એ ઇંગ્લંડના આમ વર્ગની ભારત માટેની સહાનુભૂતિ જાગૃત કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. શરૂથી તે અંત સુધી એ ભારતીય હક્કોના પ્રબળ પુરસ્કર્તા રહ્યા હતા અને ઈ. ૧૯૪૯ના ભારતીય સ્વાતંત્ર્યના બ્રાહ્મમુહૂર્તકાળમાં, પોણોસોની કમર વટાવી ગયા હોવા છતાં પણ જાતે ભારત આવી જઇને પોતાની હમદર્દી અને હૂંફ દાખવી હતી. આ સાથે આપેલી એમની છબિ તેઓ અમદાવાદમાં મજૂર મહાજનની મુલાકાતે આવેલા તે સમયની છે. —બ.

સાઈકલશોધની રોમાંચક વાતો અને વિક્રમો

દુનિયામાં સૌ પ્રથમ સાઈકલ બનાવવાનું માન સ્કૉટલૅન્ડના વતની 'મૅકમિલનને' ફાળે જાય છે. તેઓએ ઈ. ૧૮૪૦માં આ નવા વાહનની શોધ કરી હતી. જ્યારે તેઓ સાઈકલ પર બેસી ફરવા નીકળતા તે વખતે તેમની પાછળ લોકોનાં ટોળાં હુરિયો બોલાવતા, તો કોઈ ધર્માંધો તેને સેતાનનો સાથી કહી પોતાનો વિરોધ પણ પ્રદર્શિત કરતા. છતાં પોતાની શોધ જનતા સમક્ષ ગામેગામ રજૂ કરવા તેઓએ પ્રવાસ કરવાનું નક્કી કર્યું. એ પ્રવાસે તો ત્યાંની પ્રજામાં સનસનાટી ફેલાવી દીધી.

એક શહેરમાં તો મૅકમિલનની પોલીસે ધરપકડ કરી. આઠ માઈલથી વધુ ઝડપે વાહન હંકારવાનો ગુનો તેમના પર લાગુ પાડવામાં આવ્યો! તેને આખી રાત જેલની હવા ખાવી પડી. બીજે દિવસે કોર્ટમાં કામ ચાલ્યું તેમાં તેનો દંડ થયો, પણ ન્યાયાધીશે એ શોધનું પ્રદર્શન કરી બતાવવાનું ફરમાન કર્યું. કોર્ટની પાસેના વિશાળ મેદાનમાં મૅકમિલને સાયકલ પર બેસી આઠ ફેરા ફરી બતાવ્યા. આ જોઇને ન્યાયાધીશ એટલા બધા ખુશ થઈ ગયા કે મૅકમિલનને કરેલો દંડ પોતે જ ભરી દીધો. એ મૅકમિલન અને તેની પત્નીની કબર ડમ્ફ્રીશાયર પાસેની કેર નદી પાસે હજી આજે પણ જોવા મળે છે.

અટકચા વિના લાંબા સમય સુધી સાઈકલ ચલાવવાનો રેકર્ડ અત્યાર સુધી ભારતીય વીરોએ જ કર્યો છે. સૌ પ્રથમ અમદાવાદના અન્સારહુસેને ૭૦ કલાક સાઈકલ ચલાવીને અખિલ હિંદ રેકર્ડ કર્યો. ત્યાર પછી રવીન ચેટરજીએ ૭૩ કલાક ૪ મિનિટ સાઇકલ ચલાવી ઉપલો રેકર્ડ તોડચો. ૧૯૫૫માં મલબારમાં મી. જોસેફ નામના ૨૬ વર્ષના યુવાને ૧૩૨ કલાક સાઈકલ ચલાવીને વિશ્વવિક્રમ તોડચો. ભોપાળ રાજ્યના કેળવણી ખાતાના શ્રી પી. કે. ચૌધરી નામના કર્મચારીએ ૧૪૫ કલાક સાઈકલ ચલાવીને નવો વિક્રમ સર્જ્યો હતો. ૧૯૫૬ના માર્ચમાં અફસરખાને ઇન્દોર ખાતે ૧૫૦ કલાક સાઇકલ ચલાવી હતી. સૂરત ખાતે ૨૨-૩-૫૮ના રોજ શ્રી શાંતિલાલ ચૌહાણે ૧૩૧ કલાક અખંડ સાઈકલ ચલાવી હતી.

જગતભરમાં ઝડપી સાઈકલ ચલાવવાના વિજેતા પણ હિંદી સાઈકલિસ્ટ (શ્રી જાનકીદાસ) જ હતા. તેમણે ૫૦ માઇલનું લાંબું અંતર ફક્ત બે કલાક ૪ મિનિટ ને ૧૨ સેકંડમાં કાપ્યું હતું. આ વિક્રમ હજુ સુધી કોઈ તોડી શક્યું નથી. પેરીસની સાઇકલ ચૅમ્પીયન ક્લબમાં એ હિંદી વીર જાનકીદાસનું પાકા રંગનું ભવ્ય ચિત્ર રાખવામાં આવ્યું છે.

હિંદમાં સૌથી પ્રથમ સાઈકલ ચલાવવાનું માન સ્કૂલ ઑફ આર્ટના શિક્ષક સ્વ. નારાયણ ગોવિંદને ફાળે જાય છે. તેઓ વર્લી ખાતે રહેતા હતા. અમદાવાદનાં સર્વોદય સેવા મંડળના સભ્ય શ્રી ચુનીલાલ પટેલ નામના યુવાને કાંકરિયા તળાવના ફેરા ફરીને કુલ ૯૬ કલાક સાઈકલ ચલાવી હતી.

(ગુજરાત મિત્ર) —દાસબહાદુર વાઈવાલા

જવ

આપણે એક એવા ઉમદા અન્નનો ત્યાગ કર્યો છે કે જેની ઊણપ પ્રસંગપ્રસંગે સાલે છે અને એક એવા અન્નને આશ્રયે આપણે પડી ગયા છીએ કે જેના વગર ચાલે જ નહિ. જેનો ત્યાગ કર્યો છે તે જવ, અને જેના વગર ચાલતું નથી તે ઘઉં. ઘઉં વગર આપણે ચલાવી શકતા જ નથી. જવને જવારા વાવવા ટાણે કે પિતૃઓનાં શ્રાદ્ધ સિવાય આપણે સંભારતા નથી; પરંતુ જવ અમુક વખતે શરીર માટે અત્યંત ઉપયોગી અન્ન છે. જ્યારે ઘઉં આપણી પ્રકૃતિ વિરુદ્ધ હોય ત્યારે પ્રશ્ન થાય છે કે ત્યારે ખાવું શું? એનો જવાબ છે, જવ ખાવા. ઘઉં શા માટે નહિ અને જવ શા માટે, એ જાણવા બન્ને વસ્તુના ગુણની તુલના જોઇએ.

ઘઉં	જવ
સ્વાદમાં મધુર	મધુર સાથે તૂરા
ઠંડા શીતળ ગુણવાળા	શીતળ ગુણવાળા ઠંડા
વાયુ તથા પિત્ત હરનારા	ખૂબ મળ તથા વાયુ કરનારા
ભારે કફ કરનાર	પિત્ત મટાડનાર
વીર્ય વધારનાર બળ આપનાર	કફ શ્વાસ, સળેખમ મટાડનાર
મધુર ચીકણા, સ્નિગ્ધ ભારે	બળ આપનાર
ભાંગેલાં હાડકાંને સાંધનાર	મધુર છતાં રૂક્ષ અને લઘુ તથા હલકા
ઝાડો ઉતારનાર	લોહીવિકાર, ઝલાએલા સાંધા મટાડનાર
ચામડીના વર્ણને ઉજળો કરનાર	
વ્રણને હિતકારી	મળને ઉખેડનારા,
રુચિ આપનારા	કોમળ વ્રણ ઉપર તલ જેવા હિતકારી
સ્વાદ સાથે વિપાક પણ મધુર	
માંસ તથા મેદ વધારનાર	બુદ્ધિ અને અગ્નિ વધારનાર
	સ્વાદ મધુર પણ વિપાકમાં કડવા
	માંસ તથા મેદ નહિ વધારનાર

જવ માંસ અને મેદની જરા પણ વૃદ્ધિ નથી કરતા. જેના શરીરમાં મેદ અને ચરબી વધી ગયાં હોય તે જો ઘઉં, ભાત છોડીને છાશ અને જવની રોટલી અથવા તેલનું મોણ નાંખીને જવની ભાખરી તથા સાથે તાંદળજો કે મેથીની ભાજીનું સેવન કરે તો મેદ ધીમેધીમે ઘટી જાય છે અને બેડોળ લાગતું શરીર ઘાટીલું બને છે.

કફજનિત દર્દો—શ્વાસ, ઉધરસ, કફ, સળેખમનાં જાથુનાં દર્દીઓ માટે ઘઉં ઉપયોગી નથી, જવ ઉપયોગી છે.

આજે ઘણાં સ્ત્રીપુરુષો ચરબીથી હેરાન થતાં ગભરામણ, બેચેની, અટકાવની અનિયમિતતા, પેડુનો ફુલાવો વગેરેની ફરિયાદ કરે છે, એમને જવની રોટલી કે ભાખરી, મલાઈ કાઢી નાંખ્યા પછી જમાવેલા દહીંની છાશ અને મગનું ઓસામણ ભૂખ સંતોષવા માટે પૂરતો ખોરાક છે.

ડાયાબિટિસનાં દરદીને ઘઉં મધુર હોવાથી સાકર વધવાની ભિતી છે, જ્યારે જવનો પાક કટુ હોવાથી સાકર વધતી નથી. બીજો લાભ, એનાથી પેશાબ ઓછો થાય છે. ડાયાબિટિસનાં દરદીને અધિક પેશાબ કરવા જવાનો ત્રાસ પણ હોય છે, એ જવથી મટે છે. ડાયાબિટિસનો દરદી ઘણું કરીને ચરબીવાળો હોય છે. જવ ચરબી વધારતા નથી, ઘટાડે છે.

આપણને રૅશનિંગના વખતે જવ ખાવા મળેલા તેથી એના સ્વાદનો તો અનુભવ છે. ઘઉં જ્યાં ઉપયોગી નથી ત્યાં જવ ઉપયોગી સમજીને તે ખાવામાં ખોટું નથી. વૈદ્ય જાદવજી નરભેરામ

એવરેસ્ટનો હિમપુરુષ

પર્વતારોહી ટુકડીઓ આ હિમ-માનવની માન્યતામાં બે ભાગમાં વહેંચાએલી છે. એક પક્ષ માને છે કે તેનું અસ્તિત્વ છે, બીજો પક્ષ માને છે એ કાલ્પનિક તૂત છે, કારણ હજુ કોઇએ પણ તેને પ્રત્યક્ષ જોયો નથી. જે કાંઈ જોવામાં આવ્યું છે તે ફક્ત, બરફમાં તાજાં પડેલાં માનવ જેવાં પગલાં જ છે. આ પગલાં માનવનાં પગલાં જેવાં જ હોવા છતાં તેમની લંબાઈ-પહોળાઇ આપણાં મોટાંમાં મોટાં પગલાં કરતાં પણ ઘણી વધારે હોવાથી એ અને રીંછનાં પગલાંમાં અને માનવનાં પગલામાં ઘણું સામ્ય હોય છે તેથી કેટલાકો એવાં અનુમાન પર આવે છે કે એ પગલાં કોઈ વિશાળકાય રીંછ કે તેના જેવા બીજા પ્રાણીનાં હોવાં જોઇએ. ગમે તેમ પણ આ પર્વતારોહીમાં આશ્ચર્ય તેમ જ વિવાદનો એક મોટો પ્રશ્ન છે.

સુરત જિલ્લાના નવસારીની પાસે જ આવેલા જલાલપુરમાં રહેતા બાબાશ્રી અખંડભિક્ષુ (બી.એ.)એ પગે ચાલીને આખા હિમાલય પ્રદેશનું ભ્રમણ કર્યું છે. તે દરમિયાન તેમણે અનેક જાતની અદ્‌ભુત વનસ્પતિ જોઈ છે અનેક સાધુ સંતોનો સમાગમ સાધ્યો છે તેમજ અનેક આશ્ચર્યો જોયાં છે, જેમાં હિમ-માનવી જેવું પ્રાણી પણ તેમના જોવામાં આવ્યું છે. એ પ્રસંગને સ્મૃતિમાંથી તેમના જ શબ્દોમાં ઉલ્લેખીશું:

એક વખત હું અમરનાથની આજુબાજુના પ્રદેશમાં ભ્રમણ કરતો હતો. મારો રસ્તો કેટલીક વખત ડુંગરોની છેક નજીક તો બીજી વખત દૂર જતો હતો. આજુબાજુ નાનાં મોટાં વૃક્ષોની ગીચ ઝાડીઓ આવેલી હતી. વચ્ચે વચ્ચે છીછરાં આછાં વહેતાં પાણીનાં ઝરણાં આવતાં હતાં. એવા રસ્તા પર ચાલતાં ચલતાં લગભગ દિવસના અગિયાર વાગવાનો સમય થયો હશે. એ વખતે મારા રસ્તાના એક ચઢાણની ટોચ પર જઈ પહોંચ્યો. પછીનો રસ્તો નીચે ઊતરતો હતો. છેક નીચાણમાં એક સાધારણ ઝરણું આવેલું હતું અને તેની સામી બાજુએથી પાછો ઉપર ચઢવાનો ચાઢવ આવતો હતો.

જેવો હું ટોચે પહોંચી નીચે ઊતરવા જતો હતો તે વખતે સહસા મારી નજર સામેના ટેકરા પર પડી અને હું ખચકાઈને ઊભો રહી ગયો. ત્યાં મેં લગભગ ૨૦ ફૂટ ઊંચી એક પ્રચંડકાય માનવ જેવી આકૃતિ જોઈ. હું તેના તરફ ટગરટગર જોતો ઊભો રહ્યો અને તાત્કાલિક આગળ વધવાનું માંડી વાળ્યું. તે પણ મારી તરફ શાંત ચિત્તે ટગરટગર જોતો હતો.

મને જોતાં જણાયું કે તેની આકૃતિ એક અતિ વિશાળકાય માનવીની જ હતી. તેનું માથું લગભગ દોઢેક ફૂટ જેટલું મોટું હતું. તેની આંખો લાલઘૂમ તેજસ્વી હતી. નાક ચીબું હતું. તેની પર સારા પ્રમાણમાં લાંબાલાંબા વાળ હતાં. તે પગે ઊભું હતું; ને પાછળથી માલૂમ પડ્યું તેમ

કૌશલકળાનો ખેલ

રૂમાલમાંની વસ્તુ 'છૂ' કરી દેવી : જાદુગર એકાદ સિક્કો, રૂપિયાની નોટ કે એવી કોઇ ચીજ લે છે. મંત્રો ભણતો ભણતો એ તેને અદાથી રૂમાલમાં મૂકે છે અને પછી જરા વારે એ રૂમાલને હવામાં ફરફરાવતાં અંદર મૂકેલી ચીજ 'છૂ' થઇ ગએલી માલૂમ પડે છે. જાદુ-



ગરના હાથ પણ ખાલી જ છે. સાથેની પહેલી આકૃતિ પ્રમાણે જ્યારે જાદુગર રૂમાલમાં ચીજ મૂકતો હોય છે ત્યારે જ આ. ૨ પ્રમાણેની એક છેડે વજન બાંધેલી અને દૂરથી ન દેખાય તેવી પાતળી અને મજબૂત એક દોરીને તેણે પકડી રાખી હોય છે. આ છેડા સાથે એક ક્લિપ બાંધેલી હોય છે, તે ક્લિપમાં જ તે પેલી વસ્તુ ભેરવી દે છે. લોકોને લાગે છે કે એ વસ્તુને તે રૂમાલમાં મૂકે છે. દોરીને તેણે ખિસ્સામાં આકૃતિ ૩ મુજબ ભેરવેલી હોય છે. એટલે જેવો તે હાથમાંની ક્લિપ છોડે કે વજનને લીધે તે ક્લિપ પેલી પકડાવેલી વસ્તુ સાથે ખિસ્સામાં સરી જાય છે. અને હવે તે રૂમાલ ઉછાળે છે, જે પહેલેથી જ ખાલી હતો તે લોકોને ખાલી જ દેખાય ને?

—'પુ-શુ-તાન'

બે પગે ચાલતું હતું. તેનું મોઢું ને બીજાં અવયવો માણસના જેવાં જ હતાં.

અમે બંને એકબીજા સામે કુતૂહલપૂર્ણ દૃષ્ટિથી કેટલીક ક્ષણ પર્યંત જોતા ઊભા રહ્યા. કદાચ હું જેટલો તેને વિચિત્ર ગણતો હતો; તેટલો જ વિચિત્ર તે પણ મને ગણતો હોય. પણ તરત જ તેણે પોતાની દિશા બદલી અને ઝડપથી બાજુની ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો. થોડી વારે હું પણ સામે કિનારે, ટેકરા પર, તે જે જગ્યાએ ઊભો હતો ત્યાં પહોંચ્યો અને જોયું તો ત્યાં તેનાં, આપણા માણસ જેવાં પણ લગભગ ૧॥ હાથ જેટલાં લાંબાં તેમજ પ્રમાણમાં પહોળાં પગલાં પડેલાં જોયાં.

આટલા પરથી હું એવા અનુમાન પર આવું છું કે તે કદાચ તમે કહો છો તેવો હિમ-માનવ હશે. બીજું તે મોટે ભાગે શાકાહારી હોવો જોઇએ, નહિતર તેણે મારા પર હુમલાની ચેષ્ટા કરી હોત. તેનામાં આપણા જેવા સામાન્ય ૧૫-૨૦ માણસો જેટલી તાકાત તો હોવી જોઈએ. સાંભળવા પ્રમાણે આ માનવો બરફમાં તેમજ બહાર પણ અદૃશ્ય થઈ જઈ શકે છે!

યોગાનુયોગ 'કુમાર'ના બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકની માધુકરીમાં પણ આવો જ એક પ્રસંગ અમે આપ્યો. હતો તે આ નીચે ઉતારીએ છીએ: તિબેટિયનો તો આ અદ્‌ભુત હિમપુરુષની અનેક વાતો કરે છે. સૈકાઓથી તેમની લોકકથાઓમાં તેનો ઉલ્લેખ થયાં કર્યો છે. લાંબા વાળથી ઢંકાએલો એ માનવ બરફની અગોચર અગમ્ય ધારો પર વસે છે એમ મનાય છે. અને એનું નામ લેતાં તિબટવાસીઓ ભયભીત બને છે. સીનૉર એ. ટૉમ્બાઝી નામનો એક ઇટાલિયન શોધક ૧૫,૦૦૦ ફીટની ઊંચાઇના-ત્રિવેણીગંગાના શિખરો પર ફોટોગ્રાફિક નોંધ કરવા એકબે વર્ષ રહ્યો હતો. તે એક વેળા પોતાના અત્યંત દૂરદર્શી દૂરબીનથી ભવ્ય ગિરિમાળાઓ પર નજર ફેરવતો હતો એવામાં તેને આશ્ચર્ય થાય એવી ઊંચાઇ પર વાળથી ઢંકાએલું, માનવી જેવું કોઈક ટટ્ટાર ચાલી જતું દેખાયું.

કેટલી યે મિનિટો સુધી તેના પર તેણે દૂરબીન ટકાવી રાખી જોયું તો તે માણસની પીઠ દેખાતી હતી. અને તે તેના જબરદસ્ત પચથી પહાડ પર ઊગેલી ઝાડી કાપતો અટકતો આગળ જતો હતો. તે ઉપર ને ઉપર ગતિ કર્યે જતો હતો. આ બનાવથી કુતૂહલ ઊપજવાથી તે એ જગ્યા ઉપર જવા ઊપડ્યો અને કેટલાક કલાકોએ અને ઘણી મુસીબતે ત્યાં પહોંચ્યો. ત્યાં તેણે બરફમાં ચોખ્ખાં પગલાં પડેલાં જોયાં તે બધાં છ ઈંચની લંબાઇનાં અને આંગળાં આગળથી પહોળા પંજાવાળાં, પણ માણસને મળતાં જ હતાં. ૧૯૨૨માં એવરેસ્ટ પર જનાર અંગ્રેજ શોધકોને ૨૨,૦૦૦ ફીટ ઉપર એવાં જ પગલાં દેખાયાં હતાં.

જાઝ

સંગીતના આ પ્રકારનું નામ તો ઘણાએ સાંભળ્યું હશે. તેનો ઉદ્‌ભવ અને તેની સૌથી સમૃદ્ધ અભિવ્યક્તિ પણ અમેરિકામાં જ થઇ છે.

જાઝ સંગીત જોશીલું, પ્રવાહી ને અત્યંત ખડતલ છે. ઘણા રૂઢિચુસ્ત લોકોએ એની નિંદા કરી તે છતાં તે વિકસ્યું છે. પચાસ વર્ષ પૂર્વે જાઝ ફક્ત જુગારખાનાંમાં અને હલકા લત્તાઓમાં સભળાતું. આજે દુનિયાનાં શ્રેષ્ઠ વાદ્યવૃંદોએ વાપરેલાં સભાગૃહોમાં જાઝ પણ રજૂ થાય છે.

જાઝનો પ્રારંભ હબસી જાતિના શક્તિશાળી લોકસંગીત તરીકે થએલો. એ પ્રજાના આનંદના સ્વયંભૂ આવિર્ભાવ તરીકે જાઝ શરૂ થએલું. આજે જોકે એ જટિલ અને વિકસિત થઈને લોકસંગીતની સરળતાથી ઘણું દૂર ચાલ્યું ગએલું છે.

જાઝના 'લય'ની ઉત્પત્તિ આફ્રિકામાં થએલી છે, પણ તેનાં બીજાં બે અંગો 'સ્વર' અને 'સવાદ' તો હમેશાં વિશ્વવ્યાપી રહ્યાં છે. આફ્રિકન આદિવાસીઓના જંગલી ઢોલના અવાજનું, મંત્રોચ્ચારના સ્વરો સાથે તથા યુરોપના વૉલ્ટ્ઝ પૉલકા ને ક્વોડ્રિલ જેવાં ત્વરિત નૃત્યોના સ્વરતાલ સાથે તેમજ કેરીબીઅનમાંથી સ્વરપક્તિઓ ને અહીંતહીંથી મળી આવેલા બીજા કટકાઓ સાથે મિશ્રણ કરીને એક સમૃદ્ધ અને કંઇક વિચિત્ર એવું આ જાઝનું નવું જ સર્જન કરવામાં આવ્યું.

પણ આધુનિક જાઝના તરતના પૂર્વજ તો 'બ્લ્યુઝ'. આ 'બ્લ્યુઝ' એ હબસી સંગીતનો એક વિશુદ્ધ પ્રકાર છે અને તે અતિ સ્થિતિસ્થાપકતાપૂર્વક ગાઇ શકાય છે. એનો આદ્ય હબસી સર્જક ડબ્લ્યુ.સી. હૅન્ડી, હમણાં આ મહિને જ ૮૪ વર્ષની પાકટ વયે મરણ પામ્યો. આજથી લગભગ અર્ધી સદી પહેલાં ઈ. ૧૯૦૯માં અમેરિકાના મેમ્ફિસ નગરના મેયરની ચૂંટણી પ્રસંગે તેના બૅન્ડ માટે હૅન્ડીએ હબસી સંગીતની સૂરાવલિઓ ઉપર એક નવું જ સંગીતઆયોજન કર્યું. એણે લોકહૈયાંને ઝડપી લઇને એટલાં તો મુગ્ધ-મસ્ત કર્યાં કે એ બૅન્ડની સૂરાવલિઓને બળે એ ઉમેદવાર મેયરપદ મેળવવામાં સફળ થયો, એટલું જ નહિ પણ એ સંગીતના સૂર એટલા તો લોકપ્રિય થયા કે પાણીના ઘોડાપૂર પેઠે અમેરિકાભરમાં ફરી વળ્યા અને 'મેમ્ફિસ બ્લ્યુઝ'ને નામે ખ્યાત થયા. એની કૈંક ગ્લાનિભરી અને મનમાં ઘૂમરાયા કરતી સૂરાવલિએ ઘણા શાસ્ત્રીય સંગીતના ઉસ્તાદો પર પણ અસર કરી છે અને આજે તો દુનિયાભરમાં 'બ્લ્યુઝ'નું નામ માનસ્થાને છે.

જાઝ સંગીતનું મુખ્ય તત્ત્વ તે અભિવ્યક્તિની સ્વતંત્રતા છે. કોઇ પણ જાઝ સંગીતકાર પોતાના હરીફનું અનુકરણ નહિ કરે. તે હમેશાં કંઇક નવું જ કરી બતાવવાનો. સ્વતંત્ર સર્જન ઉપરના આ ભારને લીધે

સંશોધક ચંદ્રક: ગુજરાત સંશોધન મંડળ, મુંબઇ તરફથી ૧૯૫૭ની સાલમાં પ્રસિદ્ધ થએલા મુખપત્રોમાંના લેખોમાં 'બહિષ્કૃત જાતિઓના ઉદ્યોગો' એ શિર્ષકવાળો લેખ શ્રેષ્ઠ ગણવામાં આવ્યો હતો ને એના લેખક ડૉ. બી. વી. પંડ્યા(અર્થશાસ્ત્રના પ્રધ્યાપક સિદ્ધાર્થ કૉલેજ, મુંબઇ)ને '૧૯૫૭નો સંશોધક ચંદ્રક' અર્પણ કરવામાં આવ્યો હતો.

કેટલાંક ખરાબ પરિણામ પણ આવ્યાં છે: સાધારણ સંગીતકારો પણ પોતાની બે બદામની કામગીરીને પણ અભિવ્યક્તિની સ્વતંત્રતાને નામે ચલાવી શક્યા છે! પણ બીજી બાજુ જાઝનું જમા પાસું એ છે કે એણે ગંભીર સંગીતકારોની શોધક શક્તિને પૂરેપૂરો અવકાશ આપ્યો છે. ભારતીય સંગીતકારોમાં પણ જાઝને ઘણા ભક્તો સાંપડ્યા છે.

૧૯૪૦ સુધી જાઝ માત્ર એક નૃત્યના અક્કડ તાલને વળગી રહ્યું હતું ને તેનો મુખ્ય ભાર બીજા અને ચોથા સ્વર પર હતો. પણ ચાર્લી પાર્કર અને ડિઝી ગિલેસ્પી જેવા માણસોએ એ તાલને પ્રવાહી બનાવ્યો અને પછી આ પ્રગતિશીલ શૈલીએ પ્રયોગો કરનારાઓના વિચારો લઈને તેને અસરકારક ઘાટ આપનાર ડેવ બ્રુબેક થયો. શાસ્ત્રીય સંગીતના રૂઢ ભક્તો પણ હવે આ પ્રગતિશીલોને સાંભળવા લાગ્યા છે.

શેક્સપીઅરની તમામ કૃતિઓની ગ્રામોફોન રેકર્ડો

વિદેશોમાં અંગ્રેજી સાહિત્યના અભ્યાસને વેગ અર્પવાનું કાર્ય કરી રહેલી બ્રિટિશ કાઉંસિલ પાસે થોડાં વર્ષથી શેક્સપીઅરનાં તમામ નાટકોની રેકર્ડો માટે સતત માગણી આવતી રહી છે. આથી શેક્સપીઅરની તમામ કૃતિઓ—સર્વ નાટકો તથા કાવ્યોનું ધ્વનિમુદ્રણ કરવાનું કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે. અને ઈ. ૧૯૬૪માં શેક્સપીઅરની ૪૦૦મી જન્મજયન્તી સુધીમાં મોટા ભાગની રેકર્ડો તૈયાર થઈ જવાની ધારણા છે. શાળા-મહાશાળાના વિદ્યાર્થીઓ અને ધંધાદારી નટોને આથી પુષ્કળ લાભ થશે; કેમકે આંગ્લ અદાકારો દ્વારા તેના પ્રત્યક્ષ પ્રયોગો નિહાળવાની તક જેમને નથી તેવા દેશો આવી રેકર્ડો માટે ખૂબ જ ઉત્સુક રહે છે. અત્યાર સુધીમાં વિશ્વને એક છેડે વાંકુવરથી માંડીને બીજે છેડે હોંગકૉંગ સુધીનાં વિશ્વવિદ્યાલયોએ ઉક્ત રેકર્ડો માટેની વરધીઓનો ધોધમારો ચલાવ્યો છે.


આ માસ (એપ્રિલ) ઈતિહાસમાં

દિનવિશેષ

તા. ૩ જગતના સર્વોચ્ચ શિખર એવરેસ્ટ પર હવાઈ વિમાનોનું પ્રથમ-ઉડ્ડયન, ૧૯૩૩.
તા. ૪ યુનાઇટેડ સ્ટેટ્સ ઓવ અમેરિકાનો રાષ્ટ્રધ્વજ અસ્તિત્વમાં આવ્યો, ૧૮૧૮.
તા. ૮ પંજાબના ક્રાંતિવીર ભગતસિંહે વડી ધારાસભામાં બૉંબ ફેંક્યો, ૧૯૨૯.
તા. ૧૩ ભારતની સ્વાતંત્ર-આકાંક્ષાને દાબવા થએલો જલિયાંવાલા બાગનો હત્યાકાંડ, ૧૯૧૯.
તા. ૧૬ મધ્ય-દક્ષિણ ભારતને આવરી લેતી જી.આઈ.પી. રેલ્વે ખુલ્લી મુકાઈ, ૧૮૫૩.
તા. ૨૧ બાબરે દિલ્હી જીતી લેતાં હિંદમાં મુઘલ સલ્તનતનો પાયો નંખાયો, ૧૫૨૬.
તા. ૨૨ પહેલા મહાયુદ્ધમાં યુદ્ધભૂમિ પર પહેલી જ વાર ઝેરી ગૅસનો ઉપયોગ થયો, ૧૯૧૫.

વ્ય.ત્રિ.: કર્નલ જોરાવરસિંહજી ગોહિલ

શીલ સંસ્કારિતા અને શૌર્યના વિરલ ત્રિવેણીસંગમ સમા, ગુજરાતના વીર સેનાની



અને પરાક્રમી ભદ્ર પુરુષ સ્વ. કર્નલ જોરાવરસિંહજી ગોહિલનો જન્મ સૌરાષ્ટ્રમાં ભાવનગર રાજ્યના દેવાણી ભાયાત કુટુંબમાં હરિસિંહજી જેસાભાઈ વઝીરને ઘેર ભૂજપરામાં ઇ. સ. ૧૮૮૬ની ૧લી એપ્રિલે થયો હતો. એમનાં માતાનું નામ માજીરાજબા.હરિસિંહજી ભાવનગરના મહારાજા તખ્તસિંહજીના વઝીર, કાઠિયાવાડના પહેલા મૅટ્રિક અને રાજદ્વારી વર્તુળમાં કુશળ મુત્સદ્દી તરીકે જાણીતા હતા. રાજકોટની રાજકુમાર કૉલેજ ને ભાવનગરની આલ્ફ્રેડ હાઇસ્કૂલ તથા સામળદાસ કૉલેજમાં કેળવણી લઇ જોરાવરસિંહજી ૧૯૦૧માંઇન્ટરની પરીક્ષા પાસ કરી દહેરાદૂનમાં ઇમ્પિરીઅલ કડેટ કોરમાં દાખલ થયા અને ત્યાં ૧૯૦૫માં લશ્કરી તાલીમ પૂરી કરી, આખરી પરીક્ષામાં પહેલે નંબર ઉત્તીર્ણ થઈ. 'કિંગ્સ કમિશન' મેળવ્યું. ૧૯૦૮માં તેઓ બી.એ. થયા.

દહેરાદૂનથી આવી ભાવનગરની ઈમ્પિરીઅલ લાન્સર્સના કમાન્ડિંગ ઑફિસર થયા. ઈ. ૧૯૧૧માં શહેનશાહ પાંચમા જ્યૉર્જની તાજપોશી વખતે હિંદના લશ્કરી પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે લંડન ગયા અને ઈ. ૧૯૧૪માં વિશ્વયુદ્ધ વખતે ભાવનગરે મોકલેલા લશ્કરની સરદારી લીધી અને 'મિલટરી ક્રૉસ' મેળવ્યો. આ માન મેળવનાર તેઓ પ્રથમ જ હિંદી હતા. તે પછી ત્યારના વાઈસરૉય લૉર્ડ હાર્ડિંજના ને પછીથી લૉર્ડ ચૅમ્સફર્ડના એ.ડી.સી.ની કુશળ કામગીરી બજાવી.

એમની કુશાગ્ર રાજદ્વારી કુનેહથી આકર્ષાઇને પન્નાના મહારાજાએ એમને દીવાન બનાવેલા.બે વર્ષ પછી ભાવનગરની કાઉન્સિલના મુખ્ય મંત્રી તરીકે ૧૯૩૬ સુધી કામ કરી ફરી પન્નાના મુખ્ય પ્રધાન તરીકે ગયા.

૧૯૨૬માં હિંદમાં લશ્કરી કૉલેજ કાઢવા તથા લશ્કરમાં હિંદી અમલદારોની ભરતી કરવાનું વિચારવા માટે નીમાએલા સ્કીન કમિશનમાં પંડિત મોતીલાલ નેહરુ, કાઇદે આઝમ ઝીણા તથા સર ફિરોઝ શેઠનાની જોડે એમને પણ લીધેલા. એ કમિશને જે નિવેદન તૈયાર કરેલું તેમાં એમના લશ્કરી જ્ઞાન તથા દૂરંદેશી માટે પં.મોતીલાલજીએ ખાસ નોંધ લખી હતી.

પોતે એક જ વાર રાત્રે મોડેથી જમતા અને સવારે વહેલા ઊઠી ગીતાનો નિત્યપાઠ કરતા. ઉચ્ચ શિકારી હોઈ એમનું નિશાન અચૂક બનતું. પાણીદાર ઊંચા ખવાસના ઘોડાઓનો અને ઘોડાની શરતનો પણ એમને શૉખ હતો. ૫મી સપ્ટેમ્બર ૧૯૪૭ના શુક્રવારની રાત્રે૬૪વર્ષનીવયેએમનુંઅવસાનથયું.

પ્રસંગવિશેષ: મહારાજા શિવાજીનું અવસાન ૫મી એપ્રિલ ઇ. ૧૬૮૦

ઔરંગઝેબના શાસનકાળથી જ મુસ્લિમ રાજસત્તા સામે બંડો થવા લાગ્યાં હતાં. પરંતુ મુઘલો માટે ખરો ભય તો શિવાજીનો હતો. તે શૂરવીર સરદાર ગેરિલા યુદ્ધનીતિનો કુશળ નેતા અને ભારે હિંમતવાળો હતો. બહાદૂર અને કસાએલા ઘાટીઓનું તેણે એક જૂથ ઊભું કર્યું હતું અને એની સહાયથી તેણે ઔરંગઝેબના ઘણા કિલ્લાઓ જીતી લીધા ને ૧૬૮૦માં ૫મી એપ્રિલે તેનું અવસાન થયું ત્યાં સુધી તેની જીતો ચાલુ રહી. તેનો રાજ્ય અમલ પણ ઘણો વ્યવસ્થિત હતો. પણ તેના પુત્રમાં એ આવડતો નહોતી. મુઘલોએ તેને રીબાવીને માર્યો. પણ શિવાજીએ મુઘલ રાજ્યમાં જે ગાબડાં પાડ્યાં હતાં તે માર્ગે દખ્ખણમાં ઘણા સુબાઓ મુઘલોથી છુટા પડી સ્વતંત્ર થઈ ગયા. જેમાંથી પેશ્વાઈ અને દ. હૈદરાબાદ મુખ્ય હતાં. તેમાં યે પેશ્વાઓ તો પોતાની સત્તા અતિશય વિસ્તારી દઇ દિલ્હીના સામ્રાજ્યના લગભગ વારસ બની રહેલા.

જા જિયો ત સક્કર થિયો, સુણો મુંજા શેણ;
મરી વેંધા માડુડા રઈ વેંધા વેણ.*

ફિલ્ડમાર્શલ હેગ બહુ ઉગ્રશાસકહતો. તેણે પહેરા વખતે સિગારેટ પીવાની મનાઈ ફરમાવેલી. એક વાર એક સંત્રી એકાંત જાણીને ચૂપકીથી સિગારેટ પીતો હતો ત્યાં હેગ આવી ચડયો. તેને જોઇને પેલાએ સિગારેટ જમીન પર ફેંકી દીધી કંઇ પણ બોલ્યાચાલ્યા વિના ઘોડા પર બેઠાં બેઠાં જ અતિશય કઠોર ચહેરે હેગ જમીન પર પડેલી એ સિગારેટમાંથી નીકળતી ધુમાડાની પાતળી રેખા તરફ અનિમેષનેને —એકીટશે જોઇ રહ્યો,—તે છેક એ સિગારેટનું છેલ્લું કણ બળીને ખાખ થઈ ગયું ને ધુમાડો તદ્દન અદૃશ્ય થયો ત્યાં સુધી. અને પછી એક પણ હરફ બોલ્યા વિના ચાલ્યો ગયો. તે પછી કોઇએ કદી પહેરા ઉપર સિગારેટ પીધી નથી.

અનેકાર્થી શબ્દ : સર=નાયકનો ઉપરી, મુખી; પાનાંની રમતમાં હુકમ; સાહેબ; લશ્કરની આગલી હાર, તાબે, અધીન; મુખ્ય; ને વાસ્તે; પ્રમાણે, રૂએ; આરંભ; ઇરાદો, અવાજ; કાંઠું; બરુ; ચિયોડાની જાંગીનું જાડું લાઠિયું; ચોક; છેડો; દોરાની પરોણી; પ્રેમ; અંગ્રેજી 'શેર'નું અપભ્રંશ–'હિસ્સાપત્ર'. વીસ માંહેનો એક સામાન્ય ગુણ; તાજું દોહેલું દૂધ; સાતની સંજ્ઞા; પ્રમાણપત્ર; વ્યાજ ગણતાં મુદ્દલ મુદતનો ગુણાકાર; કાનના પડદાની બહારનો ભાગ; સાંકળી; ગળાની સેર; અજગર; એક વખત ચાસ[illegible]ીરીને વાવવું તે; જવું, સરકવું તે; તળા[illegible] તોડવું તે; દહીંની તર; પાણી; પાણીનું ઝર[illegible] પીપરીમૂળ; પ્રવાહી દવા; બાણ; ભેદવું તે; માખણ; માથું; લવણ, મીઠું; શય્યા; શિખર કે ટોચ, મથાળું; જનાર; તોડનાર; ભેદનાર.

કહેવતોના અર્થ: 'મરવું ત્યારે મુહૂર્ત શું?' —કોઇ અંતિમ કે પારગામી નિર્ણય લઈ જ નાખવાનો હોય એ વખતે આનાકાની કરનારને શીખરૂપે વપરાતી અથવા કોઇ સાહસને ટાણે સાંકડું મન ન રાખવા માટે અથવા પોતાના હિતનું પગલું છડેચોક ભરવા માટે વપરાતી આ કહેવતના જેવી જ બીજી ગ્રામ્ય કહેવતો: 'સાથરો ત્યારે સાંકડો શો? ને તરકડો માટી ત્યારે રાંકડો શો?' (એટલેકે કોમ બહાર જ લગ્ન કરવું હોય તો પછી ગરીબ શા માટે શોધવો?); 'નાતરે જવું ને દહાડા શા ગાળવા?'

કપડા પર પડેલા બૂટ-પાલિસના ડાઘ, તે પર મેથિલેટેડ ઘસવાથી અને છેલ્લે સાબુના પાણીમાં ઉકાળવાથી નીકળી જશે.



દેખાવમાં લંબાઈ વધારે જણાય છે, પણ ભમરાની લંબાઈ અને તેની પાંખ સુધીની પહોળાઈ બંને સરખાં જ હોય છે.

પહેલો અને છેલ્લે આંકડો જુદાજુદા હોય તેવી ત્રણ આંકડાની રમત ધારવાનું કહો. તેને અવળી કરી, બીજી રકમ બનાવવાનું કહો. હવે એ બંનેની બાદબાકી કરાવી, બાદબાકીને ખુશી પડે તે રકમ વડે ગુણાવો. એ ગુણાકારમાંથી ગમે તે આંકડો (મીંડાં સિવાય) છેકી નખાવો અને બાકીની રકમ પૂછો. હવે તમે, તેણે કહેલી રકમના આંકડાનો સરવાળો કરો. તેને નવ વડે ભાગતાં જે શેષ વધે તે નવમાંથી બાદ કરો જે વધે તે જ તેણે છેકી નાખેલો આંકડો.



અંગ્રેજી મૂળાક્ષરનો તેરમો અક્ષર 'એમ' ઇજિપ્તની ચિત્રલિપિ હાયેરોગ્લિફમાંના ઘુવડની આકૃતિમાંથી વિકાસ પામતો પામતો આજના સ્વરૂપે કેમ પહોંચ્યો તે દર્શાવતી ઉપલી તકતીમાં તેના અનુક્રમે હાયરેટિક, ફીનીશિયન, જૂની ગ્રીક, લૅટિન તથા હાલના ઘાટ નિરૂપ્યા છે; અને નીચલી તકતીમાં તેનાં કૅપિટલ તથા નાના રૂપના લેખન મરોડ જે ક્રમે વિકસ્યા તે–હિબ્રૂ, ગ્રીક, રોમન ઍંગ્લો-સૅક્સન, ગૉથિક, જૂની અંગ્રેજી, જર્મન, કેલ્ટિક, એન્ગ્રોસિંગ, ઇટાલિક, ટ્યુડર, વિક્ટોરિયન અને હાલનાં રૂપ બતાવ્યાં છે.

વાળને કાળા ને ચમકદાર કરવા માટે સૂકાં આમળાંના બારીક ચૂર્ણને લીંબુના રસમાં કાલવી લગાવી જોજો.

*(જો) જીવતો સાકર બનો સાંભળો મારા ભાઈ! મરી જશે માનવી અને તેનાં રહી જશે વેણ.



કલાકણિકા: વાસણો પર માણસે કદાચ સૌથી વધુ કલા ઉતારી છે, એવી રકાબી.





'અનુભવે બતાવ્યું છે કે કેવળ મનસ્વીપણે શિલ્પ કે ચિત્ર દ્વારા કરેલી ભાવોની અભિવ્યક્તિ 'કલા' બની નથી જતી. કોઇ વિશિષ્ટ ઉદ્રેકથી પ્રકટેલી એવી જ વિશિષ્ટ શૈલીથી જ્યારે પ્રકટ થાય છે ત્યારે જ ખરી કલાનો આવિર્ભાવ થાય છે. 'લાગણી' એ સ્વાનુભવજનિત હોઇ 'વસ્તુ' બને છે; અને 'શૈલી' પરાનુભવલક્ષી હોઇ 'રૂપ' કે 'ઘાટ' બને છે. પછી 'લાગણી'ને વસ્તુનું સ્વરૂપ ધારણ કરાવવા માટે કલાકારમાં 'કલ્પના' કે 'દૃષ્ટિ' જોઇએ... અને, એને પછી વિસ્તારને અનુરૂપ ઘાટથી, શિલ્પમાં ઘન આકારોના પ્રવાહી સાયુજ્યથી, તથા ચિત્રમાં રેખા અને રંગના સામંજસ્યથી દૃશ્ય રૂપે અવતારવામાં આવે ત્યારે સાચી કલા પ્રકટે છે. આ સાથેની કૃતિઓ એવી ભાષા કથે છે. શિલ્પોની પ્રવાહી રેખાઓ કોઈ રાગિણીના લય જેવી લાગે છે, અને ચિત્રોનું રેખાસામર્થ્ય તથા રંગમાધુર્ય કોઈ સ્વપ્નશીલ ભાવસૃષ્ટિ રચે છે.'

ડાબી બાજુ મથાળે: 'જીવનસાથી' (શિલ્પ-વિઠ્ઠલ)ડાબી બાજુ નીચે: 'સ્વપ્નશીલ' (શિલ્પ-વિઠ્ઠલ) નીચે ↓ 'ભગ્નાશ' (ચિત્ર-પ્રભા); જમણી બાજુ: 'ચાંદામામા' (ચિત્ર-પ્રભા)







પ્રભા ને વિઠ્ઠલ બડગેલવારની કૃતિઓ

એ કલાકાર દંપતીનો પરિચય 'કલાવાર્તા'માં

'કુમાર' એપ્રિલ ૧૯૫૮ · સળંગ અંક ૪૧૨ · છૂટક નકલનો રૂ. ૧) પરદેશમાં રૂ. ૧-૨૫ April 1958 KUMAR Regd. No. B. 1808



નીલકંઠ : ફોટો–આર. આર. ભારદ્વાજ

કૅમેરા-કલાના કીમિયાગર સમાન ગણાતા જાણીતા ફોટો-કલાકાર શ્રી આર. આર. ભારદ્વાજે હિમાલયનાં સેંકડોની સંખ્યામાં ચિત્રો પાડ્યાં છે. એમાં ૧૦,૨૦૦ ફૂટ ઊંચે આવેલા ભારતખ્યાત યાત્રાધામ બદરીનાથનું નાનકડું ગામ જેની નિશ્રામાં પથરાઇને પડ્યું છે તે પ્રસિદ્ધ પવિત્ર હિમાલય-શિખર 'નીલકંઠ'નું આમાં અધૂકડું પણ અદ્‌ભુત દર્શન છે. હિમાલયની ઉત્તુંગ ગિરિમાળાઓમાં લગભગ ૨૨,૦૦૦ ફૂટ ઊંચું નીલકંઠ બદરીનાથની પાછળ માત્ર પાંચ જ માઇલ પર આવેલું છે. ઉપલે ડાબે ખૂણે ધવલોજ્જ્વલ નીલકંઠ અને નીચે વિસ્તરેલું બદરીનાથ, એ બન્ને મળીને, વચ્ચેનો મોટો ભાગ રોકતા મામૂલી ડુંગરને મહત્ત્વથી મઢી દે છે.